




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


૧. ગુરુ નહીં પણ સદ્ગુરુ પ્રત્યે નિષ્ઠા જાગૃત કરો ૧.
૨. સ્વાધીન-સ્વતંત્ર રહેવું હોય તો 'સ્વ'ની સાધના કરો ૨.
૩. વયં રાષ્ટ્રે જાગૃયામઃ પુરોહિતાઃ ૩.
૪. પરમ પૂજ્ય ગુરુદેવનાં સ્વપ્નોનું ભારત ૪.
૫. જાગો વીર બલિદાની ૧૦.
૬. સાધકો કેવી રીતે તૈયાર કરવા ? ૧૩.
૭. પરોક્ષ જગતથી સંચાલિત આપણું વિચાર-ક્રાંતિ અભિયાન ૧૬.
૮. નારીજાગરણ માટે દરેક જણ સહકાર આપે ૨૧.
૯. લગ્નના ઉન્માદને દૂર કરવાની રીત ૨૩.
૧૦. ક્રૂરતા પર ટકેલ માંસાહાર ૨૬.
૧૧. વિરાટ પ્રજ્ઞાપુરુષ ગુરુદેવ જેમનાં પાંચ સ્થૂળ શરીર હજુ પણ આપણી વચ્ચે છે ૨૮.
૧૨. સત્પ્રવૃત્તિઓનું સંવર્ધન કરી પરિવારને સ્વર્ગ જેવું બનાવો ૩૫.
૧૩. શરાબથી ખૂદ દૂર રહો અને બીજાને દૂર રાખો ૩૮.
૧૪. પરમવંદનીયા માતાજીની અમૃતવાણી-માતૃવાણી-ભગવાન ભાવના ભૂખ્યા હોય છે ૪૦.
૧૫. આત્મીય અનુરોધ ૪૬.


### ક્રાંતિ વિશેષાંકના અન્ય સહયોગીઓ

ભગવતી બેન રામચંદ્ર પટેલ વડોદરા ૪૦૦ અંક, ગોવિંદભાઈ પરમાર આલીદર ૩૭૦ અંક, નરેશભાઈ જે. પંડ્યા નંદેસરી વડોદરા ૩૬૦ અંક, તાલુકા ગાયત્રી પરિવાર શાખા સંતરામપુર ૫૦૦૦, રમણભાઈ સી. પટેલ બામણિયા સુરત ૧૦૦૮ અંક, ગાયત્રી પરિવાર શાખા ઘોડાસર અમદાવાદ ૧૦૦૮ અંક .

જુલાઈ મહિનાથી યુગ શક્તિ ગાયત્રી પત્રિકા અમારા પ્રિય પાઠકો સુધી કોઈ ને કોઈ કારણે વિલંબથી પહોંચી રહેલ છે. જેનો અમને ખેદ છે. આગામી મહિનાઓથી પત્રિકા સમયસર પહોંચે એવો પ્રબંધ કરેલ છે. ઓક્ટોબર મહિનાની પત્રિકા વંદનીયા માતાજીને શ્રધ્ધાંજલિ રૂપે પ્રકાશિત થશે. જેમાં ગાયત્રી જયંતીના ઉદ્ઘાટન પ્રસંગના રંગીન ચિત્રો પણ પ્રકાશિત થશે.

યુગ શક્તિ ગાયત્રી પત્રિકામાં પ્રકાશિત તમામ લેખો તેમજ અભિવ્યક્તિઓ પૂજ્ય ગુરુદેવના વિપુલ સાહિત્ય સાગરમાંથી લાખો પાઠકોનાં હિતમાં પ્રસ્તુત કરવામાં આવે છે. ધાર્મિક, આધ્યાત્મિક તેમજ સામાજિક માર્ગદર્શનના પોષણ માટે યુગ શક્તિ ગાયત્રી પત્રિકા સમાજ સુધી પહોંચવી આવશ્યક છે. પોતાના ક્ષેત્રમાં આ મિશનની વિચારધારા ઘરે-ઘર પહોંચાડવા પત્રિકાના વધુ ગ્રાહક બનાવવા પ્રયત્ન કરશો.

### આસો નવરાત્રિ

આ વખતે આસો નવરાત્રિ તારીખ ૨ ઓક્ટોબરથી શરૂ થશે. નવરાત્રિઓમાં જપ-તપનું ખૂબજ મહત્વ છે. સામૂહિક રૂપે અનુષ્ઠાન થાય તો એનો પ્રભાવ ખૂબજ વધી જાય છે. જેથી બધા જ પરિજનો નજીકની ગાયત્રી શક્તિપીઠ, પ્રજ્ઞાપીઠ, પ્રજ્ઞા મંદિર અથવા ગાયત્રી પરિવાર શાખામાં જઈ સામૂહિક રૂપે સાધના કરશે એવી અપેક્ષા છે.




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક/સંરક્ષક :
વેદમૂર્તિ તપોનિષ્ઠ યુગદૃષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા
સંપાદક :
પં. લીલાપત શર્મા

: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા-૨૮૧ ૦૦૩
: ટેલિફોન :
(૦૫૬૫)૪૦૪૦૦૦,૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા
આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડોલર/ ૪૦૦ રૂપિયા
આજીવન : ૧૦૦ પાઉન્ડ/ ૧૫૦ ડોલર/ ૪૫૦૦ રૂપિયા
વર્ષ - ૨૭ અંક - ૯
સપ્ટેમ્બર - ૧૯૯૭

## ગુરુ નહીં પણ સદ્‌ગુરુ પ્રત્યે નિષ્ઠા જાગૃત કરો

ગુરુપૂર્ણિમાનું પર્વ અનુશાસનનો સંદેશ લઈને આવે છે. દરેક સાધકે આત્માનુશાસનની ક્ષમતાને જાગૃત અને વિકસિત કરવી જોઈએ.

ગુરુ કોઈ વ્યકિત નથી પરંતુ સત્ માર્ગ પર આગળ જવા માંગતા જિજ્ઞાસુ સાધકોને માર્ગદર્શન તથા સહારો આપનાર ઈશ્વરીય ચેતનાનો જ એક અંશ છે. આ દિવ્ય ચેતના દરેકના અંતઃકરણમાં રહેલી હોય છે, તેને જ સદ્‌ગુરુ કહે છે.

"ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ"નું સંબોધન પણ કોઈ વ્યક્તિને નહીં પરંતુ તે ચિરંતન શક્તિને ઉદ્દેશીને જ થાય છે. મનુષ્યના રૂપમાં રહેલા સાચા ગુરુમાં પણ તે જ ચેતના વિકસિત અને શક્તિરૂપમાં રહેલી હોય છે. શરીરધારી ગુરુ તો પોતાના અંતઃકરણમાં રહેલ સદ્‌ગુરુને જાગૃત અને વિકસિત કરવામાં ફકત મદદ જ કરી શકે છે. તેમની આ જ ઉપયોગિતા છે.

વર્તમાન યુગમાં 'ગુરુ' બનવું એક શોખ અને ઢોંગ માત્ર બની ગયો છે અને તેથી 'ગુરુ' શબ્દ કટાક્ષમાં વપરાય છે ત્યારે ભ્રમણાઓથી બચવા માટે સીધા સદ્‌ગુરુની શરણમાં જવું જોઈએ. સદ્‌ગુરુના આદેશ અનુસાર આચરણની યુગસાધનામાં પ્રવૃત્ત રહેવાથી દિવ્ય સહાય મેળવવાની શક્તિ ધીમેધીમે વિકસિત થતી રહેશે. ભગવાન દત્તાત્રેયને જે રીતે એક બે નહીં પરંતુ ૨૪ ગુરુ મળ્યા હતા તે રીતે ઉપરોક્ત પ્રકારના સાધકોને મનુષ્ય દેહધારી અથવા તો અન્ય માધ્યમ દ્વારા માર્ગદર્શન અને સહાયનાં અનેક સ્રોતો મળતાં રહેશે.

### વર્તમાન સમયમાં યુગસૈનિકે કરવાનાં કાર્યો :

જે પરિજનોએ યુગસૈનિકનું સંકલ્પપત્ર ભરીને પ્રખર પ્રજ્ઞાસજલ શ્રદ્ધાનાં ચરણોમાં સમર્પિત કર્યું છે, તેમણે નિમ્નલિખિત કાર્યો તરત જ શરૂ કરી દેવાં :

૧. બધા યુગસૈનિકોએ ઓછામાં ઓછા સો ક્રાંતિવિશેષાંક લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરવો જ જોઈએ.

૨. બધા જ યુગસૈનિકોએ ક્રાંતિ પુસ્તકમાળા પુસ્તકોનો સેટ તરત જ મંગાવી લેવો જોઈએ. આ પુસ્તકોને જાતે વાંચો અને ઝોલા પુસ્તકાલય દ્વારા બધાને વંચાવવાનો પ્રયત્ન કરો.

૩. બધા જ યુગસૈનિકો અને સમર્થકોએ 'યુગશક્તિ ગાયત્રી' પત્રિકાના સભ્ય બનવું જરૂરી છે જેથી આંદોલનોની પૂરતી જાણકારી અને થનારાં કાર્યોની સૂચના જે તે સમયે મળતી રહે. બીજા લોકોને પણ આ પત્રિકાના સભ્ય બનાવવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

૪. પોતાના વિસ્તારમાં પ્રકાશિત થતાં સમાચારપત્રોમાં આંદોલન સંબંધી જે પણ ઉત્સાહજનક સમાચાર પ્રકાશિત થયા હોય તેનું કટિંગ દરેક યુગસૈનિકોએ અહીં મોકલતા રહેવું.

૫. યુગસૈનિકોએ ક્રાંતિવિશેષાંકને પોતાના વિસ્તારના સાહિત્યકારો, સમાજસેવકો, કવિઓ અને વિદ્વાનોને વંચાવી તેમની ચર્ચાસભાઓ ગોઠવવી જોઈએ તથા આંદોલન સંબંધી તેમના વિચારો અને માર્ગદર્શનોને નામ-સરનામા સહિત અમારી પાસે મોકલવાનો પ્રયત્ન કરવો જોઈએ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સ્વાધીન-સ્વતંત્ર રહેવું હોય તો 'સ્વ'ની સાધના કરો

સ્વતંત્રતાની ગમે તેટલી બૂમો પાડો અને સ્વાધીનતાના નામ પર ગમે તેટલું જોર લગાડો, પરંતુ જ્યાં સુધી 'સ્વ'ને સમજવાનો અને વિકસિત અને નિર્મળ કરવાનો યોગ્ય પ્રયત્ન ન થાય ત્યાં સુધી આ બધું અરણ્યરૂદન તથા નિરર્થક છે.

સ્વાધીનતા મનુષ્યતાનું ગૌરવ છે, સ્વતંત્રતા મનુષ્યનો જન્મસિદ્ધ અધિકાર છે. આ બધું ઠીક છે, પરંતુ તેનો અનુભવ કરવો જોઈએ. પરંતુ વર્તમાન સમયમાં જ્યારે જ્યારે પણ આ વિષયની ચર્ચા કરવામાં આવે છે ત્યારે તેની ગતિ રાજનૈતિક સ્વતંત્રતા અને સ્વાધીનતાની વ્યાખ્યા સુધી જ ગૂંચવાયેલી રહે છે. આ એકાંગી સ્વતંત્રતાનો પણ હજુ સુધી સંતોષ મળ્યો નથી.

સ્વાધીનતા અને સ્વતંત્રતા તો ખૂબ વિશાળ શબ્દો છે - તેમને સમજવા જોઈએ. 'સ્વતંત્ર' શબ્દ ફક્ત શાસનતંત્ર પૂરતો મર્યાદિત રહ્યો અને પરિવારતંત્ર, સમાજતંત્ર કે ધર્મતંત્રમાં આ શબ્દ ન પ્રયોજાયો તો પ્રગતિ એક ઢોંગ બની રહેશે. રાજનૈતિક સ્વાધીનતાની સીમા બહાર નૈતિક સ્વાધીનતા, વૈચારિક સ્વાધીનતા, સાંસ્કૃતિક સ્વાધીનતા, ભાવનાત્મક સ્વાધીનતા માટે પ્રયત્નો ન કરાયા તો મનુષ્ય ગમે તે એકની ગુલામીમાં જકડાયેલો રહેશે જ. તે બંધનોના નામ અને રૂપ બદલાતાં રહેશે, પરંતુ બંધન તો યથાવત્ રહેશે જ. જૂનાં બંધનો તોડ્યાનો સંતોષ મેળવ્યા પહેલાં જ નવાં બંધનોની પીડા અનુભવાશે. આ બધાં જ બંધનોને તોડવા માટે તેના મૂળ સ્રોતને જ બંધ કરવો જરૂરી છે.

અહીંયાં સ્વાધીનતાનો અર્થ નિરંકુશતા નથી અને સ્વતંત્રતાનો અર્થ ઉદંડતા નથી. 'સ્વતંત્ર'માં પણ એક 'તંત્ર' છે - વ્યવસ્થા છે, સ્વાધીનમાં પણ એક મર્યાદા છે - શાસન છે. પરંતુ આ 'તંત્ર' અને 'શાસન' 'સ્વ'થી સંચાલિત થાય છે. તેનું સંચાલન કોઈ 'પર' અથવા તેનો સંચાલક 'અન્ય' હોઈ શકે નહીં. 'સ્વ' ને સમજ્યા અને વિકસિત કર્યા વિના સ્વાધીન રહેવું કે સ્વતંત્રતાનો નિર્વાહ કરવો કંઈ જ શક્ય નથી.

'સ્વ'ને ન ઓળખો તો હંમેશાં તમારી સાથે છળ થતું રહેશે. ગુલામીનાં પડ આપણા ગળામાં બંધાયેલાં જ રહેશે. શાસનના આસન પરથી ગમે તેને હટાવી દઈએ છતાં પણ વિચારોની પરાધીનતા તો રહેશે જ. આપણે ગમે તેટલા સુધારાવાદના નારા લગાવીએ - મૂડીપતિઓ અને શોષણખોરોને હટાવી દેવા માટેના ગમે તેટલા ઉધામા મારતા રહીએ, તો પણ સમાજગત પરંપરા મૂઢ માન્યતાઓની ગુલામી આપણને ઉદાસીન અને લાચાર બનાવવા માટે પૂરતી છે. જો 'સ્વ'નો વિકાસ ન થયો તો દરેક નિયંત્રક અંતઃકરણથી માંડીને બાહ્ય વ્યવસ્થા સુધી 'પરાયા' બની રહેશે અને આપણે ગુલામ જ રહીશું.

'તંત્ર' તો એક મશીન છે - એક વ્યવસ્થા છે. દરેક તંત્રના અનેક હિસ્સા હોય છે. તંત્રના દરેક ભાગ વિકસિત અને કાર્યક્ષમ હોય તો જ કંઈક થઈ શકે છે. 'સ્વાતંત્ર્ય'ના મશીનનો 'સ્વ' રૂપી હિસ્સો આપણા 'પોતાના'થી બને છે. જ્યાં મનુષ્યનો 'સ્વ' જ વિકસિત અને શુદ્ધ ન હોય તો સ્વતંત્રતાની સિદ્ધિ કેવી રીતે થઈ શકે ? જેનો 'સ્વ' વિકસિત અને શુદ્ધ નથી તેવા મનુષ્યોને વસાહત અથવા તો રાજ્યના મશીનને બદલે 'જન' મશીનના નામે ફીટ કરી દઈએ તો શું ફરક પડશે ? મનુષ્ય પર મનુષ્ય 'સ્વ' ઉપર 'સ્વ' સવાર થતો રહેશે તો રાજા નહીં ને શાસક, નેતા કે અધિકારીના નામે તે બધું ચાલશે. સાધુઓ અને મહંતોના પાખંડમાંથી મુક્તિ મેળવવાની કલ્પના માત્ર સુખદાયક છે. બાકી આ બધું જ સમાજસેવકો અને નેતાઓના ઘૂંઘટમાં ચાલુ રહેવું જરાયે દુષ્કર નથી.

આપણને 'સ્વાધીનતા' અને 'સ્વતંત્રતા'નો લાભ જોઈએ છે પણ 'સ્વ' માટે કંઈ કરવું નથી. સ્વાધીનતા અને સ્વતંત્ર્તાના પ્રયત્નોના નામે 'સ્વ' ખૂબ ખરાબ રીતે પીસાઈ રહ્યો છે, તૂટી રહ્યો છે. 'સ્વતંત્રતા અને સ્વાધીનતા'ના પ્રેમીઓ ! ઊઠો અને 'સ્વ'નો ઉદ્ધાર કરો, તેને પોષણ આપો, સજાવો, વિકસિત કરો, સંગઠિત કરો તો જ જે શાંતિ માટે આપણું મન તડપતું રહ્યું છે તે શાંતિ પ્રાપ્ત થશે અને આપણી ઇચ્છા મુજબની ગૌરવમય સ્થિતિ પ્રાપ્ત કરી શકાશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વયં રાષ્ટ્રે જાગૃયામઃ પુરોહિતાઃ

રાષ્ટ્રની જાગૃતિ માટે ઘણા લોકો દ્વારા, ઘણી જગ્યાએ, ઘણી વખત કહેવામાં આવે છે. આમ શા માટે ? દેશનાં બધાં જ કાર્યો સારી રીતે ચાલી રહ્યાં છે. નવીન યોજનાઓ બની રહી છે. નવાં નવાં તૌર-તરીકા અપનાવાઈ રહ્યા છે. સમસ્યાઓનાં સમાધાન શોધાઈ રહ્યાં છે, તો શું આ બધું સૂતાં સૂતાં થઈ રહ્યું છે. આટલું બધું હોવાં છતાં પણ રાષ્ટ્ર જાગૃત નથી ?

આ તો સ્થૂળ દૃષ્ટિની વિવેચના થઈ. કોઈ પણ સમસ્યાનું અધ્યયન સ્થૂળ નહીં પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિએ કરવું જોઈએ તથા તેનાં આધારે સમાધાન શોધાવાં જોઈએ. આમ જુઓ તો 'મનુષ્ય' કહેવાતું પ્રાણી કંઈક ને કંઈક કરતું જ રહે છે. તે હંમેશાં સક્રિય દેખાય છે. આમ છતાં પણ મનુષ્યતાના અભાવની ઘણી વાતો થાય છે, તે પણ ખોટું નથી. સતત કાર્યરત રહેનાર મનુષ્યમાં મનુષ્યતાનો અભાવ બરાબર ખટકે છે. આવી જ રીતે દેશના કહેવાતાં કામકાજો વચ્ચે રાષ્ટ્રીયતાની ભાવનાનો અભાવ અનુભવાય છે અને તેના નિવારણ માટે કરેલા પ્રયત્નો સાર્થક ન થતાં દરેક દેશપ્રેમીનું અંતઃકરણ ચીત્કાર કરી ઊઠે છે. નુકસાન પર નુકસાન થતું રહે છે. વિકાસ અને ઉત્કર્ષ માટેના અનેક પ્રસંગો હાથમાંથી સરકી રહ્યાં છે છતાં આપણે અજાણ છીએ. રાષ્ટ્રીય ચારિત્ર્ય, રાષ્ટ્રીય ગૌરવ, રાષ્ટ્રીય મર્યાદા, રાષ્ટ્રીય આત્મીયતા, રાષ્ટ્રીય સમૃદ્ધિ વગેરેની વૃદ્ધિ અને પ્રગતિની વાત તો દૂર રહી, તેનું કોઈ પ્રાથમિક સ્વરૂપ પણ નક્કી કરી શક્યા નથી તે વાત ચિંતાજનક છે. આવી પરિસ્થિતિ જોઈને લાગે છે કે ખરેખર દેશ તો હજુ મૂર્છા જેવી ગાઢ ઊંઘમાં સૂતો છે. તેને ચેતનવંતો, જાગૃત અને સક્રિય બનાવવા માટે વિશેષપણે પ્રયત્નો કરવા જોઈએ.

પરંતુ આ પ્રયત્નો કોણ કરે ? રાષ્ટ્રીય ચેતનાને કોણ જાગૃત કરે ? તેને કેવી રીતે વિકસાવી શકાય, સજાવી શકાય ? આ બધા માટે આપણને 'સરકાર' તરફ નજર નાખવાની આદત પડી ગઈ છે. પરંતુ આ બહુ મોટો ભ્રમ છે. જો સરકાર બહારની હશે તો સૂતેલા દેશનો ઉપયોગ પોતાના અંગત સ્વાર્થ સિદ્ધ કરવા માટે તેને સૂતેલો રાખવાનું જ પસંદ કરશે અને જો આંતરિક સરકાર હશે તો તે સુષુપ્ત સમાજનું એક અંગ છે, તેથી સૂતેલી સરકાર સૂતેલા દેશને કેવી રીતે જગાડી શકે ? જેમની દૃષ્ટિ 'સ્વ'માં મર્યાદિત છે તેમની પાસે વિશાળ દૃષ્ટિકોણની આશા રાખવી નિરર્થક છે. તેવી સ્થિતિ લાવી શકાય છે - પરંતુ હાલમાં નથી.

આ રાષ્ટ્રીય જાગૃતિનું કામ તો જાગૃત અંતઃકરણવાળા વ્યક્તિઓનું છે. જે લોકોનું મગજ પ્રચલિત માન્યતાઓ સિવાય કંઈક વિચારી શકે છે, ચીલાચાલુ પદ્ધતિમાંથી આગળ વધીને જેઓ કંઈ કાર્ય કરી શકે છે, તેવી વ્યક્તિઓ જ રાષ્ટ્રીય ચેતના જાગૃત કરી શકે છે. જેમનાં જીવનનાં કાર્યો સ્વાર્થની સીમાથી થોડાંક ઉપર છે અને જેમના સ્વભાવમાં વ્યક્તિગત હિતોને સ્થાને સામૂહિક હિત-ચિંતનની ભાવના રહેલી છે તથા જે લોકો તે મુજબનાં કાર્યો કરવા માટે થોડા ઘણા પણ ટેવાયેલા છે, તેઓ જ આ કામ માટે આગળ આવી શકે છે. તાત્કાલિક લાભની મૃગતૃષ્ણામાં ભટકનારા નાગરિકોને તેનાં દૂરગામી પરિણામો દર્શાવીને ધાર્યા કરતાં વધારે સ્થાયી લાભપ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવાની પ્રેરણા આપી શકે તેવા વિકસિત દૃષ્ટિકોણ અને સમર્થ વ્યક્તિત્વોનું આ કામ છે.

પ્રાચીનકાળમાં આવાં વ્યક્તિત્વો પુરોહિતના નામે ઓળખાતાં હતાં. પુરોહિત શબ્દમાંથી પણ એવો જ ભાવ નીકળે છે કે તાત્કાલિક લાભને બદલે દૂરદર્શી લાભની પ્રાપ્તિ માટેની વ્યવસ્થા બનાવી શકે અને હીન-


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્વાર્થોને બદલે મહાન સ્વાર્થોની સીડીઓ પર ચલાવીને લોકોને 'પરમાર્થ' સુધી ગતિ આપી શકે - તે જ પુરોહિત. પુરોહિતમાં ચિંતકના અને સાધકના ગુણો હોવા જરૂરી છે. ચિંતન અને વિશ્લેષણ દ્વારા સાચી સલાહ આપી શકે તથા પોતાની આદર્શ જીવન-પદ્ધતિથી મૂર્તિમાન પ્રેરણા બનીને રહે તે વ્યક્તિ જ પુરોહિતનું કાર્ય કરી શકે છે.

આવાં વ્યક્તિત્વો ફક્ત શિક્ષકો, વિચારકો અને બુદ્ધિજીવીઓમાં જ નહીં પરંતુ સામાન્ય જનજીવનમાં પણ છે. પોતાના જીવનમાં આદર્શનો અભ્યાસ કરતાં કરતાં વ્યક્તિગત હિતની સાથેસાથે જ સમાજહિતની કલ્પના કરી શકે તેવી વ્યક્તિ આ વર્ગમાં આવી શકે છે. સમાજનિર્માણનું અને રાષ્ટ્રજાગૃતિનું કાર્ય મુખ્યત્વે- આવાં પ્રકાશવાન વ્યક્તિત્વોનું જ છે. જો આને સંગઠિત અને વિકસિત કરી શકાય તો આ મહાન દેશ દુનિયાના મંચ ઉપર ફરી એકવાર સિંહનાદ ગજાવી શકે તેમ છે. આ પ્રયત્ન આત્મબલિદાનની કિંમત ચૂકવીને જ કરવો જોઈએ.

# પરમ પૂજ્ય ગુરુદેવનાં સ્વપ્નોનું ભારત

## ભારત તો આઝાદ થઈ ગયું, પરંતુ શું આપણે હારી ગયા ?

આજથી પચાસ વર્ષ પહેલાં જ્યારે સમગ્ર રાષ્ટ્ર સ્વતંત્રતાપ્રાપ્તિની ખુશી મનાવી રહ્યું હતું, તે સમયે સ્વતંત્રતા-સંગ્રામના બહાદુર સેનાની, અનન્ય રાષ્ટ્રભક્ત પરમ પૂજ્ય ગુરુદેવ કોઈ ઊંડા ચિંતનમાં ડૂબેલા હતા. તેઓ અખંડ જ્યોતિ કાર્યાલય, મથુરાના પોતાના એકાંત ખંડમાં બેસીને વિચારી રહ્યા હતા કે આ સ્વાધીનતાને કેવી રીતે પૂર્ણ કરવામાં આવે ? તેમની આંખો ખુશી અને ચિંતાનાં આંસુથી ભીની હતી. તેમને આજે નિશ્ચિત ખૂબ જ ખુશી હતી, કારણ કે આજે ભારતમાતાની ગુલામીની બેડીઓ તૂટી હતી. તે આઝાદ થઈ ગઈ. તેમણે પણ મા ભારતની આઝાદી માટે અનેક વીર સપૂતોની સાથે ઘણો બધો ભાગ લીધો હતો. પરંતુ ચિંતા પણ ઊંડી હતી. તેમનું હૃદય અસહ્ય પીડાથી વ્યાકુળ હતું, કારણ કે આ ખુશી ખંડિત થયેલી હતી. વિદેશી આક્રમણો જે મહાન દેશને હજારો સદીઓથી ખંડિત ન કરી શક્યાં હતાં, તેને તેનાં જ સંતાનોએ બે ટુકડામાં વહેંચી દીધો હતો. સ્વાર્થ અને અહંકારની વૃત્તિઓને વશ થઈને પોતાની માતાની છાતી પર કરવત ચલાવી દીધી.

વાત આટલે સુધી જ સીમિત ન રહી. કેટલાંક એવાં બીજ વવાયાં કે તેનો પાક ઊગતાં જ આ ભાગલા દેશના પ્રત્યેક ગામ સુધી પહોંચી જાય. જાતિ, ધર્મ, પ્રાદેશિકતા, ભાષાના નામ પર આ ભાગલાએ કોઈ કોઈ જગ્યાએ રોકકળ શરૂ કરી. ગુરુદેવે પોતાની દિવ્યદૃષ્ટિથી સ્વતંત્રતા વેળાએ જ સમગ્ર સ્થિતિ ઓળખી લીધી. તેમની આંખોમાં ભારતના નવનિર્માણનું એક સ્વપ્ન હતું. તેને સાકાર કરવા માટે તેમણે 'યુગ નિર્માણ આંદોલન'ની શરૂઆત કરી. આ આંદોલનના માધ્યમથી તેમણે નૈતિક, બૌદ્ધિક અને સામાજિક ક્રાંતિનો શંખ ફૂંક્યો. માનવીય હૃદયોને જોડનાર અને ભાવનાઓને સમરસ કરનાર સાંસ્કૃતિક ક્રાંતિની શરૂઆત કરી. આ ક્રાંતિનો ઉદ્‌ઘોષ દેશને ધર્મ, જાતિ, પ્રાંતવાદ, ભાષાના આધાર વિભાજિત થતો અટકાવવા માટેનો હતો. વધુમાં દેશવાસીઓ હળીમળીને પોતાની સ્વતંત્રતાને પૂર્ણ કરીને રહેશે.

આ માટે તેમણે સતત તપ કરતા રહીને સર્વ પ્રકારના તંત્રનું સંશોધન કર્યું. આ તંત્ર એવું રચાય કે જેથી કોઈ સમયે જગદ્‌ગુરુ ગણાતા ભારત દેશમાં સર્વ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રકારની સંભાવનાઓ જોઈ શકાય અને તેના આધાર પર ભાવિ પરિવર્તનનો અરૂણોદય તેમજ નવનિર્માણનું સ્વપ્ન અહીંથી સાકાર થઈ શકે. પોતાનો ઉદ્‌ગાર રજૂ કરતાં તેમનો સ્વર છે, "ભારતભૂમિને કોઈ વખતે દેવભૂમિ કહેવામાં આવતી હતી. ભારતવાસીઓ પોતાની અસંખ્ય દિવ્ય વિશેષતાઓને કારણે સમગ્ર દુનિયામાં દેવતા કહેવાતા હતા. બૃહદ ભારતની વસતી તેત્રીસ કરોડની હતી. તે દરેક દૃષ્ટિએ 'સ્વર્ગાદપિ ગરીયસી' હતી. અહીંથી નરરત્નો પેદા થયાં છે અને પુણ્ય-પરમાર્થ માટે શ્રમ, સમય અને મનોયોગને ન્યોછાવર કરતા રહ્યા છે. સમગ્ર દુનિયાના શાસનનું સંચાલન અહીંથી થવાને લીધે ભારત દેશ ચક્રવર્તી કહેવાયો. તેના દ્વારા વિશ્વની સમૃદ્ધિમાં વધારો થયો અને તેને સ્વર્ગીય સંપત્તિનો સ્વામી માનવામાં આવ્યો. દૂરદૂરના દેશોમાં જ્ઞાન-વિજ્ઞાનની અનેકવિધ ધારાઓ ફેલાવીને ભારતે જગદ્‌ગુરુનું શ્રદ્ધાપૂર્ણ સમ્માન મેળવ્યું.

પરંતુ આ સન્માન કાયમી ન ટક્યું. પૂર્વજોના વારસાને વેરવિખેર કર્યો. પોતાની ખામીઓ અને નબળાઈઓને લીધે તે ગુલામ બન્યો. કેટલાક જંગલી, ક્રૂર અને ચતુર વેપારીઓ આપણને, એમના ઇશારા પર નચાવતા રહ્યા. પરંતુ જ્યારે રાષ્ટ્રીય ચેતના જાગી ઊઠી ત્યારે ગુલામીની બેડીઓ કડડભૂસ થઈને તૂટી ગઈ. આપણે સ્વતંત્રતાનું ગૌરવ પ્રાપ્ત કર્યું. આ બધું મેળવ્યા પછી આપણે બધાએ વિચાર કરવાનો છે કે સ્વતંત્રતાનો વાસ્તવિક સદુપયોગ કયા અર્થમાં થઈ શકે છે ? તેનો એક જ ઉત્તર છે કે "આપણે વ્યક્તિ, પરિવાર, સમાજ અને રાષ્ટ્રનું ભાવનાત્મક નવનિર્માણ કરવાનું છે."

યુગનિર્માણ આંદોલન આ જ ભાવનાત્મક નવનિર્માણનો ગગનભેદી ઉદ્‌ઘોષ છે. પ્રકાશનાં આ તેજસ્વી કિરણો જ્યારે મધ્યાહ્નના પ્રચંડ સૂર્યનું રૂપ લેશે ત્યારે તેના પ્રભાવથી જોનારાઓની આંખો ચકિત થઈ જશે. માનવ જાતિનું ભાગ્ય નિર્માણ કરનારું અભિયાન ભારતમાં આજે યુગ નિર્માણ પરિવાર ધર્મમંચ દ્વારા ચલાવી રહેલ હોય તેમ જોઈ શકાય છે. પરંતુ ભવિષ્યમાં તેનો વિસ્તાર અનેકગણો થઈ જશે. તે વેળા કોઈ એક સંસ્થા કે સંગઠનનું નિયંત્રણ રહેશે નહીં, બલ્કે કરોડો ઘટકો દ્વારા વિવિધ સ્તરે એવા પ્રકાશપુંજ ફૂટતા જોવા મળશે કે જેમના મારફત અમાપ શક્તિ પેદા થશે અને અનુપમ તેમજ અદ્‌ભુત ગણાતાં કાર્યો પરિપૂર્ણ થશે. મહાકાળ જ આ મહાન પરિવર્તનના સૂત્રધાર છે અને તે જ સમય અનુસાર પોતાની આજની શુભ શરૂઆતના તાંડવને ક્રમશઃ તીવ્રથી તીવ્રતર, તીવ્રતમ બનાવતા જશે. તાંડવ નૃત્યથી પેદા થયેલ ગગનચુંબી પ્રકાશવાન અગ્નિની જ્વાળાઓ દ્વારા પુરાતનને નૂતનમાં પરિવર્તનની ભૂમિકા કઈ રીતે અને કયા રૂપમાં હવે પછી પરિપૂર્ણ થનાર છે, તેને આજે બધા માટે વિચારી શકવું અને કલ્પના ક્ષેત્રમાં લાવી શકવું સામાન્ય બુદ્ધિ માટે મોટેભાગે અસંભવ જ છે. છતાં પણ જે ભવિષ્યમાં બનનાર છે તે થઈને જ રહેશે. યુગ બદલાશે જ. આજનો ઘોર અંધકાર કાલે પ્રભાતના અરૂણોદયમાં ફેરવાઈને જ રહેશે. ભારતને નવનિર્માણનું કેન્દ્ર બનાવીને નવનિર્માણનાં સ્પંદનો સમગ્ર વિશ્વમાં આંદોલિત થશે. ભારત અગ્રીમ પંક્તિમાં આવીને ઊભો રહેશે તે દિવસો હવે દૂર નથી. તે વિશ્વની બધી સમસ્યાઓને એક-એક કરીને પોતાની દૈવીય વિલક્ષણતાઓ દ્વારા ઉકેલી દેશે અને આપણે તેનાં ચમત્કારી પરિણામો રજૂ થતાં જોઈ શકીશું. આ સંભાવના નથી, સુનિશ્ચિતતા છે.

ગુરુદેવ એક તરફ ભારતનું નવનિર્માણ કુદરતનું વિધાન માને છે, તો બીજી તરફ રાષ્ટ્રના નાગરિકોને એના માટે કમર કસીને તૈયાર થવાનું આવાહન પણ કરે છે. તેનાથી નવનિર્માણનું સ્વપ્ન ન કેવળ સાકાર કરી શકાય, બલકે, એના સૌંદર્યને અનેકગણું વધારી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શકાય. તેમના મત મુજબ કોઈ રાષ્ટ્રની રાષ્ટ્રીય સંપત્તિ તે દેશના નાગરિકોની ભાવનાત્મક અને ક્રિયાત્મક શ્રેષ્ઠતા છે. કોઈ પણ રાષ્ટ્ર અને સમાજની સમર્થતા અને પ્રગતિનું મુખ્ય કારણ ત્યાંના રહેવાસીઓનું ચિંતન અને ચારિત્ર્ય હોય છે. સંયમી, સદાચારી, સંતુષ્ટ, કર્મઠ, કર્તવ્યપરાયણ નાગરિકો જ રાષ્ટ્રને જીવંત અને જાગૃત રાખી શકે છે. જેમના ચિંતનમાં શાલીનતા, વ્યવહારમાં સહૃદયતા તથા કાર્યોમાં પ્રખરતાનો સમાવેશ હોય છે, એવા લોકો જ રાષ્ટ્રને વૈભવશાળી અને સમૃદ્ધ બનાવે છે.

તેથી એમ જ કહેવું પડશે કે ભારતીય સમાજ અને રાષ્ટ્રનો વિકાસ અહીંના લોકમાનસના શુદ્ધીકરણ પર આધારિત છે. કોઈ રાષ્ટ્રનું ગૌરવ તેના લોખંડી નાગરિકો હોય છે. એ લોકો જ વાસ્તવમાં મૂલ્યવાન મણિ-માણેક છે. સાચી સમૃદ્ધિ આ જ રત્નમણિની તુલના પર નિર્ભર છે. રાષ્ટ્રનું નિર્માણ ઉજ્જ્વળ આગળ પડતા ચારિત્ર્યવાન, સુસંસ્કૃત અને નિસ્વાર્થ લોકસેવી વ્યક્તિઓ જ કરી શકે છે. તેઓ અનિચ્છનીયતાઓની વિરુદ્ધ મોરચો માડીને સાહસિક શૂરવીરોની ભૂમિકા અદા કરી શકે. આ જ શૂરવીરો દ્વારા રચનાત્મક પ્રવૃત્તિઓનો વધારો થઈ શકશે. એમના મારફત ભારત દેશના સર્વાંગીણ નવનિર્માણનું સ્વપ્ન સાકાર થશે.

ગુરુદેવ સ્પષ્ટપણે માને છે કે વિભાજનની દીવાલો મનને પસંદ નથી. આપણી પ્રત્યેક જાતિ, ધર્મ, સંપ્રદાય, ભાષા, વિસ્તારના આધાર પર કરેલું વિભાજન અર્થહીન છે. આપણે આપણી ઓળખ ભારત દેશના સમર્પિત અને કર્તવ્યપરાયણ નાગરિક તરીકે આપવી જોઈએ. આપણો જન્મ કોઈ પણ જાતિમાં થયો હોય, આપણે કોઈ પણ ધર્મમાં માનનારા હોઈએ, કોઈ પણ ભાષા બોલતા હોઈએ અથવા કોઈ પણ વિસ્તારમાં રહેતા હોઈએ, પરંતુ છેવટે તો મનુષ્ય છીએ અને મનુષ્ય જીવનની સાર્થકતા દેવત્વ તરફ વધવામાં છે. આત્મસંતોષ અને આત્મકલ્યાણથી લઈને વિશ્વમાનવની પ્રત્યે આપણા મહાન કર્તવ્યની પૂર્તિ માટે કટિબદ્ધ થવાથી જ મહાનતાનો, દેવત્વનો, પૂર્ણતા-પ્રાપ્તિનો લાભ મળી શકે છે. રાષ્ટ્રના મોટી સંખ્યાના નાગરિકોની આ જ ભાવનાઓનો યોગ જ ભારતના રાષ્ટ્રીય ચારિત્ર્યનું નિર્માણ કરશે.

દેશના નવનિર્માણમાં સૌથી વધુ મહત્ત્વપૂર્ણ સ્થાન નારીનું છે. ભારતના આજના પતન-પરાજયનું મુખ્ય કારણ નારીને માનવીય અધિકારોથી વંચિત રાખવી તે છે. અગાઉના સામંતયુગમાં નારી પરનાં બંધનો નિંદ્ય હતાં. નારી સાથે અમાનવીય વ્યવહાર તો આજે પણ ચાલે છે. આવાં જ અનેક કુચક્રોમાં લાંબા સમયથી પિસાતી આવતી નારી ભારતના અભિનવ ઉત્થાનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેણે પીડા વેઠેલી છે, તેથી કોઈ પણ પીડિતની વ્યાકુળ વેદનાઓને સમજવાની સંવેદના તેનામાં સહજ છે.

આટલું જ નહીં, નારી સમાજની ભાવનાત્મક ધરી છે. તેની આસપાસ પરિવાર અને સમાજની ગતિ-પ્રગતિનું ચક્ર ફરતું રહે છે. પરમ પૂજ્ય ગુરુદેવની નજરમાં પરિવાર એક નાનું રાષ્ટ્ર છે અને સુવિસ્તૃત સમાજનું નાનું સંસ્કરણ છે. દેશની ભાવનાત્મક પ્રગતિ માટે વ્યક્તિત્વ અને પરિવારને એકબીજાના પૂરક માનવા જરૂરી છે. એટલા માટે સંયુક્ત પરિવારોની વૈજ્ઞાનિક આચારસહિતા વિકસિત કરવામાં આવે તે જરૂરી છે. જો પરિવારોને સુસંસ્કૃત પ્રશિક્ષણની પાઠશાળાના રૂપમાં તૈયાર કરી શકાય, તો તે કારખાનામાંથી ઘડાઈને જે નરરત્નો નીકળશે તેઓ રાષ્ટ્રીય કીર્તિના ધ્વજને આકાશમાં ફરકાવી શકશે.

પરંતુ આ મહાન કાર્ય ફક્ત નારી જ કરી શકે છે. આથી યુગદ્રષ્ટા ગુરુદેવે ભાવિ સદીને નારી સદીનું નામ આપ્યું તેઓ કહે છે આવનાર સમયમાં વિનાશની જગ્યાએ સર્જન થશે. તે કાર્ય માટે નારી જ યોગ્ય છે. જ્યારે નર નારીને સકંજામાંથી મુક્ત કરીને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મહાશક્તિના કાર્ય માટે સમર્પિત થવા જશે ત્યારે રાષ્ટ્રીય જીવનનું નવનિર્માણ સંભવ થશે. ભવિષ્યમાં આમ જ બનશે, નેતૃત્વ નારીનું હશે અને અનુસરણ નરનું હશે. સર્જનની પ્રતીક નારી રાષ્ટ્રના ભવિષ્ય નિર્માણમાં નક્કર અને સ્થાયી ભૂમિકા ભજવી શકશે. બનશે પણ એમ જ. મહિલાઓ માત્ર પ્રસવની જ નહીં, બલ્કે ભાવી પેઢીનો સ્તર પણ વિનિર્મિત કરે છે. તે સાચા અર્થમાં ભવિષ્યની નિર્માત્રી છે. હવે પછીના દિવસોમાં આપણા દેશની મહિલાઓનું સ્વરૂપ ચમકશે, જેથી તે સમગ્ર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં સર્વત્ર સુખશાંતિની સ્વર્ગીય વર્ષા કરી શકશે.

રાષ્ટ્રીય સ્વતંત્રતા આંદોલનમાં પોતાના વ્યક્તિત્વનો પ્રકાશ ફેલાવનાર પરમ પૂજ્ય ગુરુદેવનું કહેવું છે, મારા સ્વપ્નના ભારતની રૂપરેખા નૈતિક, બૌદ્ધિક અને સામાજિક ક્રાંતિમાં સમાયેલી છે. એના આધાર પર દેશમાં સ્વસ્થ શરીર, સ્વચ્છ મન તથા સભ્ય સમાજની સંરચનાનું પુનઃનિર્માણ થશે. એના માટે વિવિધ જાતિઓ પોતાની પંચાયત રચીને વિવિધ વર્ગો અને વિસ્તારોમાં ફેલાયેલ કુરિવાજોના નિવારણની શરૂઆત કરે અને પેટાજાતિઓનાં બંધનો તોડીને જાતિમાં તેમજ જાતિનાં બંધનો તોડીને મહાજાતિમાં ફેરવાઈ જવા માટે પગલાં આગળ વધારે. સાથોસાથ માનવ અને માનવતાના રૂપમાં પોતાનો પરિચય આપવાની વાત પણ વિચારવામાં આવે. ધર્મ-સંપ્રદાયોના નામ પર ભાષા, જાતિ, વિસ્તાર આદિના નામ પર જે કૃત્રિમ ભેદની દીવાલો ઊભી થઈ છે, તેઓ લહેરોની માફક પોતાનું અલગ પ્રદર્શન ભલે કરતી રહે, પરંતુ બધાને એક જળાશયની પ્રાસંગિક હલચલ માનવામાં આવશે. રાષ્ટ્ર એક બનીને રહેશે. આ કૃત્રિમ રેખાઓના આધાર પર હજારો-લાખો ભાગલા પાડવા ન તો યોગ્ય છે અને ન તો આપણી રાષ્ટ્રીય સંસ્કૃતિને અનુરૂપ છે. **"માતાભૂમિઃ પુત્રોડહં પૃથ્વિયાઃ"** કહીને પોતાનો પરિચય આપનાર આ ગૌરવશાળી દેશના નિવાસીઓ પોતાના જ અસ્તિત્વના ટુકડા કરવા લાગે, એ ક્યાં સુધી યોગ્ય અને પ્રશંસનીય છે ?

રાષ્ટ્રનિર્માણની શરૂઆત આપણે સમાજ-નિર્માણથી કરવી પડશે. સમાજ માનવોનો સમૂહ છે. સમાજનું મોટું રૂપ રાષ્ટ્ર અને વિશ્વ છે. વ્યક્તિ અને સમાજને પ્રગતિશીલ બનાવવા માટે ઉચ્ચ સ્તરની શ્રદ્ધાનું નિર્માણ અને વૃદ્ધિ કરવી પડશે. સત્પરંપરાઓનું સંચાલન અને વિકૃતિઓનું નિવારણ કરવાના સતત પ્રયત્નો કરવા જરૂરી છે. ભારતનું સામાજિક ક્ષેત્ર એવું છે કે જેમાં લોકમંગળ માટે ઘણું બધું કરવાનું બાકી છે. આપણા દેશનું પછાતપણું દૂર કરવામાં રાજસત્તા એટલી સફળ થઈ શકતી નથી, જેટલી સામાજિક ક્ષેત્રમાં કરેલી સેવાસાધના સફળ થાય છે. સમાજને રાહત આપવાનો એક માત્ર ઉપાય એ જ છે કે સંપૂર્ણ વિચારક્ષેત્રની એક વખત નવા સ્વરૂપે ધોલાઈ-સફાઈ કરવામાં આવે અને જે બિનઉપયોગી હોય તેને હટાવીને નવા ઢાંચામાં ઢાળવાની હિંમત એકઠી કરવામાં આવે. લોકમાનસનું શુદ્ધીકરણ કર્યા વિના રાષ્ટ્રીય કલ્યાણ સંભવ નથી. વ્યક્તિનો નૈતિક વિકાસ સાધીને સમાજવાદી સમાજ તરફ દેશ આગળ વધી શકશે. જ્યારે માનવી વ્યક્તિવાદી વિચારધારા છોડીને સમષ્ટિવાદી અને સમાજવાદી બને ત્યારે સુખી અને સભ્ય સમાજનું નિર્માણ થાય છે.

સામાજિક ક્રાંતિ દ્વારા વિષમતા, વિઘટન, અન્યાય, અયોગ્યતાઓને પોષક હોય તેવા રિવાજોને હટાવી દેવા જોઈએ. પારસ્પરિક સ્નેહ, સૌજન્ય, સહયોગનો વિસ્તાર કરનારી 'વસુધૈવ કુટુંબકમ્'ની 'સર્વભૂતેષુ'ની દષ્ટિવર્ધક પ્રથા-પરંપરાઓને જ માન્યતા મળે અને બાકીનાને યોગ્યતાની કસોટી પર ખોટી સાબિત થતાં કચરાપેટીમાં વાળીને ફેંકી દેવામાં આવે. આપણા દેશનો સમાજ સહકારી અને સહાયક બને તેની અભિનવ સંરચનામાં કૌટુંબિકતાના શાશ્વત


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવે. કોઈ જાતિ, લિંગની વિષમતા ન રહે અને આર્થિક દૃષ્ટિથી કોઈને ગરીબ-અમીર ન રહેવા દેવામાં આવે. કોઈ ઉદ્ધત, અહંકારી અને માલદાર ન બને અને કોઈને પછાતપણાની પીડા-તિરસ્કાર વેઠવો ન પડે. કોઈ ગુનાઓ ન બને. જો કોઈ જગ્યાએ તેનો ઉપદ્રવ થાય તો લોકશક્તિ દ્વારા એવી રીતે દબાવી દેવામાં આવે કે બીજાઓ તેવું સાહસ ન કરે.

પ્રગતિશીલ રાષ્ટ્રની રચના ઉત્તમ નેતાગીરી હેઠળ આગળ પડતા સજ્જનોનો સમૂહ કરે છે. સારો સમાજ સારા વ્યક્તિઓ પેદા કરે છે અને શ્રેષ્ઠ વ્યક્તિ સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ કરે છે. બંને એકબીજા પર આધારિત છે. આ ઉદ્દેશ સુયોગ્ય, અનુભવી અને નિસ્પૃહી લોકસેવકો દ્વારા જ પરિપૂર્ણ થઈ શકે છે. અનેક સત્પ્રવૃત્તિઓ ચાલુ રહેવાથી રાષ્ટ્રની શ્રેષ્ઠતા અને મહાનતા સુદૃઢ રહી શકે છે. નેતૃત્વ કરવાની અથવા રાષ્ટ્રીય જીવનની ગતિ બદલવાની શક્તિ કેવળ ચારિત્ર્યથી જ પ્રાપ્ત થાય છે. ભારત દેશના ઉજ્જ્વળ ભવિષ્ય માટે સમાજમાં વૈયક્તિક અને સામાજિક નીતિ-મર્યાદાઓને મહત્ત્વ આપવું પડશે. જેમાં માનવીય ગૌરવ અને રાષ્ટ્રીય મહાનતાને લાંછન લાગે એવું કોઈ કામ ક્યાંય ન થાય. જ્યારે દેશમાં બધા સંતોષી, નીતિવાન, ઉદાર અને સરળ-સૌમ્ય જીવન-પદ્ધતિ અપનાવશે, હળીમળીને વહેંચીને ખાશે, ત્યારે તેઓ હસતી-હસાવતી જિંદગી જીવી શકશે.

ગુરુદેવે શિક્ષણને રાષ્ટ્રનિર્માણનું જરૂરી અને અનિવાર્ય તત્ત્વ ગણ્યુ છે. શિક્ષણ રાષ્ટ્રીય જીવનનું સનાતન મૂલ્ય છે. જ્ઞાન અને આચરણમાં સમાજ અને વિવેકમાં યોગ્યતા બતાવી શકે તેને જ સાચા અર્થમાં શિક્ષા કે વિદ્યા કહી શકાય છે. વિકાસશીલ રાષ્ટ્રોએ રાષ્ટ્રીય ઉત્કર્ષને ધ્યાનમાં રાખીને પોતાની શિક્ષણ પ્રણાલીઓ વિકસિત કરી. સ્વતંત્રતા પછીનાં પચાસ વર્ષોમાં પણ આપણે આગળ વધી ન શક્યા. એનો ઓછામાં ઓછો અડધો દોષ તો વર્તમાન ઉદ્દેશહીન શિક્ષણ-પદ્ધતિને આપી શકાય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને આપણે આપણી શિક્ષણ-નીતિ આપણા દેશની ભૌગોલિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિશેષતાઓને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય ઉદ્દેશને અનુરૂપ રાખવી જોઈએ. આપણા મૌલિક વિચારોને એક બાજુ મૂકી રાખીને આપણે અન્યની નીતિઓથી કામ કરતાં રહીએ, એ કોઈ પણ રીતે આપણા દેશ માટે યોગ્ય નથી.

રાષ્ટ્રીય ઉદ્દેશો પરિપૂર્ણ થઈ શકે તે માટે બુદ્ધિજીવીઓએ પ્રબળ પ્રયત્નો કરવા જોઈએ. સ્વાવલંબી અને સુયોગ્ય નાગરિકોનું ઘડતર કરનારી શિક્ષણ-પદ્ધતિની મૌલિક કલ્પના કરવી જોઈએ અને તેને સફળ કરવાની વ્યવસ્થા કરવી જોઈએ. લોકસહયોગ દ્વારા પ્રગતિશીલ શિક્ષણતંત્રની રચના કરવી જોઈએ. શિક્ષણ એને કહેવાય કે જે જીવનના બાહ્ય ઉદ્દેશોને પૂર્ણ કરવા માટે સુયોગ્ય માર્ગદર્શન પૂરું પાડે. કોઈ વ્યક્તિ ત્યારે જ સુશિક્ષિત કહેવાય કે જ્યારે તે ખરાબમાં ખરાબ પરિસ્થિતિઓમાં પણ આશાવાદી રહી શકે.

શિક્ષણ કરતાં વિદ્યાનું ક્ષેત્ર આગળનું છે. સદાચરણ, આત્મનિર્માણ, કર્તવ્યનિષ્ઠા, આત્મબોધ, સમાજનિષ્ઠા, રાષ્ટ્રભક્તિ વગેરે વિદ્યાના વિષયો ગણાય છે; જે વૈયક્તિક ચિંતન અને દૃષ્ટિકોણમાં આદર્શવાદિતા અને શ્રેષ્ઠતાનો સમાવેશ કરતા હોય છે. એના વિના મનુષ્યના અંતરમાં છુપાયેલી રહસ્યમય દિવ્યતાનો વિકાસ થઈ શકતો નથી. વિચારણા અને ભાવનાના સ્તરને ઉચ્ચ સ્તરનો બનાવનાર જ્ઞાન, અનુભવ અને અભ્યાસ વિદ્યાનું સ્વરૂપ છે. એનાથી ગુણ, કર્મ અને સ્વભાવનું પરિશુદ્ધ વ્યક્તિત્વ ઘડાય છે. શિક્ષા અને વિદ્યાનો સમન્વય


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્વાર્થપરાયણતાને દૂર કરે છે અને રાષ્ટ્ર-નિષ્ઠાને વધારે છે.

રાષ્ટ્રીય જીવનના વર્તમાન લંગડાતા સ્વરૂપ અને નિરાશાના ગાઢ અંધકારની વચ્ચે ગુરુદેવનો સ્વર આશાના પ્રખર સૂર્યની જેમ ઉદય થાય છે. તેમના શબ્દોમાં ભારતના અભ્યુદયનું પુણ્ય પ્રભાત હવે નજીક છે. નવી સદીમાં અંધકારની ગાઢ રાત્રિનો અંત અને પ્રકાશનો વ્યાપક વિસ્તાર થનાર છે. એકવીસમી સદીની શરૂઆતમાં જ ઉષાકાળની લાલિમાને પ્રગટતી અને આગળ વધતી જોઈ શકાશે. જેમને અંધકાર કાયમી જણાતો હોય તેઓ પોતાની રીતે વિચારે, પરંતુ અમારું દિવ્યદર્શન ભારતના ઉજ્જવળ ભવિષ્યનું અવલોકન કરે છે. આ પુણ્ય પ્રયાસમાં સર્જનની પક્ષકાર દેવશક્તિઓ જાનના જોખમે જોડાઈ ગઈ છે. આજકાલ અદશ્યરૂપે કંઈ આવું જ બની રહ્યું છે. આવી સ્થિતિમાં ભાવ-સંવેદનાની શક્તિનું પ્રાગટ્ય થતું હોય છે. પ્રસવપીડાની જેમ હાલમાં કંઈ એવું અવશ્ય બની રહ્યું છે. પરંતુ આ તો ફક્ત વાતાવરણ બદલવાનો પૂર્વ સંકેત માત્ર છે.

તેઓ આગળ કહે છે કે અમે માત્ર ભારતના જ નહીં, સમગ્ર વિશ્વના ભવિષ્યની ઝાંકી ઘણી શાનદાર રીતે જોઈ છે. પરંતુ આ પુણ્ય પ્રભાતનો ઉદય પહેલા આપણા મહાન દેશમાં થશે. ત્યાર પછી એનું તેજ સમગ્ર વિશ્વને પ્રકાશિત કરશે. અમારી કલ્પના છે કે આવનાર યુગ પ્રજ્ઞાયુગ હશે. પ્રજ્ઞા અર્થાત્ દૂરદર્શી વિવેકશીલતાના પક્ષકાર વ્યક્તિઓનો સમુદાય. દરેક વ્યક્તિ પોતાની રીતે એક આદર્શ એકમ બનશે અને દરેક પરિવાર સમાજનું એક અંગ બનશે. બધા સામૂહિક રીતે રાષ્ટ્રનિર્માણ અને રાષ્ટ્રીય ઉત્કર્ષને પોતાની જવાબદારી અનુભવશે. ગુણ, કર્મ અને સ્વભાવની દૃષ્ટિએ કોણે પોતે પોતાની જાતને કેટલી શ્રેષ્ઠ અને ઉન્નત બનાવી છે તેને સાચી પ્રગતિ સમજવામાં આવશે.

વર્તમાન નિરાશાજનક સ્થિતિમાં પણ આપણે ઇચ્છીએ તો કાલે ઉદય થનાર સૂર્યની નિશ્ચિતતાથી સ્વયં સ્ફૂર્તિ અને ઉલ્લાસ અનુભવી શકીએ છીએ. પરમ પૂજ્ય ગુરુદેવે ઑગષ્ટ ૧૯૪૭ની અખંડ જ્યોતિમાં એક લેખ લખ્યો હતો, 'શું આપણે હારી ગયા ?' આ લેખમાં એક તરફ તેમના મનમાં છુપાયેલી પીડાનું દર્દ જોવા મળે છે, તો બીજી તરફ ઉત્સાહવર્ધક આવાહન પણ છે. સ્વતંત્રતાપ્રાપ્તિ પર પ્રતિક્રિયા રજૂ કરતા તેમના શબ્દો છે, "વિચારશો નહીં કે આપણે હારી ગયા. આપણે કંઈ ગુમાવ્યું નથી અને કંઈ પણ મેળવ્યું નથી. એક મોરચો સફળ કર્યો છે. ચાલો, આપણે વિખરાયેલી શક્તિઓ એકઠી કરીએ અને સંગઠનને મજબૂત બનાવીએ, સદ્બુદ્ધિનો વિકાસ કરીએ, બાકીની મુશ્કેલીઓને દૂર કરવાની ક્ષમતા પેદા કરીએ. સૈકાઓ પછી વિદેશી વિજાતિઓની પકડમાંથી છૂટીને આપણે સૌભાગ્યનો સૂર્યોદય જોઈ રહ્યા છીએ. દુનિયા પરિવર્તનશીલ છે, કાળ ગતિવાન છે, એક જબરદસ્ત ધક્કો ખાધા પછી હવે આપણા સૌભાગ્યનો સૂર્ય પુનઃ ઊગનાર છે. તેને સંભાળવા માટે આવો આપણે આપણી ભુજાઓમાં યોગ્ય બળ પેદા કરીએ. આપણે હાર્યા નથી, થોડું જીત્યા તે યોગ્ય છે, પરંતુ જીત્યા છીએ, આગળ વધુ જીતીશું, પરમાત્મા આપણને મદદ કરશે." પૂજ્ય ગુરુદેવના આ શબ્દો પચાસ વર્ષ પછી પણ અર્થહીન બન્યા નથી, બલ્કે સ્વતંત્રતાની સુવર્ણજયંતી પર પોતાના વિશેષ તેજ સાથે ચમકી રહ્યા છે. એના પ્રકાશમાં આપણે બધા રાષ્ટ્રના નવનિર્માણમાં જોડાઈ જઈએ, તો આપણા મહાન રાષ્ટ્રનું ઉજ્જવળ ભવિષ્ય નજદીક છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જાગો વીર બલિદાની

યુગક્રાંતિનું રણશિંગું પોતાના ભીષણ ધ્વનિથી આકાશમાં જે રીતે ગુંજારવ કરી રહ્યું છે તેનાથી કાન કદાચ અજાણ હોય, પરંતુ જેનામાં દિવ્ય શ્રવણ શક્તિ છે તેઓ તેને સારી રીતે સાંભળી શકે છે. અત્યારે વર્તમાન સંજોગોમાં યુગાન્તરીય ચેતનાઓ અંતઃજગતમાં કેવી રીતે ઉછાળા મારી રહી છે તેને માથા પર જડેલાં નેત્રો કદાચ ન જોઈ શકે, પરંતુ દિવ્ય ચક્ષુઓ તો પ્રત્યક્ષ જોઈ શકે છે કે આંધી તોફાનની જેમ પરિવર્તન કેટલા વેગથી આવી રહ્યું છે. મનુષ્યના અંતરમનમાં ઘૂસી ગયેલી દુષ્પ્રવૃત્તિઓ કદાચ પોતાના સ્થાયીપણા વિશે વિચારતી હોય પરંતુ માનવીય ગૌરવે જો તેને પડકાર ફેંક્યો તો પરિસ્થિતિ બદલાઈ જવાની છે. નિર્બળ ગણાતી સજ્જનતા પોતાનું સમસ્ત સાહસ એકત્ર કરીને મોરચા ઉપર આવીને ઊભી રહી છે તેથી અનિચ્છનીયતાના કદમ ડગમગવા લાગ્યાં છે. સત્યની અંદર હજાર હાથીનું બળ હોય છે. તેનું પ્રત્યક્ષ પ્રમાણ યુગાન્તરીય ચેતનાનું પ્રગતિના પથ પર વિદ્યુતવેગી ભ્રમણ જોઈને સહેજમાં મળી જાય છે.

કૂકડાની બાંગો સંભળાઈ રહી છે અને ઉષાની લાલિમાનાં દર્શન સારી રીતે થઈ રહ્યાં છે. પક્ષીઓનો કલરવ મોં ઢાંકીને સૂતેલાં લોકોને પ્રભાતના આગમનનો અણસાર આપી રહ્યો છે. અંધકાર ઘેરો બનતો જોઈને કોઈએ લાચાર થવાની જરૂર નથી. દીવો હોલવાતાં પહેલાં અને માણસ મરતાં પહેલાં એક વાર વધુ જોરથી પ્રજ્વળે છે, ત્યાર પછી ચિરનિદ્રામાં પહોંચી જાય છે. અત્યારે આવું જ કંઈક થઈ રહ્યું છે, સર્જન પાસેથી વિનાશ મેદાન મારી જાય છે તેવું દૃશ્ય જરૂર દેખાય છે, પરંતુ સૂત્રધાર દ્વારા નાટક પલટાતાં વાર નથી લાગતી. નિરાશાના પ્રસંગોની હારમાળા હોવા છતાં પણ આશાની શક્યતા હકીકત બનીને સામે ઊભી છે. હજુ પણ અંધકારયુગની છાયા છવાયેલી છે, છતાં પણ ઉજ્જ્વળ ભવિષ્ય માટે કોઈએ શંકા રાખવી નહીં. પરિવર્તન નક્કી જ છે. અંધકારનો અધિકાર સમાપ્ત થતાં જ પ્રકાશનો આલોક નવચેતના ઉત્પન્ન કરતો તરત જ જોવા મળશે. પ્રગતિ, પરિવર્તન અને સર્જન સંબંધી કેવળ આશાઓ ન રાખતા આગળ વધીને તેનું સ્વાગત પણ કરવાનું છે.

જાગૃત આત્માઓ માટે યુગનિર્માણ આજના સમયનું સૌથી મોટું આવાહન છે. જેનામાં દેવતાનું ગૌરવ જીવંત છે તેમણે પોતાની સૂતેલી ચિનગારીને પ્રજ્વલિત કરવી જ પડશે. યુગયજ્ઞમાં આહુતિ આપ્યા સિવાય છૂટકો નથી. પ્રકાશનો દીપક ચારો (ઘાસ) માગે છે. તેને એકઠો કર્યા વિના મેળ પડશે નહીં. પીઠ બતાવીને ભાગવાથી તો આત્મશિક્ષા અને લોકનિંદાના બમણા ઘા સહન કરવા પડશે, તેના કરતાં તો વીરગતિ પ્રાપ્ત કરવી સારી. જેનો અંતરાત્મા જાગૃત છે તેના માટે સમયના પોકારની અવગણના કરવી મુશ્કેલ છે. યુગક્રાંતિનું આવાહન તો અર્ધમરણોન્મુખ લોકો જ વણસાંભળ્યું કરી શકે.

યુગ નિર્માણ મિશનના વિચાર ક્રાંતિ અભિયાને જનજાગરણના પ્રયાસો માટે યોગ્ય સમય આપી દીધો છે. બાળપણના સીમાડા ઓળંગી યુવાનીમાં પ્રવેશ કરી દીધો છે. બાળ ચંચળતા અને વાચાળતાના મનોરંજક દિવસો હવે વીતી ગયાં. હવે તો કર્મનો પડકાર શક્તિનો સહારો માગે છે. બીજાઓ શું કરે છે તે તરફ ધ્યાન આપ્યા વિના દરેક જાગૃત આત્માએ પોતાને જ પૂછવું જોઈએ કે પોતાના ગૌરવ મુજબ સમયની યોગ્ય ભૂમિકા નિભાવવા માટે તે જાતે કંઈ કરી રહ્યો છે ? જો નથી કરી રહ્યો તો તેણે કરવું જોઈએ. જે કરી રહ્યા છે તેમણે મોટાં અનુદાન આપવાની ભૂમિકા નિભાવવી જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેમણે પોતાની જાતને પ્રશ્ન પૂછવાની જરૂર છે કે યુગપ્રભાતના આ પુણ્યકાળમાં મહાકાળના આમંત્રણ પર તેમણે કેટલી હદ સુધી ધ્યાન આપ્યું છે અને અંતરંગમાં ઊઠનારા ઉમંગોને અમલ કરવા માટે કેટલો સમય આપવો ? દરેક જાગૃત આત્માએ અત્યારે તો આ સવાલ દિવસમાં વારંવાર પૂછવો જોઈએ. તેનો બહુ કડક શબ્દોમાં ઉત્તર માગવો જોઈએ અને મૌન રહેવાની કંજૂસાઈનો સાહસપૂર્વક અંત કરી દેવો જોઈએ. યુગ દેવતાએ ક્રિયાશીલતાની માગણી કરી છે. આ માગણીની અવગણના પણ કરી શકાય છે. પરંતુ જાગૃતો માટે આ કંજૂસાઈ બહુ ભારે પડશે. અત્યારનો મોહ તેમને ઘણો મોંઘો પડશે.

હવે આપણામાંથી દરેક યુગસર્જન માટેનું અનુદાન પહેલાં કરતાં વધારી દેવું જોઈએ. બીજાં કામોમાંથી સમય અને શ્રમને બચાવીને યુગધર્મની આપત્તિકાલીન જરૂરિયાતો માટે તેને વાપરવો જોઈએ. આપણામાંથી કોણ કેટલું સમયદાન આપી શકે છે તેની અત્યારે તો ચર્ચા અને હરીફાઈ થવી જોઈએ.

યુગપરિવર્તન એક મોટું કામ છે. તેનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. કાર્યાનુસાર મોટાં સાધનો અને મોટા કાર્યક્રમો હાથ ધરવા પડશે. રચનાત્મક પ્રવૃત્તિઓનું બીજારોપણ અને પરિપોષણ એટલું મોટું હશે કે જાણે ધરતી નવી રીતે નવાં અનાજની ખેતી માટે તૈયારી કરી રહી હોય. સભ્યતાના યુગમાં પ્રવેશ કરતી વખતે મનુષ્યે કરવા પડેલા સંઘર્ષ જેવો જ સંઘર્ષ સુધારાત્મક પ્રવૃત્તિઓ માટે કરવો પડશે. ઊબડ-ખાબડ જમીનને સમતલ બનાવવા માટે, નકામાં ઝાડી-ઝાંખરાને દૂર કરી ફળદ્રુપ જમીન બનાવવા માટે, વન્ય પશુઓનો સહયોગ મેળવવા માટે, આકાશમાંથી અગ્નિ અને પાતાળમાંથી પાણી કાઢવા માટે, ઓજાર ઘડવા માટે અને સાધન બનાવવા માટે સૂઝ-બૂઝ અને સાહસિકતાનો પરિચય આપવો પડશે. આજના યુગપરિવર્તનની વેળાએ લગભગ તે પ્રકારની શ્રેયસાધના અને ભાવસંવેદનાની અપેક્ષા રખાય છે. આ શ્રેયસાધના અને ભાવસંવેદના લોકોના સહકારથી જ શક્ય બનશે. જનશક્તિને જાગૃત કરીને જ એટલાં સાધનો મેળવી શકાશે.

લોકશક્તિ જ સામર્થ્યનું ઉદ્‌ગમસ્થાન છે. લોકશક્તિ ઊંઘમાંથી જાગૃત થતાંની સાથે જ અશક્યને શક્ય બનાવી દે તેવા મહાદૈત્ય કુંભકર્ણ જેવી છે. જનશક્તિની ચંડીએ જ પ્રાચીનકાળમાં મહિષાસુર, મધુકૈટભ વગેરેનું દમન કર્યું હતું. તેની પ્રચંડતાથી જ આપણા યુગના અગણિત વિક્ષોભો, વિદ્વેષો, પતન-પરાભવો તથા શોકસંતાપોનું નિરાકરણ થઈ શકશે. લોકમાનસની સજાવટ પર જ યુગક્રાંતિનું સ્વરૂપ કેન્દ્રિત થયેલું છે. આપણી ચિંતનપદ્ધતિ અને કાર્યપદ્ધતિનું કેન્દ્રબિંદુ પણ આ જ છે.

જનજાગૃતિનાં કાર્યોને તીવ્ર કરવા માટે આ વર્ષને મહાકાળનો વિશેષ સંદેશવાહક, યુગદૂત ગણવું જોઈએ. આ અવિરત પ્રકાશને લોકો સુધી પહોંચાડવાનું કામ આપણું છે. આ વર્ષે તે કાર્યનિર્માણને એવો જોરદાર વેગ આપવાનો છે કે ધરતીની ગુરુત્વાકર્ષણ શક્તિને ચીરીને અંતરિક્ષમાં પહોંચતાં રૉકેટોની જેમ આપણો સંકલ્પ પણ પોતાની પ્રચંડ ગતિનો પરિચય આપવા લાગે. તેની શરૂઆત માટે સર્જન શિલ્પીઓએ પોતાની શક્તિને વાપરવી પડશે. પછી બીજાંઓ તેમનું અનુકરણ કરશે. માળખું બનાવ્યા વિના રમકડું કેવી રીતે તૈયાર થાય ? એન્જિન વિના ડબ્બા કેવી રીતે ગતિ પકડે ? અનુદાનોને બલિદાન સ્તરનાં બનાવી શકાય તો તે પ્રચંડ ઊર્જા વિના જનમાનસમાં ઉમંગો પેદા કરનારાં તોફાનો ક્યાંથી ઊઠશે ? બીજાઓ શું કરે ? તેમને શું કહેવું ? વગેરેનો વિચાર કર્યા પહેલાં આજની પરિસ્થિતિમાં આપણે શું કરી શકીએ તેમ છીએ ? તે હકીકત પર વિચાર કરવો જોઈએ. અનુકૂળતા આવશે ત્યારે અમુક કામ કરીશું તેવું વિચારવું યોગ્ય નથી. ફક્ત આજની પરિસ્થિતિમાં જે વધારેમાં વધારે થઈ શકે તે કરતાં રહેવું બસ આટલું જ વિચારો. સૌથી મોટું


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અનુદાન સમયદાન અને શ્રમદાનનું છે. તેના માટે સાહસ દેખાડો તો સાધનધન તો તેની મેળે આવશે. બીજા લોકો પાસેથી પણ તે પ્રકારનાં અનુદાનો માગતાં પહેલાં પોતાનું ઉદાહરણ તેમની સમક્ષ રજૂ કરીએ તો વધારે પ્રભાવ પડે છે.

દરેક જાગૃત આત્માઓ પાસે સ્વયંનું સમયદાન માંગીએ છીએ. તેના વિના જનસહયોગની યોજનાઓ સારી રીતે કાર્ય કરી શકતી નથી. શરૂઆત પોતાના ઘેરથી કર્યા સિવાય છૂટકો નથી. બીજાં કાર્યોમાં કાપ મૂકીને નવનિર્માણ માટે આપણે કેટલો સમય ફાળવી શકીએ છીએ તે વિચારવું જોઈએ. અત્યારે તો તેના માટે જ સંકલ્પ લેવો જોઈએ. ભવિષ્યમાં આને માટે કેટલો વધારે સમય આપી શકીશું ? તેના માટે અંતરમનમાં ડોકિયું કરવું જોઈએ. સ્વાર્થની સરખામણીમાં પરમાર્થનાં દૂરવર્તી પરિણામોને સમજી શકો તો દરેક જણ એટલું સમયદાન તો સહેજમાં આપી શકે છે કે જેથી તે જોઈને બીજાના અંતઃકરણમાં પણ તેનું અનુકરણ કરવાની ઇચ્છા જાગૃત થાય.

તમને બધાને ખબર જ છે કે યુગ નિર્માણ યોજના, મથુરાથી સપ્તસૂત્રી આંદોલનનો શંખનાદ કરવામાં આવ્યો છે. હજારો પ્રાણવાન પરિજનોએ પ્રતિજ્ઞાપત્રો ભરીને આ આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવવાના સોગંદ લીધાં છે. જે ભાઈ-બહેનો મથુરા આવી શક્યાં નથી તેમને પણ આ આંદોલનોમાં પ્રભાવશાળી ભૂમિકા ભજવવા માટે તૈયાર કરવાનાં છે. આ ઉદ્દેશની પૂર્તિ માટે પોતાના વિસ્તારો તથા પ્રદેશોમાં ફરીફરીને નાના સરખા સંકલ્પ સમારંભો યોજી શકે તેવા પ્રતિભાવંત સમયદાનીઓની જરૂર છે. આપ સૌને અમારી ભાવભરી વિનંતી છે કે જો આ પ્રકારનાં કાર્યોમાં સમયદાન આપવાની યોગ્યતા અને શક્તિ ધરાવતા કોઈ કાર્યકર્તા તમારા વિસ્તારમાં હોય તો તેમનું નામ-સરનામું અને ક્યારે કેટલો સમય આપી શકશે. આ અંગેની બધી માહિતી સાથે યુગનિર્માણ યોજના, મથુરા સાથે પત્રવ્યવહાર દ્વારા અથવા વ્યક્તિગત સંપર્ક સાધવો.

## મુંબઈમાં નવજાગૃતિનો શંખનાદ

મથુરામાં યોજાયેલ ભવ્ય સંકલ્પ શ્રદ્ધાંજલિ સમારંભમાં સંકલ્પ લેવા ઉપરાંત મુંબઈના કર્મનિષ્ઠ પરિજનો દ્વારા આસ્તિકતા-સંવર્ધન, સ્વાસ્થ્ય-સંવર્ધન આંદોલનો અંતર્ગત ઘેર-ઘેર તુલસીરોપણનો કાર્યક્રમ ચાલી રહ્યો છે. તુલસીના ચમત્કારી ગુણ પુસ્તકનું વિતરણ બહુ મોટી સંખ્યામાં થઈ રહ્યું છે. મિશનની પત્રિકાઓના એક લાખ સભ્ય બનાવવાનો સંકલ્પ લેવાયો છે. સ્ટીકર આંદોલન દ્વારા મિશનના વિચારોને વિશાળ સ્તરે ફેલાવી રહ્યાં છે. સર્વશ્રી સદાશિવ રાવલ, કુ. આશા જ્ઞાની, મનીષ રાજગુરુ, કાંતિલાલ, બંસીલાલ વગેરે કર્મઠ પરિજનોએ સભામાં આ કાર્યોને પૂર્ણ કરવાનો સંકલ્પ કર્યો છે.

મલાડમાં મહિલા પ્રજ્ઞામંડળની સ્થાપના થઈ. કર્મઠ મહિલા કાર્યકર્તાઓએ ૧૦૮ ઘરોમાં ગાયત્રીયજ્ઞ તથા તુલસી-રોપણનો સંકલ્પ કર્યો છે. વેદોનો દિવ્ય સંદેશ - પુસ્તક બને તેટલાં વધુ ઘરોમાં સ્થાપિત કરવાનું કાર્ય ખૂબ તેજીથી ચાલી રહ્યું છે.

દાનવીરોની મદદથી પૉકેટ બુક્સનું અંગ્રેજીમાં ડીલક્સ સંસ્કરણ પ્રકાશિત કરીને વિદેશોમાં યુગઋષિના વિચારો ફેલાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. પ્રથમ ડીલક્સ સંસ્કરણ બહુ જલદી પ્રકાશિત થઈ રહ્યું છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સાધકો કેવી રીતે તૈયાર કરવા ?

હાલના આસ્થાસંકટના સમયમાં ઉપાસના એક જૂનવાણી વિષય બની રહ્યો છે. દિવસે દિવસે આસ્તિકતાની માન્યતાઓ શિથિલ બનતી જાય છે. ઉપાસકો અને સાધકોને કેટલાંયે વ્યંગ્યબાણો સાંભળવાં પડે છે. આવા વાતાવરણમાં નિયમિત સતત ઉપાસના કરતાં રહેવું અને ધર્મકાર્યો માટે કોઈને સહમત કરવા સરળ વાત નથી. પરિચય કે વિનંતીને આધારે કોઈ આના માટે તૈયાર થઈ જ જશે તેવું કહી શકાય નહીં. ઘણા વ્યવહારકુશળ લોકો તો સ્પષ્ટ શબ્દોમાં પોતાની અસંમતિ કે અરુચિ જાહેર કરવાને બદલે પોતાની મુશ્કેલીઓનું વર્ણન કરીને વિનંતીકારોના મોં બંધ કરી દે છે. તેથી ધનસંગ્રહ કરતાં પણ આ કાર્ય વધારે મુશ્કેલ ગણાય છે.

પ્રયત્નકર્તાઓએ તરત દાન મહાપુણ્યની જેમ આગ્રહ કરતાની સાથે જ સંમતિની બાળસહજ આશા રાખવી નહીં, કારણ કે એવી આશા રાખવાથી બે ચાર જગ્યાએથી ઉપેક્ષા કે અસમંતિ જોતાં જ તમે ઉત્સાહ જ ખોઈ બેસશો અને જમાનાને તથા પોતાના પુરુષાર્થને દોષ દેતાં દેતાં નિરાશ બની જશો. વિચાર-વિનિમય કર્યા વિના આ કાર્ય શક્ય થશે નહીં. વ્યક્તિદીઠ મળવા કરતાં નાની નાની સભાઓ બોલાવી શકાય તો એકાદ કલાકમાં જરૂરી બાબતો યોગ્ય રીતે સમજાવી શકાય છે. વાતને પૂરી સમજ્યા પછી જ વ્યક્તિ ગાયત્રી-ઉપાસના માટે તૈયાર થાય. તેનાથી સ્વાર્થ અને પરમાર્થના બંને હેતુ સરે છે. કોઈને આ બાબતમાં તરત જ 'હા' કે 'ના' કહેવા માટે દબાણ ન કરવું કારણ કે તેથી બિનજરૂરી સંકોચ અને અડચણ વધે છે. વિચારવાની વિનંતી કરતાની સાથે સભાની સમાપ્તિ કરવી, જેથી લોકોને વિચાર કરવાની અને પોતાનો નિર્ણય જણાવવાની સગવડ મળે. જે લોકો સ્વેચ્છાએ તૈયાર હોય તેમના નામ નોંધી શકાય છે. સભામાં હાજર રહેલા લોકો સાથે પછીથી દરેકનો વ્યક્તિગત સંપર્ક સાધવો જોઈએ; કારણ કે કોઈ પણ વ્યક્તિ પોતાની મનઃસ્થિતિનું સાચું સ્વરૂપ એકલાં હોય ત્યારે જ પ્રગટ કરી શકે છે. સમૂહમાં તો હા માં હા કરવી પડે. અથવા તો તર્ક-વિર્તકને કારણ ચર્ચા થઈ જાય છે. બંને વસ્તુ અયોગ્ય છે. તેથી એકાંતમાં મળતી વખતે શંકાઓનું સમાધાન પણ ખુલ્લા દિલે થઈ શકશે.

એવું જરૂરી નથી કે સભા હંમેશાં મોટી જ હોવી જોઈએ. ચૂંટણી વખતે વૉટ માંગનારી પાર્ટીઓ નાની-મોટી ઘણી સભાઓનું આયોજન કરે છે. જેથી બહુ ઓછા સમયમાં ઘણા લોકો સામે પોતાના વિચારો વ્યક્ત કરી શકાય. તેથી દરેક જગ્યાએ મોટી ભીડ એકઠી થાય તે જરૂરી નથી. વાતાવરણ મુજબ લોકો એકઠાં થવાના જ છે. પૂર્વ સૂચના અને આગ્રહ કરતા રહેવાથી પણ લોકો એકઠા થઈ પણ જાય છે. એકત્રિત થનારા લોકોની સગવડ મુજબ એક દિવસમાં આવી કેટલીયે સભાઓનું આયોજન કરી શકાય છે. સાથેસાથે વ્યક્તિગત સલાહસૂચનના પ્રયત્નો પણ ચાલુ રાખવા. મળવાનો પ્રસંગ બને ત્યારે એક બે જણને આ જ વાતો ટૂંકાણમાં કહી શકાય છે. જે લોકો વસ્તુસ્થિતિને સમજી શકશે તેઓ આ કાર્યમાં સંમત થતા જશે.

બીજો ઉપાય એ છે કે જે લોકોને ધર્મ, શ્રદ્ધા અને ઉપાસના પ્રત્યે પહેલેથી જ વિશ્વાસ છે તેવા લોકો સુધી ઉપાસના સાધનાનું મહત્ત્વ અને પરિણામ દર્શાવનાર સાહિત્ય પહોંચાડવું જોઈએ. આના સંદર્ભમાં યુગ નિર્માણ યોજના, મથુરાથી આસ્તિકતા-સંવર્ધન પુસ્તકમાળાની ૧૦ પૉકેટ બુક્સનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પુસ્તકોને મંગાવીને ઝોલા પુસ્તકાલય દ્વારા વંચાવી અને પાછા લેવાનો ક્રમ શરૂ કરવામાં આવે તો રોજ દસ વ્યક્તિઓને આસ્તિક બનાવવામાં સફળતા મળી શકે છે.

જે લોકોને જપ કરવા માટે ઉત્સાહિત કરી શકાય તેવા લોકોને તે કરવા માટે સંમત કરવા જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રાતઃસ્નાન કર્યા પછી ગાયત્રી માતાના ફોટા સામે બેસવું. પવિત્રીકરણ, આચમન, શિખાબંધન, પ્રાણાયામ, નમસ્કાર અને પૃથ્વી પૂજનના ષટ્કર્મ કરવાં. કંકુ, ચોખાં, અબીલ, ગુલાલ, ફૂલ અને નૈવેદ્ય વગેરે દ્વારા પૂજન કરવું. પૂજાની વેદી પર અગરબત્તી અને જળકળશનું સ્થાપન અને સામાન્ય પૂજા વિધાન તો બધાં જાણે જ છે. જે જાણતું ન હોય તેને પાંચ મિનિટમાં બતાવીને શિખવાડી શકાય છે. ત્યાર પછી મંત્ર જપ શરૂ કરી દેવા. જપની સાથેસાથે મહાશક્તિનું ધ્યાન સાકારરૂપે કરવું હોય તો દેવ માતાના રૂપે અને નિરાકાર રૂપે કરવું હોય તો પ્રાતઃકાલીન ભગવાન સૂર્ય સવિતા- નારાયણના રૂપમાં કરી શકાય છે. નિયમિત કરાતાં જપની ગણતરી કરવી. જપ કર્યા પછી કળશરૂપે સ્થાપેલા જળપાત્રને સૂર્યને અર્ધ્યરૂપે ચઢાવીને ઉપાસનાનું કાર્ય પુરું કરી શકાય છે. આના માટે વહેલી સવારનો સમય સર્વોત્તમ છે, જો તે બને તો, સગવડ અનુસાર અન્ય કોઈ પણ સમયે કરી શકાય છે. રાત્રે કરવું હોય તો મૌન માનસિક જપ કરવા જોઈએ. સ્ત્રી-પુરુષ, આબાલવૃદ્ધ સહુને માટે આ વિધાન છે. તેમાં જાતિ કે વંશનો કોઈ ભેદભાવ નથી. ઉપાસનાનો પ્રસાર તો બાળકોમાં પણ કરી શકાય છે.

જપ કરવામાં નિયમિતતા, સ્નાન, પૂજાનાં સાધનો વગેરેની વ્યવસ્થા કરવી પડે છે. ઘણા લોકોને આમાં ખરેખર મુશ્કેલી પડે છે. કેટલાક લોકો આળસને કારણે આ પ્રકારની ઝંઝટોથી દૂર રહેવા માંગે છે. રેલવે, હૉસ્પિટલ, પોલિસ, કારખાનાની પાળીઓમાં સૂવા-જાગવાની નિયમિતતા રહેતી નથી. ક્યારેક દિવસે ડ્યૂટી હોય છે તો ક્યારેક રાત્રે ડ્યૂટી હોય છે. તેથી આવે વખતે જ્યારે પણ જાગો ત્યારે સ્નાન કરીને જપ કરી શકાય છે. નાહવાનું ન બને તો શરીરને ભીના કપડાથી લૂછીને ધોયેલાં કપડાં પહેરીને જપ કરવા બેસી શકાય છે. આટલું કરવા છતાં પણ જેનું મન નિયમિત ઉપાસના કરવામાં ચોંટતું ન હોય તેમના માટે સૌથી સારો અને સરળ ઉપાય મંત્રલેખનનો છે. તેમાં સમયની, સ્થાનની, સ્નાનની કે પૂજાનાં સાધનોની કોઈ વિશેષ વ્યવસ્થા કરવી પડતી નથી. સગવડ અનુસાર નવરાશની પળોમાં ગાયત્રી મંત્રલેખન કરી શકાય છે. આ હેતુ માટે વધુ ઉપયોગી નોટો ગાયત્રી તપોભૂમિ, મથુરામાં છપાઈ છે તેમાં ૧૦૦૦ મંત્રલેખન થઈ શકે છે.

કોઈ પણ યજ્ઞમાં ભાગ લેવા માટે ઓછામાં ઓછા એક હજાર મંત્રો લખવાની જરૂર પડે છે પરંતુ જેટલા બની શકે તેટલા વધુ મંત્રો લખવાનો પ્રયત્ન કરવો જોઈએ.

સંકલ્પના દિવસથી માંડીને યજ્ઞના દિવસ સુધી જપ કરવા માટે નિયમિત ઉપાસનાની શરત છે. દરરોજ ઓછામાં ઓછી પાંચ માળા જપ થવા જ જોઈએ. કુલ ૧૦૮ માળાના ઓછામાં ઓછા જપ થવા જોઈએ. આટલું કરવાથી ભાગીદારીની શરત પૂરી થઈ જાય છે પરંતુ આટલું પૂરતું નથી. **'અધિકસ્ય અધિકમ્ ફલમ્'**ની ઉક્તિને ધ્યાનમાં રાખીને આ નિમિત્તે જેટલી વધારે સાધના થઈ શકે તેટલી ઉત્તમ છે. મંત્રલેખનમાં પણ આ જ વાત છે. ઓછામાં ઓછા એકહજાર મંત્રલેખન કરવા પરંતુ જેટલા વધારે લખી શકાય તેટલા લખવાનો પ્રયત્ન કરવો જોઈએ.

અશિક્ષિતોએ **'ૐ ભૂર્ભુવઃ સ્વઃ'**નો ઉચ્ચાર કરતાં શીખવી શકાય. પ્રણવ અને વ્યાહૃતિ ભાગને ગાયત્રીનું શીશ કહેવામાં આવ્યું છે. આ જ પંચાક્ષરી ગાયત્રી પણ છે. અશિક્ષિત વર્ગમાં એટલો જ મંત્ર ચાલી શકે છે. ઉચ્ચારણમાં ભૂલ કે મુશ્કેલી થવાની શક્યતા છે. તેથી આપણી જોડ જોડે બોલાવીને તેનો અભ્યાસ કરાવી શકાય છે. આ પંચાક્ષરી ગાયત્રીનું વધારે સરળ પૌરાણિક સંસ્કરણ-હરિ ૐ તત્ સત્ છે. આ ઉચ્ચારણ ઘણું સરળ પડે છે. જ્યાં પંચાક્ષરી ગાયત્રી બોલવી મુશ્કેલ પડે ત્યાં તે પૌરાણિક સંસ્કરણવાળી પંચાક્ષરી ગાયત્રીથી કામ ચાલી શકે છે. તત્ અને સત્‌ને અનુક્રમે એક એક અલગ અલગ અક્ષર ગણવામાં આવે છે. તેથી આ મંત્રમાં પણ પાંચ અક્ષર જ થાય છે તેથી તેને પંચાક્ષરી કહેવાય છે.

મંત્રલેખનમાં તો આખો ગાયત્રી મંત્ર જ લખવો પડે છે. ક્યાંય પંચાક્ષરી લેખનનું વિધાન જોવા મળતું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નથી. નાનો મંત્ર તો અશિક્ષિતો અને નાનાં બાળકો તથા વાણીદોષવાળાં વિદેશી ભાષીઓ માટે છે. મંત્રલેખનનું કાર્ય તો શિક્ષિત લોકો જ કરી શકે છે તેથી તેમના માટે તો આખો મંત્ર લખવાનું કહ્યું છે. શાસ્ત્રોના મત મુજબ મંત્રલેખનનું ફળ જપ કરતાં દસ ગણું વધારે મળે છે તેથી એક હજાર મંત્રલેખનને ૧૦૮ માળા સમાન ગણવામાં આવે છે. જપ અથવા લખાણમાં કોઈની પણ ભાગીદારી હોઈ શકે છે. જેની પાસે વધારે સગવડ છે અને વધારે ઉત્સાહ છે તેઓ બંને સાધનાઓ એકી સાથે પણ કરી શકે છે.

અત્યંત વ્યસ્ત તથા તદન બિનઅભ્યાસુ લોકો માટે મંત્રલેખન વધારે સરળ પડે છે. જોકે આમ તો ઉપાસનામાં જેટલી તપશ્ચર્યા, કઠોરતા અને શિસ્ત રાખવામાં આવે તેટલું તેનું પરિણામ વધારે સારું મળે છે, પરંતુ જેમનામાં કોઈ જાતનો ઉત્સાહ જ નથી તેઓ તો કંઈ ન કરે તેના કરતાં જો થોડુંઘણું પણ કરે તો વધારે સારું છે. પોતાની મરજી અને પરિસ્થિતિની અનુકૂળતા મુજબ જપ અથવા મંત્રલેખનમાંથી સાધકે પોતાની ઇચ્છામુજબ ગમે તે એકમાં મન લગાવી દેવું જોઈએ. શ્રદ્ધાપૂર્વક કરેલા શુભઆરંભને જો જરૂરી સિંચાઈ મળતી રહે તો નાના બીજમાંથી વિકાસ પામેલ વટવૃક્ષની જેમ તેનો પણ વિકાસ અને વિસ્તાર થઈ શકે છે.

જ્યાં જ્યાં સંસ્કાર મહોત્સવ, પંચકુંડી યજ્ઞ વગેરે હોય ત્યાં ત્યાં યજ્ઞના પ્રયાજ કર્મમાં યજ્ઞમાં ભાગી બનનાર પરિજનો પાસે જપ અથવા મંત્રલેખન સાધના અવશ્ય કરાવવી જોઈએ. મિશનના પ્રાણવાન પરિજનોએ ઘેર ઘેર દેવસ્થાપના કરાવીને ગાયત્રી સાધના આરંભ કરવાનો પ્રબળ પુરુષાર્થ કર્યો છે. જે ઘરોમાં દેવસ્થાપના થઈ છે ત્યાં નિયમિતપણે ગાયત્રી સાધના ચાલી રહી છે કે નહીં તેનું પરિજનોએ ધ્યાન રાખવું જોઈએ. જે લોકો સાધના કરી રહ્યા છે તેમની સાધના વધારવા માટે આગ્રહ કરવો જોઈએ.

અન્ય ધર્મમાં માનનારા ભાઈઓ સાથે પણ સંપર્ક કેળવી ઉપાસના સાધનાનું મહત્ત્વ સમજાવી તેમના ધર્મના મંત્રની સાધના કરવા માટેની પ્રેરણા આપવી. દરેકને વિનંતી કરવામાં આવે કે પોતાની ઉપાસનામા વિશ્વ કલ્યાણની ભાવનાથી સૌના ઉજ્જ્વળ ભવિષ્યની પ્રાર્થનાને પણ સામેલ કરો. જનજનમાં આસ્તિકતાની ભાવના જાગૃત કરવાનો અમારો ઉદ્દેશ છે. આસ્તિકતા અર્થાત્ કાર્યોની અને વિચારોની પવિત્રતા. આસ્તિકતાના માધ્યમથી જ સમાજમાં સ્નેહ, દયા, સહાનુભૂતિ અને આત્મીયતાનો વિસ્તાર શક્ય છે.

જૂના સાધકોએ નવા લોકોને સાધક બનાવીને આસ્તિકતાના સંવર્ધનમાં પોતાના તરફથી શ્રમ અને સમયદાન ફાળવવું જોઈએ. તપ અને બળના આધારે જ ક્રાંતિની રૂપરેખા રચાશે. જગતની દરેક ક્રાંતિ પહેલાં તપશક્તિ એકઠી કરવામાં આવી છે. મહર્ષિ અરવિંદ અને રમણની તપશ્ચર્યાથી સ્વતંત્રતા આંદોલનની સફળતા માટે એક એકથી ચઢે એવી પ્રતિભાઓ આગળ આવી. ગાંધીજીની તપશ્ચર્યાના પરિણામે દેશનો એક એક વ્યક્તિ સ્વતંત્રતા માટે શહીદ થવા તૈયાર થઈ ગયો. આજે ફરીથી એવી જ તપશક્તિ એકત્રિત કરીને યુગસૈનિકોએ પોતાના મનોબળ અને આત્મબળમાં વૃદ્ધિ કરવી જોઈએ. જેથી તેઓ આ મહાસંગ્રામમાં સફળતાપૂર્વક ભાગ લઈ શકે. યુગસૈનિકની શક્તિ પરમાત્માનો સબળ સાથ અને તેનો પોતાનો આત્મવિશ્વાસ હશે.

આસ્તિકતાસંવર્ધન આંદોલનની સંપૂર્ણ રૂપરેખા અને કાર્યક્રમ ક્રાંતિ વિશેષાંકમાં આપેલી છે. તેને પોતાના ક્ષેત્રની સ્થાનિક પરિસ્થિતિ મુજબ ચલાવીને દરેક વ્યક્તિને આસ્તિક બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ આંદોલનની સફળતા માટે યુગનિર્માણ યોજના, મથુરાથી નીચેનાં દસ પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે. (૧) પ્રજ્ઞાયોગની સાધના (૨) ખુદને બદલો (૩) કંઈક તો વિચારો (૪) સ્વયંને ઓળખો (૫) આત્મદર્શન (૬) હવે તો જાગો (૭) જીવ જીવવાની કળા (૮) તુલસી અમૃત સમાન (૯) ગાયત્રી અને યજ્ઞ (૧૦) પુસ્તકાલય સાચાં મંદિરો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પરોક્ષ જગતથી સંચાલિત આપણું વિચાર-ક્રાંતિ અભિયાન

યુગનિર્માણ આંદોલનની પ્રવૃત્તિઓ અને સફળતાઓનો હિસાબ-કિતાબ કરનારને કાર્યકારણનો મેળ બેસાડવામાં સફળતા મળી શકતી નથી. મનુષ્યની પ્રયત્નોની એક હદ છે. તેને પાર કરીને અગણિત પરિસ્થિતિઓ પેદા કરી શકવી કુદરતની વિધિ-વ્યવસ્થાની સહાયથી જ સંભવ બની શકે છે. વર્ષાકાળ જેવી સજલ લીલોતરી, ઠંડી જેવી ધ્રુજારી, વસંત જેવું હાસ્ય, ગરમી જેવો તાપ કોઈ મનુષ્ય પેદા કરી શકતો નથી, ભલે તે ગમે તેટલો સમર્થ કેમ ન હોય. વિચારક્રાંતિ અભિયાનના નામથી જનજનમાં લોકપ્રિય થયેલ યુગનિર્માણ મિશનની સાથે પણ આ હકીકત જોડાયેલી છે. આ માત્ર બૌદ્ધિક, સામાજિક આંદોલન નથી. એનું કેન્દ્રિય તત્ત્વ આધ્યાત્મિક છે. એને પરમ પૂજ્ય ગુરુદેવના અધ્યાત્મ જગતના સૂક્ષ્મ પુરુષાર્થનું સ્થૂળ પ્રતિફળ સમજી શકાય છે. આ અગાઉનાં દિવસોમાં બૌદ્ધિક-સામાજિક આંદોલનો ઓછાં થયાં નથી. પરંતુ તે પૈકી બધાં જ નિષ્ફળ ગયાં છે, કારણ કે તે તપશ્ચર્યાની ઊર્જાથી ઉત્પન્ન થયેલા ન હતા અને દૈવીચેતનાથી સંચાલિત થયા ન હતા. તે માત્ર વિશુદ્ધ માનસિક બૌદ્ધિક ઊપજ હતી.

મનુષ્યના પ્રયત્નોની એક હદ છે. આંધી જેટલી વ્યાપક સફાઈ કરે છે, તેટલી અન્ય કોઈ કરી શકતું નથી. પવન પાછળથી આવે છે તો વાહનોથી લઈને યાત્રીઓની પણ ગતિ વધારી દે છે. આવી અનુકૂળતાઓ સંપૂર્ણપણે સર્જનહારની ઇચ્છા-વ્યવસ્થા પર નિર્ભર રહે છે. તોફાનની સાથે ઊડવા તૈયાર થતાં તણખલાં, પાંદડાં તથા ધૂળના રજકણો આકાશને સ્પર્શતા અને વેરવિખેર થતાં હોવા છતાં પણ ઘણી ઝડપી દોડ લગાવે છે, એને કોણ જાણતું નથી ? જે કમજોરીઓ આજ સુધી ચાલી આવી રહી છે તેને દૈવી ચેતના સાથે જોડાવવા માટે જરૂરથી છોડવી પડે છે, એ વાત સત્ય છે. એના માટે જો બૌદ્ધિક તૈયારીની ઊણપ છે, તો આત્મિક તૈયારીથી આપણે અનેક માઈલ દૂર હોઈએ છીએ.

એના માટે જેમ નેતાઓ અને અનુયાયીઓ બંનેની આવશ્યકતા છે તેમ ગંભીર સાધના, ઊંડું આત્મઅવલોકન અને સતત આત્મનિરીક્ષણની જરૂર છે. આપણા આંદોલનના દિવ્ય ગુરુ અને દિવ્ય સેનાપતિ સાથે, આ મહાન અભિયાનની સંચાલક સત્તા સ્વયં ભગવાન સાથે વિશેષ સંબંધની જરૂરિયાત છે, કારણ કે આપણે તે દિવ્યશક્તિના સાર્થક અને સમર્થ યંત્ર ત્યારે બની શકીએ છીએ, જ્યારે આપણા આંતરિક ઉત્થાનની સાથે, આપણા વિચાર અને કર્મના મૂળમાં એક બૃહત્તર તથા ઉચ્ચતર શક્તિનો સતત અનુભવ કરીએ. એક પછી એક અનુભવથી આપણે આ સત્યને સમજી લેવું જોઈએ કે અપરિપક્વ સાધનાવિહીન પશ્ચિમના અનુકરણના બળ પર આપણે તે સમર્થ સત્તાના યંત્ર બની શકીએ નહીં.

મહર્ષિ અરવિંદ પોતાના ગ્રંથ 'માનવચક્ર'માં રહે છે, "ભારતીયો ! ભારતની આધ્યાત્મિકતા, ભારતની સાધના, તપસ્યા, જ્ઞાન અને શક્તિ જ આપણને મહાન બનાવશે, પરંતુ આપણી ધરતીના આ મધુર ભાવ અંગ્રેજીના ઉતરતા પર્યાયોથી Discipline, Philosophy, Strengthથી ઠીક-ઠીક, રજૂ થતા નથી. તપસ્યા 'ડિસિપ્લિન'થી કંઈક વધુ વિશેષ છે. આ છે ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયકારિણી શક્તિને આધ્યાત્મિક માધ્યમો દ્વારા આપણી દૈહિક સત્તામાં ચરિતાર્થ કરવા 'જ્ઞાન' ફિલોસોફી કરતાં ક્યાંય વધુ ઉદાત્ત છે. આ અંતઃસ્ફુરિત અને સાક્ષાત્ જ્ઞાન છે, જે-તે શક્તિથી પ્રગટે છે, જેને આપણા પૂર્વજોએ 'અધ્યાત્મ દૃષ્ટિ' શબ્દથી ઓળખ્યું છે. શક્તિ 'સ્ટ્રેન્થ' કરતાં ક્યાંય મોટી છે. જે વિશ્વવ્યાપી શક્તિ ગ્રહ-નક્ષત્રોને ગતિમાન કરે છે. યોગીએ જ આંદોલનકારી રૂપમાં ઊભા થવું પડશે. રામદાસે શિવાજીની સાથે એક શરીરમાં જન્મ લેવો પડશે. મેજિનીએ કાવૂરની સાથે મળી જવું પડશે. બુદ્ધિનો આત્માથી, શક્તિનો પવિત્રતાથી વિચ્છેદ યુરોપની ક્રાંતિમાં સહાયક બની શકે છે, પરંતુ યુરોપની શક્તિથી આપણે વિજયી બની શકતા નથી. ભૂતકાળનાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આંદોલનો એટલાં માટે નિષ્ફળ ગયાં, કેમ કે તે વિશુદ્ધપણે બૌદ્ધિક હતા."

ગુરુદેવે પોતાના યુગનિર્માણ આંદોલનમાં ઉપર્યુક્ત દોષોને આવવા ન દીધા. તેમણે એની આધારભૂમિ તપસ્યાને બનાવી. તેમના અંતઃસ્ફુરિત અને સમાધિમાં સાક્ષાત થયેલા જ્ઞાને જ વિચાર-ક્રાંતિનું રૂપ લીધું છે. **એનો શક્તિસ્રોત હિમાલયમાં તપસ્યારત મહાન યોગીઓની ઊર્જા છે, જે પોતાની ઊંડી સાધનાથી વિશ્વવ્યાપી સમષ્ટિ શક્તિને આકર્ષિત કરીને યુગનિર્માણ મિશનને પહોંચાડે છે.** એ શક્તિને ગ્રહણ કરવા માટે ન કેવળ સ્વયં ગુરુદેવ વારંવાર હિમાલય જતા રહ્યા છે, બલ્કે તેમણે મિશનના પ્રત્યેક કાર્યકર્તાને સાધનાક્રમમાં પ્રાણવાન બનાવ્યા છે.

સ્વયં તેમના શબ્દોમાં, "હું એક અતિ પ્રચંડ તપશ્ચર્યા માટે અજ્ઞાત દિશામાં પ્રયાણ કરનાર છું. તેનો એક ઉદ્દેશ એક એવા લોકસેવી વર્ગનો ઉદ્ભવ કરવાનો છે, જે પોતાના ચારિત્ર્ય, વ્યક્તિત્વ, આદર્શ, પ્રભાવથી એક એવા લોકનેતૃત્વના અભાવને દૂર કરી શકે. આજકાલ મહાપુરુષોની એક મોટી હારમાળા અવતરિત થવી જોઈએ, જે યુગપરિવર્તનની મહાન સંભાવનાને સાકાર કરી શકે. ગંગાનું અવતરણ મુશ્કેલ ન હતું, મુશ્કેલી ભગીરથ પેદા થવામાં હતી. મનુષ્ય મહાન છે. જો તેનામાં મહાનતાની ઈચ્છિત માત્રા પ્રગટ થઈ શકે, તો તે સાચા અર્થમાં ભગવાનનો પુત્ર અને પ્રતિનિધિ સાબિત થઈ શકે છે. હવે પછીના દિવસોમાં એવા ભગીરથોની જરૂરિયાત જણાશે કે જેઓ દુનિયાનો કાયાકલ્પ કરવામાં અને શાંતિની ગંગા નદીનું અવતરણ સંભવ કરી શકવામાં સમર્થ તથા સફળ થઈ શકે.

અમારી તપશ્ચર્યાનો ઉદ્દેશ દુનિયાના પ્રત્યેક દેશમાં, જનજીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ભગીરથોનું સર્જન કરવાનો છે. તેમના માટે અપેક્ષિત શક્તિ, સામર્થ્યનાં સાધનો પૂરાં પાડવાનાં છે. સીધુ સામાન અને હથિયારો સિવાય સૈન્ય લડી શકતું નથી. નવનિર્માણ માટે પ્રખર નેતૃત્વ પડદા પાછળ રહીને અમે પૂરું પાડીશું અને જરૂરી શક્તિ તથા પરિસ્થિતિઓ પેદા કરીશું. અમારી ભાવી તપશ્ચર્યા દ્વારા આ સંભવ બની શકશે અને થોડા જ સમયમાં પ્રત્યેક ક્ષેત્રમાં, દરેક દિશામાં સુયોગ્ય લોકસેવકો પોતાનું કાર્ય કુશળતા અને સફળતાપૂર્વક કરતાં જોવા મળશે. શ્રેય તેમને જ મળશે અને મળવું જોઈએ. યુગનિર્માણ આંદોલન સંસ્થા નથી, દિશા છે, તેથી અનેક કામ લઈને આ ઉદ્દેશને માટે અનેક સંગઠનો તથા પ્રક્રિયાઓનો ઉદય થશે." ગુરુદેવની આ ભાવપૂર્ણ અભિવ્યક્તિ યુગનિર્માણ આંદોલનનાં બધાં આંદોલનની તુલનામાં સર્વથા ભિન્ન અર્થ બતાવે છે.

તપ, જ્ઞાન અને શક્તિથી સંકળાયેલ આ આંદોલન હેઠળ જે પ્રક્રિયાઓ હાથ ધરાઈ, એને તેમણે માર્ચ, ૧૯૬૯માં સ્પષ્ટ કરતાં કહ્યું હતું, "આ ટૂંકાગાળામાં અમારાં પાંચ મુખ્ય કાર્યો થયાં છે : (૧) ભારતીય ધર્મના આર્ષ સાહિત્યનું આદિથી અંત સુધી સરલીકરણ અને દુનિયામાં પ્રસાર, (૨) ગાયત્રી મહાવિદ્યાનું સંશોધન, તેનો વિશ્વવ્યાપી વિસ્તાર, કરોડો વ્યક્તિઓને નૈષ્ઠિક ઉપાસનાની શિક્ષા-દીક્ષા, ગાયત્રી પરિવાર સંગઠનનું સર્જન, (૩) ગાયત્રી યજ્ઞોના માધ્યમથી ધર્મ ભાવનાઓનો વ્યાપક ફેલાવો, દેશમાં હજારો વિશાળકાય સંમેલનો, (૪) યુગનિર્માણ મિશનનું જનમાનસ પરિવર્તન અને વિચારક્રાંતિનું વિશ્વવ્યાપી અભિયાન, (૫) સતત તપસાધના દ્વારા પ્રાપ્ત શક્તિનું સત્પાત્રોની ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિ માટે વિતરણ વ્યવસ્થા."

માર્ચ, ૧૯૬૯થી જુલાઈ ૧૯૯૭ સુધી આ બધા કાર્યક્રમોનો વિસ્તાર કેટલાય ગણો થઈ ગયો છે. ગાયત્રી ઉપાસના કરનારાઓની સંખ્યા કરોડોની થઈ ગઈ છે. આજ સુધીમાં વિશ્વભરમાં પાંચ હજારથી વધુ શક્તિપીઠો સ્થાપિત થઈ ગઈ છે. નાના-મોટા સ્તરના યજ્ઞ આયોજનોની સંખ્યા લાખથી આગળ વધીને કરોડની સંખ્યા સુધી પહોંચી છે. વિચારક્રાંતિ અભિયાન પોતાનો વિશ્વવ્યાપી પ્રચાર કરવામાં જોડાયેલ છે.

આ વિચારક્રાંતિના ક્રિયાપક્ષને સ્પષ્ટ કરતા તેમણે બતાવ્યું હતું, "અગ્નિને સપ્તજિહ્વાવાળી બતાવી છે. પ્રાણયોગમાં ગાયત્રી મહામંત્રની સાથે સાત વ્યાહૃતિઓનો સમાવેશ થાય છે. વિચારક્રાંતિ પણ સાત ધારામાં વહેનારી છે. એની આ સાત ધારાઓ -


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(૧) આદર્શ વિવાહ, (૨) કુરીતિ નિવારણ, (૩) શિક્ષા અભિવર્ધન, (૪) સ્વાસ્થ્ય-સંરક્ષણ, (૫) જીવદયા, (૬) સહકારિતા, (૭) પ્રેરક મનોરંજન છે."

સમગ્રતયા આ યુગના મહાનતમ અભિયાનના રૂપમાં યુગનિર્માણ આંદોલનની ગણના કરી શકાય છે. સમયની આવશ્યકતા, યુગનો પોકાર અને ઈશ્વરીય ઈચ્છાના સંયુક્ત રૂપમાં પોતાની ઓળખ આપનાર આ અભિયાનનો પ્રભાવ ગુરુદેવની ભવિષ્યવાણીને સત્ય સાબિત કરશે. નજીકના ભવિષ્યમાં જ સડેલી અને અનિચ્છનીય માન્યતાઓ અને પ્રવૃત્તિઓ પોતાનું અસ્તિત્વ ગુમાવી દેશે અને વિવેક, ન્યાય અને યોગ્યતાના આધાર પર નવા સ્વરૂપે જનસમાજની મનોવૃત્તિઓ, ચિંતનની દિશાઓ, કાર્યપદ્ધતિઓ અને આચારસંહિતાઓનું નિર્ધારણ થશે. આજે સમગ્ર દુનિયા વૈજ્ઞાનિક વિકાસને કારણે દિવસે દિવસે ખૂબ નાની બની રહી છે. ઘણે દૂરના પ્રદેશો ગલી-મહોલ્લાની માફક એકબીજાની નજદીક આવતા રહ્યા છે. એક સ્થળની ઘટનાઓનો પ્રભાવ વ્યાપક ક્ષેત્ર પર પડે છે અને "વસુધૈવ કુટુંબકમ્"નો આદર્શ હવે જાણે-અજાણ્યે કે ન ઈચ્છવા છતાં પણ એક પ્રત્યક્ષ હકીકત બની રહ્યો છે. એક વિશ્વ, એક રાષ્ટ્ર, એક જાતિ અને સંસ્કૃતિ, એક આચાર અને એક વિચારની જરૂરિયાત લોકો ઝડપથી અનુભવી રહ્યાં છે. હવે પૂરેપૂરી શક્યતા છે કે આ આધાર પર નવો સંસાર, નવો સમાજ અને નવો વ્યક્તિ બનવા-બદલાવવા સિવાય બીજો કોઈ ઉપાય નથી. યુગ-નિર્માણ આંદોલન બદલાતા જમાનાને અનુરૂપ વ્યક્તિ અને સમાજને બનાવવા અને સજાવવાની પ્રક્રિયા તીવ્ર કરવાને કારણે પોતાની સ્વાભાવિક શ્રેષ્ઠતા સિદ્ધ કરે છે.

આ આંદોલન કેવળ સમગ્રતાની દૃષ્ટિથી જ શ્રેષ્ઠ નથી, બલ્કે આજના સમયની અવતાર ચેતનાનાં કાર્યોનું મૂર્ત રૂપ છે. પરમ પૂજ્ય ગુરુદેવ યુગનિર્માણ આંદોલનના સંચાલક અને નિયંત્રક હોવા છતાં પણ કદી પોતાને એક લોકસેવક કરતાં વિશેષ માન્યા નથી, કારણ કે તેમના મત મુજબ લોકો વ્યક્તિ પૂજાને પૂરતી ગણે છે, તેઓ મિશનની ઝંઝટમાં પડવું જરૂરી માનતા નથી. તેમની દૃષ્ટિમાં શરીર પૂજા તો મૂર્તિપૂજા માત્ર છે, દેવપૂજા તો શ્રદ્ધાસ્પદ પ્રાણપ્રવાહની સાથે વહેવામાં છે. આ પ્રાણપ્રવાહ, અવતારી સત્તાનો શક્તિપ્રવાહ સ્પષ્ટપણે યુગનિર્માણ આદોલનનાં કાર્યોમાં પ્રવાહિત થયો. આને કારણે તેમણે યુગનિર્માણ આંદોલનને અવતાર પ્રક્રિયાનું નામ આપ્યું. તેમના જ શબ્દોમાં કહીએ તો સદ્ભાવનાઓનું ચક્રવર્તી સાર્વભૌમ સામ્રાજ્ય જે યુગ અવતારી નિષ્કલંક ભગવાન દ્વારા સર્જાનાર છે, તે બીજું કંઈ નહીં, વિશુદ્ધ રૂપથી આપણું યુગનિર્માણ આંદોલન જ છે.

આ કોઈ એક અથવા થોડા વ્યક્તિઓનું પાગલ-પન કે એવી કંઈ હલચલ પેદા કરનાર શોરબકોર નથી, બલ્કે એની પાછળ અત્યંત મહત્ત્વપૂર્ણ હકીકત અને પ્રચંડ શક્તિપ્રવાહ સમાયેલ છે. તેની સાથે પરિસ્થિતિઓની એવી જટિલ પ્રેરણાઓ સંકળાયેલી છે કે બધાને આ દિશામાં ચાલવા માટે લાચાર થવું પડશે, જે દિશામાં આપણા પ્રયત્નો વધી રહ્યા છે. યુગ પરિવર્તન અને નવનિર્માણની વાતો ઘણા લોકો કરે છે, પરંતુ તેમની સામે કોઈ સ્પષ્ટ રૂપરેખા નથી. જો હોય તો એટલી સંદિગ્ધ અને ધૂંધળી છે કે વર્તમાન લોકમાનસ કદાચિત્ જ તેને સ્વીકારે અને હૃદયંગમ કરે. સમય બતાવશે કે આ સદીનું સૌથી મહત્ત્વપૂર્ણ અને સાચી દિશા બતાવનારું અભિયાન કયું હતું ? તે મૂલ્યાંકનમાં આ આંદોલન પોતાની વિશેષતા અને દૂરદર્શિતાને લીધે નિઃસંદેહ ઘણું યોગ્ય અને સાચું સાબિત થશે.

આનું કારણ એ છે કે આ અભિયાનનું લક્ષ્ય એક બે વ્યક્તિઓ, કોઈ ધર્મવિશેષ અને વર્ગવિશેષમાં પરિવર્તન લાવવાનું નથી. પ્રશ્ન છે સમગ્ર માનવસમાજને આધ્યાત્મિક સમાજમાં બદલવાનો છે. એક-બે વ્યક્તિઓનો સવાલ હોય તો તેને પ્રલોભન, દબાણ, સલાહ, અથવા કૂટનીતિની સહાયથી બદલી શકાય અને અપેક્ષિત દિશામાં ચલાવી શકાય છે. પરંતુ જ્યાં ૬૦૦ કરોડ વ્યક્તિઓના ભાગ્યનું નિર્માણ કરવાનું હોય, અનેક ભાષા-ભાષી, અનેક વાતાવરણમાં ઉછરેલા, અનેક પરિસ્થિતિઓથી ઘેરાયેલા અને અનેક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંસ્કારોથી બંધાયેલા, અનેક પરંપરાઓથી ટેવાયેલા લોકોનો સવાલ હોય, ત્યાં તેમની માન્યતાઓમાં ઉચ્ચ સ્તરના સંસ્કારોનું આરોપણ કરવા અને આદર્શોનું પાલન કરવા માટે તત્પર બનાવવા કેટલું મુશ્કેલ બની શકે છે, એ બાબતનું અનુમાન સહજ કરી શકાય છે. આવા મહાન ઉદ્દેશ માટે માનવી નહીં દૈવીશક્તિ જોઈએ. માનવીશક્તિના દબાણમાં મનુષ્ય હા માં હા મિલાવી શકે છે, પરંતુ અંતરાત્માનું બદલાઈ જવાની વાત અસાધારણ છે. ભગવાન મહાકાલ આ આંદોલન મારફત આમ જ કરનાર છે.

આધ્યાત્મિક સમાજની પ્રતિષ્ઠાપના માટે સંકલ્પિત અને સતત ક્રિયાશીલ અવતાર ચેતનાના કાર્યને વધુ તીવ્રતર, તીવ્રતમ બનાવવા માટે આજકાલ અનેક દિવ્ય આત્મોનું અવતરણ થયું છે અને થઈ રહ્યું છે. શ્રી અરવિંદ આશ્રમનાં માતાજીના કથન અનુસાર, "એ યોગ્ય છે કે ૧૯૫૬માં અતિમાનસ પૃથ્વીના વાતાવરણમાં પેદા થયું છે અને કાર્ય કરી રહેલ છે. એનાથી માનવ પ્રકૃતિમાં તીવ્રતા આવી છે, પરંતુ જે શિખર પર આરોહણ કરવાનું છે, ત્યાં પહોંચવામાં ઘણો સમય જાય તેમ છે. આ ગાળો ત્યારે ઓછો થઈ શકે છે, જો પૃથ્વી પર વશિષ્ઠ, વિશ્વામિત્ર, યાજ્ઞવલ્ક્ય, ઉદ્દાલક, અગસ્ત્ય, વ્યાસ, વાલ્મીકિ જેવા ઉચ્ચ કક્ષાના ઋષિ અને ઈન્દ્ર આદિ દેવતા સેંકડો-હજારોની સંખ્યામાં જન્મ લઈને આ કાર્યમાં સહકાર આપે." શ્રી અરવિંદે પોતાના એક પત્રમાં લખ્યું છે, "કેટલીક મહાન આત્માઓ આ કાર્યમાં સહકાર આપવા માટે પૃથ્વી પર આવી ગઈ છે."

પરમ પૂજ્ય ગુરુદેવનું પ્રાગટ્ય અને તેમના યુગનિર્માણ અભિયાને આ ગતિને વિશેષ તીવ્ર બનાવી છે. તેમના માનવા મુજબ ભારતને સ્વતંત્ર બનાવવા માટે ત્રીસ વિશિષ્ટ આત્માઓનું અવતરણ થયું હતું. હવે આધ્યાત્મિક સમાજની સ્થાપના માટે ત્રણસો કરતાં વધુ દિવ્ય આત્માઓ અવતરી રહ્યા છે. એમાંથી કેટલાકે જન્મ લઈ લીધો છે અને કેટલાક જન્મ લેનાર છે. આ હકીકતને સ્પષ્ટ કરતું તેમનું કથન છે, "યુગ પરિવર્તન એવો અવસર છે, જેમાં અનાદિકાળથી લઈને આજ સુધી મોટેભાગે પ્રબુદ્ધ આત્માઓ મનુષ્ય શરીરોમાં વિરાજમાન થતા હોય છે. વિશ્વામિત્ર, અત્રિ, કપિલ, કણ્વ, વ્યાસ, વશિષ્ઠ, ભારદ્વાજ, યાજ્ઞવલ્ક્ય, ગૌતમ, નારદ, લોમશ, મહાવીર, બુદ્ધ, શંકરાચાર્ય, કુમારિલ આદિ ઋષિ, વિવેકાનંદ, રામતીર્થ, તુકારામ, એકનાથ, જ્ઞાનેશ્વર, કબીર, નાનક, રૈદાસ, રામકૃષ્ણ પરમહંસ, સૂરદાસ, તુલસીદાસ આદિ ભક્ત, અર્જુન, દ્રોણ, કર્ણ આદિ યોદ્ધા, ચાણક્ય, શુક્રાચાર્ય આદિ નીતિજ્ઞ, હરિશ્ચન્દ્ર, શિબિ, દધીચિ, મોરધ્વજ, ભામાશાહ જેવા ઉદાર પરોપકારી, અનસૂયા, મદાલસા, કુંતી, દ્રૌપદી, સુભદ્રા, સત્યવતી, મૈત્રેયી, ગાર્ગી, ભારતી, દુર્ગાવતી, લક્ષ્મીબાઈ, આમ્રપાલી, અહલ્યાબાઈ, સારંન્ધા જેવી દેવીઓ, અભિમન્યુ, ધ્રુવ, પ્રહ્લાદ, ફત્તેહસિંહ જોરાવર જેવાં વીર બાળકો આજકાલ મોજૂદ છે. તેઓ સામાન્ય જીવન વિતાવી રહ્યા છે. હાલમાં તેઓ સાધારણ સ્થિતિમાં છે. પરંતુ હવે પછીના દિવસોમાં તેઓને અસાધારણ બનવામાં વાર લાગશે નહીં. લોકોને આશ્ચર્ય થશે કે કાલનો સાધારણ સમજાતો વ્યક્તિ આજે આટલો અસાધારણ-આટલો મહાન કેવી રીતે બન્યો ? આ બધી મહાકાલની યુગનિર્માણ, પ્રત્યાવર્તન (પાછા આવવાની) મહારાસના દિગ્દર્શન જેવી જ અદ્ભુત ઘટનાઓ હશે."

દૈવી ચેતનાના પ્રભાવથી આ આંદોલનને ગતિ આપવા માટે વિશ્વના બધા ધર્મોના દેવદૂતોનું આગમન થઈ રહ્યું છે. વિવિધ સમય પર જેમણે વિશ્વની રાજનૈતિક, નૈતિક, બૌદ્ધિક, આર્થિક પરિસ્થિતિઓને સુધારવા માટે પોતાની રીતે માનવજાતિની મહત્ત્વપૂર્ણ સેવા કરી છે, એવા અનેક અનુભવી, પ્રતિષ્ઠિત અને કસાયેલ આત્માઓ અવતરિત થઈ રહ્યા છે. જે જન્મી ચૂક્યા છે, તેઓ યોગ્ય સમયે પોતાનું આવરણ દૂર કરીને પ્રગટ થશે. જેમનો જન્મ થયો નથી તેઓ ઘર શોધી રહ્યા છે અને અવસર મળતાં જન્મ લેશે. આ રીતે થોડા સમયમાં ભારત મહાપુરુષોનો એક રત્નભંડાર બનીને પોતાનું અસ્તિત્વ પ્રગટાવશે.

મહાકાલ અને તેની લીલાના સાથીદારોની સક્રિયતાની વર્તમાન પળો સાધારણ નથી. માનવ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઈતિહાસના વર્તમાન વળાંક પર દૈવી આદેશથી આધ્યાત્મિક જગતના સૌથી મહાન ઋષિગણ ધર્મચક્ર પ્રવર્તનમાં જોડાયેલ છે. ઈતિહાસ સમક્ષ આટલું મોટું કાર્ય કદી આવ્યું નથી. પૂજ્ય ગુરુદેવના કથન અનુસાર, "આપણા બધાના જીવનની આ પળોમાં આજે અને કાલે કંઈ વિશેષ વ્યાપક થઈને વર્તમાન અને ભવિષ્યનો પોશાક પહેરી લીધો છે. મિલનની આ વેળા કોઈ દસકા કે શતકની નથી, પરંતુ સહસ્રાબ્દિઓની છે. બે યુગો (સદીઓ)નો સંધિકાળ છે. આવી સ્થિતિમાં મિલન-મુહૂર્તનું ગૌરવ અસંખ્ય ગણું વધી જાય તે સ્વાભાવિક છે અને ખરેખર પરિવર્તનનું આ પર્વ બની ગયું છે. દશ્યજગતનાં સ્પંદનો, કોઈ અદશ્ય મહાશક્તિના સંકેતો મુજબ તીવ્રથી તીવ્રતર-તીવ્રતમ બની રહ્યા છે."

શ્રી અરવિંદે આ અલૌકિક સમયને ભાગવત મુહૂર્તનું નામ આપ્યું. ગુરુદેવે એને એક બીજું નામ આપ્યું 'યુગસંધિ કાળ' તેમના મત મુજબ જેમ ઋષિ-મુનિ, વનવાસી પોતાના નજદીકના જળાશય પર સંધ્યાવંદન કરવા એકત્રિત થઈ જાય છે, તેમ આ સંધ્યાકાળમાં સર્વ ઉચ્ચ આત્માઓ મહાકાળનું પુણ્ય-પ્રયોજન પૂરું કરવા માટે હયાત છે. યુગનિર્માણ આંદોલન એ આત્માઓની સમન્વિત રૂપની ક્રિયાત્મક અભિવ્યક્તિ છે. એને પૂર્ણ કરવાની પ્રક્રિયાને સ્પષ્ટ કરતા તેમના શબ્દો છે, "નવો યુગ લાવવા માટે કેટલાક વિશેષ મહત્ત્વપૂર્ણ દુસ્સાહસભર્યા રચનાત્મક અને સંઘર્ષાત્મક પગ ઉપાડવા પડશે. મોટાં પરિવર્તનોની પાછળ મોટી કાર્યપદ્ધતિઓ જોડાયેલી રહે છે. આપણે અચૂક નાનાં-મોટાં આંદોલનો હાથ ધરવાં પડશે. સંઘર્ષ કરવો પડશે. પ્રશિક્ષણ સંસ્થાઓ ચલાવવી પડશે તથા રચનાત્મક કાર્યો માટે વિશાળ કદની સંસ્થાઓનું સર્જન કરવું પડશે. આ અતિવ્યાપક અભિયાનમાં લાખો મનુષ્યોનો શ્રમ, ત્યાગ અને બલિદાન, સૂઝબૂઝ અને પ્રયત્ન-પુરુષાર્થ લગાડવામાં આવશે."

ભારતના અગાઉના રાષ્ટ્રીય સ્વતંત્રતા આંદોલનમાં કેટલી માનવશક્તિ અને કેટલી ધનશક્તિ ખર્ચાઈ હતી, એ બાબત સર્વવિદિત છે. આ બાબત ભારત સુધી અને તેના રાજનૈતિક ક્ષેત્ર સુધી સીમિત હતી. યુગનિર્માણ આંદોલનનું કાર્યક્ષેત્ર તેનાથી સેંકડો ગણું મોટું છે. આપણું કાર્યક્ષેત્ર સમગ્ર વિશ્વ છે અને પરિવર્તન માત્ર રાજનીતિમાં જ નહીં, બલ્કે વ્યક્તિ તથા સમાજના પ્રત્યેક ક્ષેત્રમાં ક્રાંતિકારી ઢંગથી રજૂ કરવાનું છે. એના માટે કેટલાય સર્જનાત્મક અને કેટલાય સંઘર્ષાત્મક મોરચા ખોલવા પડશે, એની કલ્પના કોઈ પણ દૂરદર્શી કરી શકે છે. વર્તમાન અવ્યવસ્થાને સુવ્યવસ્થામાં બદલવાનું કામ ઘણું મોટું છે. માનવીય મગજની (વિચારોની) દિશા, આકાંક્ષા, અભિરુચિ અને સ્વભાવને બદલવાનું, કનિષ્ઠતાના સ્થાન પર શ્રેષ્ઠતાની સ્થાપના કરવાનું કામ અને તે પણ સમગ્ર પૃથ્વી પર રહેનારા છસો કરોડ વ્યક્તિઓમાં, નિઃસંદેહ એક ઘણું મોટું ઐતિહાસિક કામ છે.

યુગનિર્માણ આંદોલનના અદશ્ય સૂત્રસંચાલક એના માટે અનેક અગ્રણી વ્યક્તિઓ, અસંખ્ય આંદોલનો અને અસીમ ક્રિયાતંત્રોનો સમન્વય કરશે. આ એક નિશ્ચિત ઘટનાર પ્રક્રિયા છે, જેને મહાકાળ પોતાની રીતે હાથ ધરી રહેલ છે. આજની વૈજ્ઞાનિક પ્રગતિની માફક કાલે ભાવનાત્મક ઉત્કર્ષ માટે પ્રબળ પ્રયત્નો થશે અને એ ઘટના હર કોઈ આંદોલનો મારફત ઘટી જોવા મળશે. એમાં એક-એકથી ચઢિયાતા શાનદાર વ્યક્તિત્વ અને શક્તિશાળી સંગઠનો ગજબની ભૂમિકા ભજવતા જોવા મળશે.

હવે પછીના દિવસોમાં અદૃશ્ય સત્તાનો આ ચમત્કાર મૂર્ત સ્વરૂપે જોવા મળશે. એને ભવિષ્યવાણી ન સમજતાં એક વાસ્તવિક સ્થિતિ સમજવી જોઈએ. કાલે જ્યારે તે સ્થિતિ નજીક આવી પહોંચશે ત્યારે તેને હર કોઈ પ્રત્યક્ષ જોશે. હવે પછીના દિવસોમાં વિશ્વનું સમગ્ર પરિવર્તન કરનાર એક ભયંકર તોફાન વીજ ગતિથી આગળ વધી રહ્યું છે. જે આ સડેલા વિશ્વને સમર્થ, પ્રબુદ્ધ, સ્વસ્થ અને સર્વશ્રેષ્ઠ બનાવીને જ શાંત થશે. હવે પછીના દિવસોમાં જે સોનેરી પ્રભાતનો ઉદય થનાર છે, તેના સ્વાગતની તૈયારી માટે આપણે યુગનિર્માણ આંદોલનમાં સક્રિય ભાગીદારી નિભાવીને ભગવાનના સાથીદાર, સેવક અને સહયોગીની ભૂમિકા આગળ પડતી ભજવવી જોઈએ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# નારીજાગરણ માટે દરેક જણ સહકાર આપે

મનુષ્ય જાતિ નર નારી એમ બે વિભાગોમાં વહેંચાયેલી છે. બંનેની સંખ્યા લગભગભગ એકસરખી છે. આ બંને પૈડાં પર માનવસમાજની ગાડી ચાલે છે. એક પણ પૈડું તૂટી જાય તો તેનું માળખું હચમચી જાય છે અને ગતિશીલતા સમાપ્ત થઈ જાય છે. ભારતીય નારીની દુર્દશા કેટલી હદ સુધી પહોંચી ગઈ છે તેનાથી કોઈ અજાણ નથી. મધ્યયુગના અજ્ઞાન અંધકાર યુગમાં તેની પાસેથી બધા જ માનવોચિત અધિકારો છીનવી લેવામાં આવ્યા અને તેની દશા ખરીદેલા પશુ જેવી બનાવી દીધી. શિક્ષણ, સ્વાસ્થ્ય, અનુભવ, અધિકાર, સ્વાવલંબન વગેરે બધાં જ ક્ષેત્રોમાં પુરુષની સરખામણીમાં તે પછાત રહી. વ્યક્તિત્વને સ્થિર અને વિકસિત કરવાના અવસરો જ જયાં છિનવાઈ ગયા ત્યાં દુર્બળતા અને દુર્દશાનું હોવું સ્વાભાવિક હતું. આમ જોવા જઈએ તો ભારતનો પુરુષ વર્ગ પણ ક્યાં યોગ્ય સ્તર સુધી પહોંચી શક્યો છે ? દુનિયાના અન્ય દેશોની સરખામણીમાં આપણો દેશ પછાત છે તે તો સૌ કોઈ જાણે છે, પછી પુરુષની સરખામણીમાં સ્ત્રીઓની સ્થિતિ તો વધારે દયાજનક છે.

આ પરિસ્થિતિમાંથી ભારતીય નારીનો ઉદ્ધાર કર્યા સિવાય આપણી સ્વતંત્રતા અધૂરી રહેશે. રાજનૈતિક દૃષ્ટિએ આપણે સ્વતંત્ર થયા, પરંતુ પરાધીનતાનાં બંધનોમાં જકડાયેલો સમાજ તો યથાવત્ જ રહ્યો છે. વિદેશીઓ દ્વારા ભારતીય જનતાનું જે શોષણ અને પીડન થઈ રહ્યું હતું તેનાં કરતાં પણ વધારે શોષણ અને અત્યાચાર નર દ્વારા નારી ઉપર થતા રહ્યા છે. દેશનો અડધો સમાજ આ રીતે બંધનાવસ્થામાં હોય છતાં પણ દેશની સ્વતંત્રતાનો દાવો કરવો એક જાતની મશ્કરી જ છે.

આ પરિસ્થિતિને બદલવી જ પડશે. દુનિયાના ઉજ્જવળ ભવિષ્યમાં ભારત પોતાનું યોગદાન આપી શકે તે માટે આપણા સમાજને દરેક રીતે પ્રગતિશીલ બનાવવો જ પડશે અને આ દિશામાં ભયંકર પછાતપણાને દૂર કરવા માટે નારીના ઉત્કર્ષ માટે સઘન પ્રયાસો કરવા પડશે. ગાડીનાં બંને પૈડાં બરાબર ન હોય તો પ્રગતિની મંજિલ સુધી પહોંચી શકાય નહીં. તેથી આપણી અડધી વસતીને પશુતામાંથી મનુષ્યતા સુધી પહોંચાડવાનું કામ એટલું જરૂરી અને મહત્ત્વપૂર્ણ છે કે તેની કોઈ કાળે અવગણના કરી શકાય તેમ નથી.

ભારતીય નારીની પરિસ્થિતિ સુધારવા માટે સ્ત્રીઓએ જ પ્રત્યક્ષપણે આગળ આવવું પડશે. પુરુષો તેમને પરોક્ષ રૂપે મદદ કરી શકે છે. શરૂઆતમાં પુરુષોની પાછળ સ્ત્રીઓ કામ કરતી રહેશે. શાખા મંડળો ઊભાં કરવાથી તેને કાર્યરત્ બનાવવાની જવાબદારી પુરુષોની રહેશે. ઘાયલ નારી આજની પરિસ્થિતિમાં એકલી આટલું મોટું સાહસ ખેડી શકે નહીં. બહુ ઓછી સ્ત્રીઓ પોતાની મહેનતથી આ રીતનાં સંગઠનો ઊભાં કરી અને ચલાવી શકે. લોકમંગલની ભાવના રાખનારા સજ્જન સૈનિકોએ પોતાના ઘરની સ્ત્રીઓને પહેલાં તો આગળ કરવી પડશે. તેમને પ્રોત્સાહન, તાલીમ, માર્ગદર્શન અને સમય આપવાની સાથે અન્ય સાધનો પણ એકત્રિત કરવાં પડશે.

આ મંડળીની 'સભ્ય' (સદસ્ય) તો સ્ત્રીઓ જ બની શકે પરંતુ પુરુષો 'સહાયક સભ્ય' તરીકે ચાલી શકે. આ સંગઠનોમાં આગળ પડતો ભાગ સ્ત્રીઓ જ ભજવશે અને કાર્યક્રમોનું સંચાલન પણ સ્ત્રીઓ જ કરશે. પરંતુ સહાયક પુરુષો પડદા પાછળ રહીને બધી વ્યવસ્થા કરશે અને સામગ્રીની ગોઠવણ કરી આપશે. સૌથી પહેલું કામ 'સદસ્ય' અને 'સભ્ય' બનાવવાનું છે. યુગનિર્માણ પરિવારના સદસ્યો પોતાની પત્ની, બહેન, પુત્રી અથવા તો થોડી ઘણી પણ સક્રિય જણાતી સ્ત્રીને સભ્ય બનાવે અને પોતે સહાયક બને. અમુક લોકોએ સમૂહમાં નીકળી પોતાના પરિચિત વિસ્તારમાં બંને પ્રકારના સભ્યો બનાવવાનું કામ પૂરું કરવું. જે સ્ત્રી સૌથી વધારે સક્રિય, હોશિયાર અને સમય આપી શકે તેવી હોય તેને 'કાર્યવાહક' બનાવી દો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શરૂઆતમાં જ બંને પ્રકારના સભ્યો જેટલા બની શકે તેટલા વધારે બનાવી લો. જેથી શાખાની શરૂઆત થઈ જાય. પછી પાછળથી તો તેમનો વિસ્તાર થતો જ રહેશે. સભ્યો તથા સદસ્યોના પૂરાં નામ-સરનામાંવાળી નોંધ તથા કાર્યવાહકનું નામ, શાખા કાર્યાલયનું સ્થળ, તથા પત્રવ્યવહાર માટેનું પૂરું સરનામું મથુરા મોકલી આપવું. જ્યાં શાખાને માન્યતા મળે કે સમજી લેજો કે શાખા સંગઠનની સ્થાપનાનું કાર્ય પૂરું થઈ ગયું. આશા રાખીએ કે સમય ગુમાવ્યા વિના જેમ બને તેમ જલદી પૂરા ઉત્સાહ સાથે આ કાર્ય કરવું અને પછીના મહીના સુધીમાં જ્યાં પણ શક્ય હોય ત્યાં સુવ્યવસ્થિત શાખાઓ સ્થાપવાનું કાર્ય પૂરું કરી લેવામાં આવે.

**દરેક પરિજન અભિયાનમાં રુચિ દાખવે**

માનવસમાજની સર્વોપરી સમસ્યા - નારી પુનરુત્થાનની છે. તે માટેના વ્યાપક પ્રયત્નો સંગઠિત આંદોલનના રૂપે જ થઈ શકે તેમ છે. તેના માટે યુગનિર્માણ પરિવારના સદસ્યોને કહેવામાં આવ્યું છે કે તેમના પરિચિત વિસ્તારની મહિલાઓને આગળ કરીને એક નાનાં મોટાં સંગઠનની સ્થાપના કરવી અને નિયમિત સાપ્તાહિક સત્સંગ શરૂ થાય ત્યાં સુધી તેનું પૂરેપૂરું સૂત્ર સંચાલન કરવું. પછીથી તો પ્રગતિચક્ર એની જાતે ફરવા માંડશે. ત્યાં સુધીમાં તેમની જવાબદારી પણ ઓછી થઈ જશે.

પરંતુ એવા પણ અનેક લોકો છે જે સંગઠન ઊભું કરી શકે તેમ નથી, કાં તો આ દિશામાં તેમનો અનુભવ ઓછો છે અથવા તો વ્યસ્તતા કે અન્ય કારણોસર તેમના માટે સક્રિયપણે વધુ કંઈ કરી શકવું મુશ્કેલ છે. તેવા લોકો પોતાના ઘરને અને કુટુંબને જ નારી પુનરુત્થાનનું એક નાનું ઘટક માની લે અને તેટલા જ ક્ષેત્રમાં તેઓ ઘણું બધું કરી શકે તેમ છે. કુટુંબમાં સ્ત્રીઓ પણ હોય છે અને પુરુષો પણ હોય છે. પુરુષ વર્ગ પોતાના ઘરની સ્ત્રીઓને તેમની સ્થિતિ પ્રમાણે ગમે તે રીતે વધારે સુયોગ્ય અને શક્તિશાળી બનવાનું માર્ગદર્શન આપી, તેમને સગવડ અને સહકાર આપે. સ્ત્રીઓ તે પ્રયત્નોમાં રસ લે અને આજ કરતાં કાલે વધારે શક્તિશાળી, સુયોગ્ય અને સક્રિય બનવાનો પ્રયત્ન કરે, આ રીતે દરેક પરિવાર પોતાના સીમિત ક્ષેત્રના સહજ સંગઠનને નવજાગૃતિના તેજપૂંજોથી પ્રકાશિત કરી શકે છે. દરેક ભાવુક મનુષ્ય આ પ્રકારનો પ્રયત્ન કરી શકે છે. તેથી આપણામાંથી કોઈ એક જણ પણ એમ ન કહી શકે કે અમે આ અભિયાનમાં સામેલ નથી થઈ શકતા અથવા તો તેમાં મદદ કરી શકીએ તેમ નથી.

ઝોલા પુસ્તકાલય આપણી પુરાણી પરંપરા છે અને તે બહુ સફળ થઈ છે. આ માધ્યમ દ્વારા જ યુગનિર્માણ અભિયાન વિશાળ ક્ષેત્રમાં ફેલાઈ શક્યું છે. તેવો જ પ્રયત્ન હવે મહિલા જાગરણ અભિયાનને સુવિસ્તૃત બનાવવા માટે તરત જ શરૂ કરી દેવો જોઈએ. આ ઉદ્દેશ માટે ૧૦ નાની પુસ્તિકાઓનો નારી જાગરણ સેટ યુગનિર્માણ યોજના મથુરા દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો છે. તેની કિંમત ૧૫-૦૦ રૂપિયા છે. જેટલા વધારે પ્રમાણમાં લોકો દ્વારા આ વંચાશે તેટલો ઝડપથી યુગાંતર ચેતનાનો પ્રકાશ નિશ્ચિતપણે ફેલાશે. આ પુસ્તકો નીચે મુજબ છે - (૧) ઉત્કર્ષ માટે સ્વયં આગળ આવો (૨) સહૃદયી નારી (૩) નારીનું અદ્ભુત સામર્થ્ય (૪) નારીને સમર્થ બનાવીએ (૫) નર અને નારી એક સમાન (૬) નારી નિરક્ષર ન રહે (૭) નારીજાગરણ અભિયાનની સંગઠન પ્રક્રિયા (૮) ભારતીય નારીનું ઉજ્જવળ ભવિષ્ય (૯) એકવીસમી સદી નારીપ્રધાન (૧૦) સભ્ય સમાજમાં નારીનું સ્થાન. આમાંથી થોડાક સેટ આપણી પાસે રાખી પરિચિત ક્ષેત્રોમાં તેને વંચાવવા. આ સેટોનું વેચાણ અને વિતરણ કરવું. આ રીતે અભિયાનની ઉપયોગિતા અને આવશ્યકતા તરફ જન સાધારણનું ધ્યાન ખેંચાશે અને તેમનામાં ઉત્સાહજનક પ્રતિક્રિયાઓ અને હલચલો ઉત્પન્ન થશે.

શાખા સંગઠન દ્વારા કરવાના કાર્યક્રમો એક નાના ઘરમાં કે કુટુંબમાં મોટા વિશાળ રૂપે થઈ શકતા નથી, પરંતુ તે નાના રૂપમાં, એક બીજરૂપે દરેક ઘર પરિવારમાં પ્રચલિત થઈ શકે છે. આ રીતે દરેક પરિવાર મિશનનાં કાર્યોનું એક નાનું ઘટક અને કેન્દ્ર બની શકે છે તથા તેટલા સીમિત ક્ષેત્રમાં પણ નારી ઉત્કર્ષની હલચલો ઉત્પન્ન કરી શકે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# લગ્નના ઉન્માદને દૂર કરવાની રીત

લગ્ન દરમ્યાન થતા ખોટા ખર્ચાને અને તેમાં રહેલી ખામીઓને દરેક જણ સમજે છે. કોઈપણ વિચારશીલ વ્યક્તિને પૂછવામાં આવે તો તે આ કુપ્રથાની ભરપેટ નિંદા કરશે અને શક્ય તેટલી જલદી આ કુપ્રથાને ખતમ કરવાની વાત કરશે. લેખો દ્વારા, ભાષણો દ્વારા અને પ્રસ્તાવો દ્વારા બહુ લાંબા સમયથી આનો વિરોધ થઈ રહ્યો છે, છતાં પણ કોઈ કારણ એવું છે કે જેથી આટલો ત્રાસ અને વિરોધ હોવા છતાં પણ આ કુપ્રથા જેમની તેમ રહી છે. ઘટવાને બદલે કુરિવાજો વધી રહ્યા છે. પાછલાં વર્ષો કરતાં દરેક વર્ષે કંઈક વધારે ખરાબી આ પ્રથામાં દષ્ટિગોચર થાય છે. આવો, આપણે આ કુપ્રથાને વધારનારાં મુખ્ય કારણોને શોધીએ.

જ્યાં એક સાદાઈથી લગ્ન કરવા માંગે છે ત્યાં સામો પક્ષ તેના જેવી વિચારધારા કે પરિસ્થિતિવાળો હોતો નથી. કોઈ એવો ઉપાય કરવામાં આવે કે બંને પક્ષ સમાન પરિસ્થિતિ અને સમાન વિચારધારા ધરાવતા ભેગા થાય તો દહેજ તથા ખોટા આડંબરો ત્યાગીને ઓછા ખર્ચે લગ્ન કરવાની પ્રથા સહજ ચાલી શકે. પરંતુ લગ્નની પાછળ થતા ખોટા ખર્ચામાં એક કારણ એ પણ છે કે બંને પક્ષ એકસરખી વિચારસરણી ધરાવતા હોતા નથી તેથી મજબૂરીથી ઇચ્છાવિરુદ્ધ મોટા ખર્ચા કરવા પડે છે.

બીજું કારણ સામાજિક પ્રતિષ્ઠાનું છે. જો સાદાઈથી લગ્ન કરીશું તો લોકો આપણને ગરીબ અને કંજૂસ માનશે. મજાક-મશ્કરી કરશે, આપણને અપમાનિત કરશે. ઘરની સ્ત્રીઓ વિરોધ કરશે અને સગાંવહાલાં મહેણાં-ટોણાં મારશે વગેરે ભયને કારણે ઝંઝટમાં પડવાનું ટાળે છે. ઘણા લોકો દીકરીને જેટલું આપે તેટલું દીકરીના લગ્નમાં સામે પક્ષેથી આવવાની આશા રાખે છે અને આ રીતે ચરખો ફરતો રહે છે. જમાનો બદલાઈ જાય અને ખોટા ખર્ચ કરનારાઓની નિંદા કરવામાં આવે અને સાદગી અપનાવનારાઓને યશ અને સન્માન મળે તો લોકો ચોક્કસપણે ઓછા ખર્ચ અને પ્રશંસાવાળો માર્ગ અપનાવશે. સમાન વિચારધારા અને સમાન પરિસ્થિતિ ધરાવતાં ઘર-વર શોધવા સરળ બને તેવો પ્રયત્ન આપણે કરવો જોઈએ અને આવાં પ્રગતિશીલ જે પણ લગ્નો થાય તે એટલાં વ્યવસ્થિત રીતે થાય કે તેના આયોજકોને જનતાનું સમર્થન અને ખૂબ જ સન્માન મળે.

છોકરા શોધવાની બાબતમાં એક મુશ્કેલી એ છે કે મર્યાદિત જાતિમાં અને મર્યાદિત ક્ષેત્રમાં જ છોકરા શોધવા પડે છે. દરેક મનુષ્યની જાણકારી મર્યાદિત હોય છે. તેથી તે નાના ક્ષેત્રમાં જ શોધ કરી શકે છે. એટલા મર્યાદિત ક્ષેત્રમાં જ્યારે તેને અનુકૂળ અવસર મળતો નથી તો તેને પરંપરાગત પ્રથા પર ચાલવા માટે વિવશ બનવું પડે છે તેથી આપણે એવા પ્રયાસો કરવા પડશે કે જેથી દરેક મનુષ્યને પોતાની જરૂરિયાત મુજબનો છોકરો પ્રગતિશીલ સુધારાવાદી લોકોમાંથી જ મળી રહે. જો આ શક્ય બન્યું તો આદર્શ લગ્નોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવા લાગશે.

આપણા સમાજમાં મોટેભાગે આપણી જ પેટાજાતિઓમાં લગ્ન કરવાનો રિવાજ છે. તેનાથી બહાર રોટી-બેટીનો વ્યવહાર શરમજનક ગણાય છે. પેટાજાતિઓનાં મર્યાદિત ક્ષેત્રોમાં સારો છોકરો મળવો ઘણો મુશ્કેલ હોય છે. સારા ઘરવાળાની માગણીઓ એટલી ઊંચી હોય છે કે તેને પૂરી કરી શકવા દરેક વ્યક્તિ સમર્થ હોતો નથી. "જે વધારે બોલે તે મેળવે" જેવી હરાજીવાળી પરિસ્થિતિમાં તો પૈસાદારો જ મેદાન મારી જાય છે. જો ઉપજાતિઓનું મર્યાદિત ક્ષેત્ર


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિસ્તારીને આખી જાતિ સુધીનું કરવામાં આવે તો છોકરા શોધવાની અડધી મુશ્કેલી તો આપોઆપ દૂર થઈ જાય છે. બ્રહ્માજીએ તો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એમ ચાર જ જાતિઓ બનાવી હતી. વેદોમાં પણ આ ચાર જાતિઓનું જ વર્ણન મળે છે. પેટાજાતિઓ તો તેમના રહેઠાણના આધારે બની ગઈ હતી. માળવામાં રહેનારા - માલવીય, કનોજની આસપાસ રહેનારા - (કાન્યકુબ્જ) કનોજિયા, સરયૂ કિનારે રહેનારા સરયૂ પારીણ, મિથિલા પ્રાંતમાં રહેનારા મૈથિલ તરીકે ઓળખાયા. આ રીતે અન્ય કારણોસર એક જ જાતિની અનેક પેટાજાતિઓ બની ગઈ, તો પછી તેના વંશ કે મૂળ રૂપમાં ક્યાંથી ફરક આવ્યો ? પેટાજાતિનો ભેદભાવ છોડીને એક વર્ણના લોકો પોતાના જ વર્ણમાં લગ્ન કરવા માંડે તો તેમાં કોઈ રૂઢિનું કદાચ ઉલ્લંઘન થતું હશે પરંતુ ધર્મ અને શાસ્ત્ર મુજબ તો તેમાં કશું અયોગ્ય નથી. બ્રાહ્મણ અન્ય બ્રાહ્મણોમાં લગ્ન કરે તો તેમાં અધર્મ ક્યાં આવ્યો ? આ જ પ્રમાણે જો ક્ષત્રિય, કાયસ્થ કે સ્વર્ણકારો (સોનીઓ) લગ્નનો દાયરો પોતાની વિશાળ અને આખી જાતિ સુધી વધારી દે તો તેમને સારા છોકરા શોધવામાં સરળતા પડશે અને તે વિશાળ ક્ષેત્રમાં આદર્શ લગ્ન માટે ખુશીથી તૈયાર થનારા સુધારાવાદી અને પ્રગતિશીલ લોકો પણ સરળતાથી મળી રહેશે.

લગ્નને દહેજ, દાગીના અને ખોટા ખર્ચામાંથી મુક્ત કરવા માટે આપણે એક સંઘર્ષ કરવો પડશે. આ સંઘર્ષની પૂર્ણ સફળતા તો ઉપજાતિઓના વિસ્તારમાં જ રહેલી છે. પરંતુ બંને મોરચે સંઘર્ષ છેડવો અસામયિક લાગશે તેથી અત્યારે શરૂઆતમાં તો પ્રગતિશીલ લોકોને ઉપજાતિઓમાં જ પોતાના જેવા વિચાર અને પરિસ્થિતિ ધરાવતા લોકો શોધવામાં સગવડતા મળે તો પણ ઓછું નથી. જો આ સગવડ શક્ય થઈ તો અડધો મોરચો તો જીતી લીધો માનજો.

દહેજ અને લગ્નોમાં થતા ખોટા ખર્ચાની ભયાનકતાને રાવણ અને કંસની ઉપમા આપી શકાય. રાવણ મોટેભાગે ઋષિમુનિઓને મારતો હતો અને કંસ બાળકોની હત્યા કરતો હતો, પરંતુ આ દહેજરૂપી દાનવ તો અબાલવૃદ્ધ સહિત દરેક હિન્દુને ચિંતાની આગમાં તપાવી તપાવીને સળગાવી મૂકે છે. આના કારણે જ આપણા જાતીય જીવનનો નાશ થયો છે. સદાચાર અને ધર્મના માર્ગમાં આ સૌથી મોટો અવરોધક છે. દીકરા, દીકરી વચ્ચેના ભેદભાવ ઊભા કરવામાં અને સ્ત્રીઓને પુરુષ કરતાં નિમ્ન કોટિની ગણવામાં મુખ્ય કારણ આ જ છે. અત્યારે હિન્દુ જાતિનો આત્મા આ દુષ્ટની યાતનાથી નર્કનું દુઃખ ભોગવી રહ્યો છે. વૃત્રાસુર, મહિષાસુર, બાણાસુર, ભસ્માસુરથી પણ વધારે ભયંકર આ મહારાક્ષસને હરાવવામાં આવે તો જ હિન્દુ જાતિના જીવન અને પ્રગતિની વાત વિચારી શકાય.

યુગ નિર્માણની દિશામાં આગળ ડગલાં ભરતાં પહેલાં આપણે આ વિકૃતિઓ અને કુરિવાજોને શોધી કાઢવા માટે વ્યવસ્થિત મોરચાબંધી કરવી પડશે. આ કર્યા સિવાય આપણે આપણી સામાજિક જવાબદારીઓથી મુક્ત થઈ શકીશું નહીં. આજ તો કહેવા પૂરતો દહેજ વિરોધી કાયદો છે અને તેમાં દહેજ લેનાર તથા દેનાર બંનેને અપરાધી ગણવામાં આવ્યા છે અને તેઓને રાજદંડ પણ થઈ શકે છે, પરંતુ કાયદો ઘડવાથી બધું સંપૂર્ણ થઈ જતું નથી. કાયદો તો ખાદ્યપદાર્થોમાં ભેળસેળ કરવા માટે, લાંચરુશવત માટે, બાળવિવાહ, છૂતાછૂત, સડકો અને નાલીઓમાં ગંદકી ફેલાવવા માટે, ઓછાં તોલ, ઓછાં માપ વગેરે અનેક પ્રકારનાં દૂષણો માટે બનેલો છે, પરંતુ તે બધાં કેટલાં ઓછાં થયાં છે તે આપણે બધા જાણીએ છીએ. તેથી કાયદા પર આધાર ન રાખતાં આપણે જાતે જ આ સમસ્યાનો વાસ્તવિક ઉકેલ શોધવા માટે પ્રભાવશાળી પગલાં ભરવાં પડશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દહેજ માટે જાહેરમાં ઘણું બધું કહેવાનું હોય છે. તેની ભરપેટ નિંદા થાય છે. પરંતુ આટલું કરવાથી કામ નહીં ચાલે. દહેજનું મૂળ દાગીનામાં છે. કન્યાપક્ષવાળા દાગીનાની માગણી કરશે તો વરપક્ષવાળા સામે દહેજ માંગશે. તેથી બંધ થશે તો બંને સાથે બંધ થશે અને ચાલતાં રહેશે તો બંને સાથેસાથે ચાલશે. આ હકીકતને સારી રીતે સમજીને આ બંને કુરિવાજોને દૂર કરવા માટે આપણે આદર્શ લગ્નોને આવકારવાં જોઈએ. વરપક્ષવાળા ન તો દહેજ માગે અને ન તેમને આપવામાં આવે. કન્યાપક્ષવાળાને કંઈ પણ આપવું હોય તો તેઓ પોતાની દીકરીને સ્ત્રીધનના રૂપે આપે. તેનો કોઈ દેખાડો કે ચર્ચા કરવાની જરૂર હોતી નથી. આ તો કન્યા અને તેના વડીલો વચ્ચેની વાત છે, તેમાં છોકરીના સાસરાપક્ષે સહેજ પણ દિલચસ્પી ધરાવવી નહીં. જે આપવામાં આવ્યું છે તે કન્યાની પોતાની સંપત્તિ માની તેને ગુપ્ત રાખવામાં આવે. આ જ રીતે છોકરાવાળા પણ લગ્ન વખતે ફક્ત એક સાડી અને વીંટી લઈને જ આવે. પોતાની વહુને જે કંઈ દાગીના વિગેરે આપવું હોય તે પોતાના ઘેર લઈ જઈને પાછળથી આપે. કન્યાપક્ષવાળાને ત્યાં આનું પ્રદર્શન કરવાની કોઈ જરૂર નથી. જ્યાં જ્યાં શુકનની જરૂર પડે ત્યાં ત્યાં એક રૂપિયાનો ઉપયોગ કરવો.

જાનમાં પણ ઓછામાં ઓછા ખૂબ અગત્ય ધરાવતા માણસોને જ લઈ જવા. જો છોકરાવાળાને સંબંધીઓ અને મિત્રવર્ગ વિશાળ હોય તો કન્યાને પોતાના ઘેર લાવ્યા બાદ તેના સત્કાર-સમારંભમાં તેઓને બોલાવી તેમનું સન્માન અને પ્રીતિભોજન કરાવવું. કન્યાવાળાને ત્યાં એમને લઈ જવાની શી જરૂર ? દરેક કામ સાદાઈથી, ઓછા ખર્ચથી થાય તે જરૂરી છે અને લગ્નવિધિ પણ શિક્ષાપ્રદ અને પ્રેરક ધર્મસંસ્કારના રૂપે ઉત્સાહ અને આનંદ વચ્ચે કરવામાં આવે. નાની મોટી બીજી જરૂરી બાબતો સ્થાનિક પરિસ્થિતિઓ મુજબ નક્કી કરી લેવી. લગ્નવિધિને ખૂબ સાદાઈ તથા ઓછા ખર્ચે કરવાની ભાવના હોવી જોઈએ. જો આ આદર્શ લગ્નોનો આખા સમાજમાં પ્રસાર અને પ્રચાર કરવો હોય તો આ પ્રમાણેનાં લગ્નો કરનારને સમાજમાં સન્માન મળે અને વધારે ને વધારે લોકો આમાં ભાગ લે તેવી પ્રેરણા મેળવે તેવું તેનું સ્વરૂપ બનાવવું જોઈએ. લગ્નમંડપ અત્યંત આકર્ષક બનાવવામાં આવે અને કોઈ ખુલ્લી જગ્યામાં તેનું આયોજન થાય. વિદ્વાન વ્યક્તિઓ દ્વારા લગ્નસંસ્કાર ખૂબ પ્રભાવશાળી રીતે કરાવવામાં આવે, સ્થાનિક વિચારવંત લોકોને પણ આશીર્વાદ આપવા માટે વિશેષરૂપે આમંત્રણ આપવામાં આવે. હાજર રહેલા લોકો ફૂલહાર તથા પોતાની ભાવના મુજબની કંઈક ભેટ લઈને આવે. શક્ય હોય તો હળવા નાસ્તા-પાણીની વ્યવસ્થા કરવામાં આવે. સાચા દિલથી નવદંપતીને આશીર્વાદ આપવામાં આવે. દૂરદૂરથી શુભકામનાઓના સંદેશા મંગાવવા અને શક્ય હોય તો સમાચારપત્રો અને પત્રિકાઓ દ્વારા આ આયોજનની લોકો સુધી જાણકારી મોકલવી. આવાં અનેક લગ્નો સાથે મળીને એક સમૂહ લગ્નોત્સવ બને તો તો અતિ ઉત્તમ. આ રીતે વ્યવહારકુશળ સ્થાનિક લોકો આ લગ્નસમારંભને એટલો આકર્ષક બનાવે કે તેમાં સાદાઈ અને ઓછા ખર્ચનો હેતુ જળવાવાની સાથેસાથે તેની પ્રેરણા વધારે વિશાળ વિસ્તારમાં સન્માનિત અને પ્રસારિત થઈ શકે.

આજની પરિસ્થિતિમાં હિન્દુ સમાજનો અંતરાત્મા પોકારી પોકારીને કહી રહ્યો છે કે લગ્નમાં થનારા ખોટા ખર્ચને કારણે તેને વેઠવી પડતી યાતનાઓથી તેને બચાવી લો. સમયની માંગને આપણે સાંભળવી જોઈએ અને સમજવી જોઈએ અને તેની પૂર્તિ માટે યુગપ્રહરીની જેમ સાહસપૂર્વક કંઈક કરવા માટે અગ્રેસર થવું જોઈએ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ક્રૂરતા પર ટકેલ માંસાહાર

માનવસમાજને પતનોન્મુખ કરનારી પ્રવૃત્તિઓમાં માંસાહાર સૌથી વધારે ઘૃણાસ્પદ છે. માંસાહારથી મનુષ્યમાં નિષ્ઠુરતા, ક્રૂરતા, નિર્દયતા, સ્વાર્થ વગેરે સમાજવિરોધી પ્રવૃત્તિઓ વિકસે છે. માંસાહારી મનુષ્યમાં કરુણા, દયા, ક્ષમા, સંવેદના, સહાનુભૂતિ તથા સૌહાર્દ જેવા આધ્યાત્મિક ગુણો નાશ પામે છે અને તેઓ પોતાના સ્વાદ, સ્વાસ્થ્ય અને સ્વાર્થ માટે ગમે તેવો મોટો ગુનો કરતા પણ અચકાતા નથી. જે સમાજમાં આવા અત્યાચારી લોકો વસતા હોય ત્યાં માનવીય ગુણોની વૃદ્ધિની તો આશા જ કેવી રીતે રાખી શકાય ?

સમાજના મનોવિજ્ઞાનીઓનું કહેવું છે કે માનવતાની સ્થાપના અને સ્થિરતા કરવામાં માંસાહાર બહુ મોટો અવરોધ છે. આ વાત તો સર્વવિદિત છે કે સુખી સમાજના નિર્માણ માટે સ્વસ્થ ગુણોના નાગરિકોનું હોવું અત્યંત જરૂરી છે. આંતરિક રીતે સદાચારી વ્યક્તિ જ સદ્‌ગુણી હોઈ શકે અર્થાત્ લોકોનાં મન સ્વચ્છ હોય તો જ સભ્ય સમાજની રચના થઈ શકે. જો કે પાશ્ચાત્ય મનોવૈજ્ઞાનિકો આ હકીકતને આંશિક રૂપે જ જાણી શક્યા છે, પરંતુ ભારતીય તત્ત્વદર્શી ઋષિમુનિઓએ તો બહુ પહેલાં જ સારી રીતે જાણી લીધું હતું કે મન એ આહાર અથવા તો અન્નનો એક સૂક્ષ્મ સંસ્કાર માત્ર છે. તેથી તેઓએ આહારની સાત્ત્વિકતા પર બહુ ધ્યાન આપવાનું કહ્યું છે. તેમના મતાનુસાર મનુષ્યના આહારમાં જે ગુણો હશે તેવા જ ગુણો તેના મનમાં પેદા થશે, તેવા જ વિચારો પેદા થશે અને લોકોના વિચારો મુજબ તેમનું આચરણ હશે. "અન્ન તેવો ઓડકાર" આ વૈજ્ઞાનિક તથ્યની સમગ્ર જાણકારી મેળવ્યા પછી જ સ્વચ્છ અને સાત્ત્વિક ભોજનનું સમર્થન કરવામાં આવ્યું હતું અને ભોજન-વ્યવસ્થાને કડક નિયમોમાં બદ્ધ કરવામાં આવી હતી.

ભોજનની સ્વચ્છતા, સાદાઈ, ચોખ્ખાઈ અને તેને ભાવપૂર્વક ગ્રહણ કરવાની ભારતીય પદ્ધતિનો આધાર મનોવૈજ્ઞાનિક હોવાથી સાથેસાથે આ વિચારને વિજ્ઞાનની ઊંડી કસોટી પર પણ કસવામાં આવ્યો હતો. માનવસમાજનું નિર્માણ કરવાની તેની પ્રવૃત્તિઓમાં જો ભોજનનું કોઈ મહત્ત્વ ન હોત તો બુદ્ધિજીવી લોકો તેની શોધ, ગુણ-અવગુણ અને ઉપયોગિતા-બિન-ઉપયોગિતાની આટલી ઊંડી શોધખોળ ન કરત અને પિપ્લાદિ તથા કણાદ ઋષિ જેવા મહાન બુદ્ધિજીવીઓને પ્રાકૃતિક અન્નકણો દ્વારા પોતાની ક્ષુધા શાંત કરવાની વિવશતા ન રહેત.

માનવની મનોવૃત્તિ પર આહાર-વિહારની અસરોની શોધખોળ કરનારા ચિકિત્સા વિજ્ઞાનીઓએ નિષ્કર્ષ કાઢ્યો છે કે માંસાહારથી મનુષ્યની મનોવૃત્તિઓ ક્રૂર, દુ:સાહસી, નિર્દય અને નિષ્ઠુર બની જાય છે. આ દુર્ગુણોની અસર સમાજ પર પણ પડે છે. જે મનુષ્ય માંસના એક ટુકડા માટે પ્રાણીઓ પર દયા નથી દાખવતો તે પોતાની પત્ની અને બાળકો પ્રત્યે કેટલો દયાળુ હશે ? જ્યારે માંસભક્ષી વ્યક્તિને અન્ન ન મળે તો તે ખુદ પોતાનાં બાળકોને જ પોતાનો કોળિયો બનાવી દે તો નવાઈ નહીં.

તંદુરસ્તીની દૃષ્ટિએ પણ માંસ મનુષ્યનો સ્વાભાવિક આહાર નથી. માંસાહારથી કદાચ ક્ષણિક ઉત્તેજના કે શક્તિનો અનુભવ થતો હશે, પરંતુ તંદુરસ્તીને સ્થાયી તથા સુદૃઢ બનાવવા માટે માંસાહાર પર આધાર રાખી શકાય નહીં. આ બાબતમાં ફક્ત ભારતીય શાસ્ત્રો કે ભારતીય બુદ્ધિજીવીઓ જ નથી કહેતાં, પરંતુ વર્તમાન સમયમાં તો યુરોપ અને અમેરિકાના બાહોશ વૈજ્ઞાનિકો, શરીરશાસ્ત્રીઓ તથા પ્રસિદ્ધ ડૉક્ટરોએ કરેલી શોધ અને પરીક્ષણના આધારે સાબિત થયું છે કે માંસાહાર દ્વારા સ્થાયી તંદુરસ્તીની સમસ્યા હલ થઈ શકતી નથી.

ઇંગ્લૅંડના સુપ્રસિદ્ધ ચિકિત્સા વૈજ્ઞાનિક ડૉ. હેનરી પરડોએ પોતાના જીવનકાળ દરમ્યાન શાકાહાર અને માંસાહાર કરનારા હજારો મનુષ્યોનું પરીક્ષણ કર્યું છે. તેમનું કહેવું છે કે માંસાહાર છોડીને શાકાહારી બનનારા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અનેક લોકો પહેલાં કરતાં ઘણા તંદુરસ્ત થઈ ગયા છે તથા કબજિયાત, એસિડીટી, સાંધાનો દુઃખાવો, અલ્સર અને મૂર્છા જેવાં રોગોમાંથી મુક્ત થયા છે. તેમણે જણાવ્યું છે કે માંસાહારી મનુષ્ય કરતાં સંપૂર્ણ શાકાહારી મનુષ્યોને બહુ ઓછા રોગોનો શિકાર બનવું પડે છે.

ડૉ. રસૈલ તથા ડૉ. પર્કસ જેવાં પ્રખ્યાત આહાર વિશેષજ્ઞોનો મત પણ આ પ્રમાણેનો જ છે. ડૉ. રસેલે પોતાના પુસ્તક "સાર્વભૌમ ભોજન"માં લખ્યું છે કે માંસાહારના ઘટાડાની સાથેસાથે કેન્સર જેવી જીવલેણ બીમારીઓ પણ ઘટતી જશે. ડૉ. પર્કસે પોતાના વ્યક્તિગત અનુભવોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે - "માંસાહારને કારણે તેઓ ઘણા લાંબા સમય સુધી માથાનો દુઃખાવો, માનસિક થાક અને સાંધાના દુઃખાવાના રોગથી હેરાન થતા રહ્યા.

ડૉ. હેગે પોતાના પ્રસિદ્ધ પુસ્તક - "ડાયટ એન્ડ ફૂડ"માં લખ્યું છે કે - "શાકાહારથી શક્તિ પેદા થાય છે અને માંસાહારથી ઉત્તેજના વધે છે. શાકાહારી કરતાં માંસાહારી મનુષ્યને થાક પણ જલદી લાગે છે. જે માંસાહારી લોકોને માંસાહારની સાથેસાથે શરાબ જેવા ઉત્તેજક પદાર્થો લેવાની ઇચ્છા થાય છે અને તે નશીલી દવાઓ પણ ખાય છે. તે સમયસર ન મળવાથી તે ઉદાસીનતા, માથાનો દુઃખાવો અને સ્નાયુઓની નિર્બળતાનો શિકાર બને છે. આવા લોકો હતાશાની પળોમાં ક્યારેક આત્મહત્યા પણ કરે છે. માંસાહારના અતિરેકવાળા બ્રિટન અને અમેરિકા જેવા પાશ્ચાત્ય દેશોમાં આત્મહત્યાનું પ્રમાણ ઘણું ઊંચું છે. આ જ રીતે મેરી એસ. બ્રાઉન, ડૉ. શિરમેટ, ડૉ. ક્લાઉસન, જ્યોર્જ બર્નાડ શો, ડૉ. લમ્પશૈપ વગેરે પ્રખ્યાત બુદ્ધિજીવી વૈજ્ઞાનિકોએ પણ માંસાહાર દ્વારા ઉત્પન્ન થતા શારીરિક કુપ્રભાવોનું પણ વિસ્તારપૂર્વક વિવરણ કર્યું છે.

માંસાહારમાં રહેલું 'યૂરિક એસિડ' નામનું તત્ત્વ શરીરના અંદરના ભાગોમાં ઝેરી અસર કરે છે જેને કારણે આ પ્રકારનાં નુકસાન ભોગવવાં પડે છે. જ્યારે લોહીમાં આ એસિડનું પ્રમાણ વધી જાય છે ત્યારે માથામાં સણકા મારવા, અનિદ્રા, શ્વાસની તકલીફ, અજીર્ણ અને યકૃતના વિકાર જેવા અનેક રોગો થાય છે જે મનુષ્યને નબળો પાડતાં પાડતાં છેવટે મોતના મોં સુધી ધકેલી દે છે.

માંસાહારી મનુષ્યો કરતાં શાકાહારી મનુષ્યો વધારે સશક્ત, સુદૃઢ અને દીર્ઘાયુષી જોવાં મળે છે. શાકાહારથી મન, મગજ અને માંસપેશીઓ મજબૂત બને છે તો બીજી તરફ માંસાહારથી સમગ્ર સ્નાયુતંત્ર અને માંસપેશીતંત્ર તાણ અનુભવે છે, અને મનુષ્યને અપંગ જેવો બનાવી દે છે. આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લેનારા સ્પર્ધકો પર કરાયેલા એક સર્વેક્ષણ મુજબ ફળ, લીલાં શાકભાજી, દૂધ, ઘી, મેવા વગેરેનું શુદ્ધ ભોજન કરનાર મનુષ્ય ભલે દેખાવમાં દૂબળો-પાતળો લાગે પરંતુ તેનામાં માંસાહારીઓ કરતાં જીવનશક્તિ અને સ્ફૂર્તિ અનેકગણી વધારે હોય છે.

થોડાક સમય પહેલાં જર્મનીમાં માંસાહારીઓ અને શાકાહારીઓ વચ્ચે સિત્તેર માઈલ ચાલવાની સ્પર્ધા રાખવામાં આવી હતી. તો આ સ્પર્ધામાં માંસાહારીઓ કરતાં લગભગ ૨૦ જેટલાં શાકાહારીઓ પોતાના ગંતવ્ય સ્થાન નજીક વહેલાં પહોંચી ગયાં હતાં. સિત્તેર માઈલનું અંતર સૌથી ઓછા સમયમાં એટલે કે લગભગ ૧૪ કલાકમાં પૂરું કરનાર પણ શાકાહારી જ હતો. ૨૦ માંસાહારીઓમાંથી ફક્ત એક જ માંસાહારી મનુષ્ય આ અંતર પાર કરી શક્યો, તે પણ છેલ્લા શાકાહારી પછી એક કલાક પછી. તે એક સિવાયના બાકીના બધા ફક્ત ૪૫ માઈલ સુધી ચાલી શક્યા, ત્યાર પછી તેમને ત્યાંથી મોટરમાં બેસાડીને પાછા લાવવા પડ્યાં.

ધાર્મિક, નૈતિક, શારીરિક અથવા સામાજિક કે કોઈપણ દૃષ્ટિએ જોતાં શાકાહાર જ મનુષ્યનું કુદરતી ભોજન છે. માંસાહારથી કામ, ક્રોધ, આળસ, પ્રમાદ, જડતા વગેરે દુર્ગુણો વિકસે છે તો શાકાહારથી સ્ફૂર્તિ, પવિત્રતા, પ્રસન્નતા, શક્તિ તથા દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થાય છે. માંસાહાર સામાજિક જીવનને પણ અધોગતિ તરફ ધકેલી લોકો માટે અનેક ઉપદ્રવો ઊભા કરે છે જ્યારે શાકાહારથી કુટુંબમાં અને સમાજમાં સુખ અને સમૃદ્ધિનું વાતાવરણ જળવાય છે. આજે તો મનુષ્યે પોતાના સ્વાભાવિક ખોરાકને અપનાવીને પોતાને સશક્ત, પવિત્ર અને દીર્ઘજીવી બનાવવાની જરૂર છે અને ઋષિઓની આ પવિત્ર ભૂમિમાંથી માંસાહારને હંમેશ માટે તિલાંજલી આપવાની જરૂર છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વિરાટ પ્રજ્ઞાપુરુષ ગુરુદેવ જેમનાં પાંચ સ્થૂળ શરીર હજુ પણ આપણી વચ્ચે છે

પરમ પૂજ્ય ગુરુદેવના જીવનનો પ્રત્યેક શ્વાસ ગાયત્રી મહાશક્તિને સમર્પિત હતો. ગાયત્રી મહામંત્ર જન-જન સુધી પહોંચી જાય તે માટે તેઓ જીવનપર્યંત સંઘર્ષ કરતા રહ્યા. આપણે બધા જાણીએ છીએ કે એના માટે તેમને પ્રતિકૂળતાઓ સાથે અને કટ્ટરવાદ સામે કેટલું બધું ઝઝૂમવું પડ્યું છે. ગાયત્રી તેમને સિદ્ધ હતી. જીવનના દૃશ્યમાન સ્વરૂપનું દૃશ્ય સ્થૂળ શરીરના પંચતત્ત્વોમાં વિલીન થતું તેમણે ગાયત્રીજયંતીના દિવસે જ કર્યું. આ એક માત્ર સંયોગ નથી, એક સુનિયોજિત જીવનસાધના છે. પૂજ્ય ગુરુદેવે પંચમુખી ગાયત્રીના પંચકોશોને જાગૃત કરીને પોતાના જીવનમાં તેનો ન માત્ર સાક્ષાત્કાર કર્યો, અન્ય લોકોને આ મહાન સાધનાનો માર્ગ બતાવ્યો. એવું કહેવામાં આવે છે કે ગુરુદેવ પાંચ શરીરથી જીવ્યા હતા. કેટલાય પ્રસંગો એવા બન્યા છે જેનાથી સમજાય છે કે જે તિથિઓ પર તેઓ કોઈ સ્થળ પર હતા, તે જ સમયે પોતાની લીલા કોઈ બીજા સ્થળ પર પણ કોઈને માર્ગદર્શન આપવામાં બતાવી રહ્યા હતા, તો કોઈ જગ્યાએ પ્રવચન આપવામાં બતાવી રહ્યા હતા.

## તેઓ એક દેખાતા હોવા છતાં પણ પાંચ હતા

પરમ પૂજ્ય ગુરુદેવના સહયોગી પરમ વંદનીય માતાજી લખે છે, "મને ખબર નથી કે આ પ્રસંગોમાં કેટલું સત્ય છે, પરંતુ એટલું અવશ્ય કહી શકું છું કે તેઓ જીવનપર્યંત પાંચ શરીઓ જેટલું વિવિધ પ્રકારનું કાર્ય એકસાથે હાથ ધરતા હતા." તેઓ જણાવે છે, કે તેમના સ્થૂળ શરીરની સિદ્ધિ જોઈને જણાય નહીં કે એક વ્યક્તિ એક શરીરથી આટલું કામ કદી કરી શકે છે. પાંચ શરીર કેવી રીતે ? આની વ્યાખ્યા વંદનીય માતાજીએ તેમની દિનચર્યાનું વિશાળ વિશ્લેષણ કરીને અખંડ જ્યોતિ નવેમ્બર, ૧૯૭૧ના અંકમાં કર્યું છે.

(૧) તેઓ નિયમિત દરરોજ ૬ કલાક ઉપાસના કરતા હતા. ગાયત્રી મંત્રની તેમની સિદ્ધિનો સ્રોત હતો ૨૪ લાખનાં ૨૪ મહાપુરશ્ચરણો. તેના દ્વારા તપની પૂંજીનો વિરાટ ભાંડાગાર એકત્ર કર્યો હતો. આ ઉપરાંત નિત્યની સાધના તો કદી છોડી ન હતી. તે, સાધના છેલ્લા શ્વાસ સુધી ચાલતી રહી. તેઓ દરરોજ જે કમાતા હતા, તે સૂતી વેળાએ ખાલી કરતા હતા. (૨) ૧૯૭૦-૭૧ સુધી તેમની પાસે દેશ-વિદેશથી લગભગ ૪૦૦-૫૦૦ પત્રો આવતા હતા. તેને સ્વયં વાંચતા અને લગભગ ૧૦૦ પત્રોના ઉત્તર સ્વયં આપતા અને વિવિધ જટિલતાઓથી સમાયેલા બાકીના પત્રોનો જવાબ કાર્યકર્તાઓ પાસે લખાવતા. કોઈ પણ પત્રનો જવાબ ૨૪ કલાકમાં સંપૂર્ણપણે સમાધાન થાય તે રીતે તુરત જ મોકલી આપવો તેમની વ્યવસ્થા-બુદ્ધિની કુશળતાનું પરિણામ હતું. આ કાર્ય જે એક વ્યક્તિ ૧૦ કલાકમાં પણ પૂરું ન કરી શકે, તેને ચપટીમાં જ પતાવી દેવામાં આવતું. આ કાર્યને તેઓ શાંતિકુંજમાં ૧૯૮૦-૮૧ સુધી જાતે જ કરતા રહ્યા. ત્યાર પછી બધા પત્રોના ઉત્તર વંદનીય માતાજી આપતા રહ્યા. તે દિવસો કરતાં આજે પત્રોની સંખ્યા પાંચ-છ ગણી વધી ગઈ છે. લગભગ ૧૦૦ વ્યક્તિઓ પત્રાચાર વિભાગ સંભાળે છે. આ ઉપરથી વિચારી શકાય કે પૂજ્યવરે કેટલા વ્યક્તિઓ જેટલું કાર્ય એક દિવસમાં કર્યું હશે.

(૩) તેમનું લેખન તેમના વજન કરતાં બમણું છે. ૧૯૫૯ થી ૧૯૭૧ સુધીનું લેખનકાર્ય અને પછી હિમાલય યાત્રાથી પાછા ફરીને ૧૯૭૨ થી ૧૯૯૦ના અંતિમ શ્વાસ સુધીનું લેખનકાર્ય કોઈ જુએ તો આશ્ચર્યચકિત થઈ જશે. જો કોઈ આ કાર્ય પૂરા ૨૪ કલાક પણ કરે તો જીવનની અવધિના સો તો શું ત્રણસો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વર્ષોમાં પણ પૂરું કરી શકે નહીં. ૨૭૦૦ પુસ્તકોનું લેખન-પ્રકાશન, આર્ષ ગ્રંથોનું વિવેચન, ભારતીય સંસ્કૃતિના વિવિધ પાસાંઓને લઈને વૈજ્ઞાનિક અધ્યાત્મવાદ અને આધ્યાત્મિક સમાજવાદ જેવા ગૂઢ વિષયો પર સંદર્ભો સહિત લેખન, પ્રજ્ઞાપુરાણની રચના, ગાયત્રી યજ્ઞ વિદ્યાની વિજ્ઞાન-સંમત રજૂઆત અને જીવનવિદ્યાનાં વિવિધ પાસાંઓ પર બહુમુખી લેખન તેઓ જીવનપર્યંત કરતા રહ્યા. પોતાના સ્વયં હાથ દ્વારા તેમણે ઓગષ્ટ ૧૯૬૯ની અખંડ જ્યોતિ પત્રિકાના 'યુગ પરિવર્તન કે છોટે કિન્તુ મહાન શસ્ત્રાગાર' લેખમાં લખ્યું છે, "ચેતનાના શ્રેષ્ઠતમ સ્વરથી અવતરિત થયેલા, અંતઃકરણની કરુણાથી લથબથ થયેલા, બૌદ્ધિક તીક્ષ્ણતાથી સજાવેલા આ વિચારોમાં કેટલું તેજ છે, કેટલો પ્રકાશ છે, એ કહેવાની નહીં અનુભવ કરવાની વાત છે. જેમણે એને વાંચ્યો તેનો તડપીને રહી ગયા. રડતાં આંસુઓની શાહીથી બળતા હૃદયે એમણે લખ્યું છે, એથી એનો પ્રભાવ પડવો જ જોઈએ, પડી રહ્યો છે અને પડતો રહેશે." જો કે કહેવામાં આવે કે ગુરુદેવનું એક શરીર જીવનપર્યંત લેખનીની સાધનામાં ડૂબેલું રહ્યું છે તો તેમાં અતિશયોક્તિ નથી. પ્રથમ પૂર્ણાહુતિ પર વાઙ્મય સાહિત્યના ૪૫ ખંડો જનસમુદાય સમક્ષ પ્રકાશિત થયા અને હમણા જેના પ્રથમ હિસ્સાના ૨૫ ખંડો ૧ મહિનામાં વાચકો સમક્ષ રજૂ થશે. આમ કુલ ૧૦૮ ખંડોનું સાહિત્ય એ બતાવે છે કે આટલું વિશદ લેખન એક વ્યક્તિ દ્વારા ઇતિહાસમાં આજ સુધી લખાયું નથી.

(૪) વ્યક્તિગત સંપર્ક દ્વારા સ્નેહનું આદાન-પ્રદાન, શક્તિવિતરણ, બીજાનાં કષ્ટોમાં ભાગીદારીનું કાર્ય તેઓ દરરોજ પ્રાતઃ ૬ થી રાત્રિના ૮ સુધી માત્ર દિવસમાં એક કલાકનો વિરામ લઈને સતત કરતા રહ્યા. આમાં કદી કોઈ રૂકાવટ ન આવી. દરરોજ ૯ થી ૧૦ કલાક સમગ્ર ભારત અને વિદેશોના કષ્ટ-પીડિતો-જિજ્ઞાસુઓથી લઈને નવનિર્માણ યોજનામાં સંલગ્ન કર્મઠ કાર્યકર્તાઓ, સાહિત્યકારો, તત્ત્વજ્ઞાનીઓ, વિદ્વાનો, સાધકોની ભારે ભીડમાં હંમેશાં ઘેરાયેલા જ રહ્યા. આ કામ તેમનું ચોથું શરીર કરતું હતું, એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. (૫) આટલાં બધાં કાર્યો હોવા છતાં પણ સમગ્ર દેશના કાર્યકર્તાઓ પાસે સંમેલનોમાં પહોંચવું, પ્રચાર કરવો, લોકસંપર્ક કરવો, વિવિધ લાઇબ્રેરીઓમાં જઈને ઊંડો સ્વાધ્યાય કરવો, મહત્ત્વપૂર્ણ વ્યક્તિ સાથે વ્યક્તિગત સાધના વિશે ચર્ચા કરવી. આ કાર્ય ૧૯૭૧ સુધી સતત ચાલતું રહ્યું એ આશ્ચર્યનો વિષય છે. ૧૯૭૨માં પણ વર્ષના અંતમાં ૩ મહિના માટે વિદેશ યાત્રા પર ગયા અને ૧૯૮૦ થી ૮૨ સુધી સમગ્ર ભારતના પ્રવાસક્રમમાં, શક્તિપીઠોની પ્રાણપ્રતિષ્ઠા અને શિલાન્યાસના ક્રમમાં ફરતા રહ્યા. આ કાર્ય તેમનું પાંચમું શરીર કરતું રહ્યું હશે - એમ કહેવામાં અતિશયોક્તિ માનવામાં ન આવે.

પરમવંદનીય માતાજી લખે છે કે, "તેઓ એક દેખાતા હોવા છતાં પણ પાંચ હતા. ગાયત્રી માતાના પાંચ મુખ અને દસભુજાઓ બતાવવામાં આવે છે, પરંતુ તેના અનન્ય ઉપાસકે પ્રત્યક્ષ કરીને બતાવી દીધું કે એક શરીરથી પાંચ ગણી સ્તરની ક્રિયાશક્તિનું ઉપાર્જન કેમ સંભવ થઈ શકે છે?" (નવેમ્બર - ૧૯૭૧ અખંડ જ્યોતિ). આ હકીકતને પરમ પૂજ્ય ગુરુદેવે જીવનના ઉત્તરાર્ધમાં ૧૯૮૭થી ૧૯૯૦ની અવધિમાં લખેલા સંપાદકીય, 'અપનોં સે અપની બાત'માં આ રીતે લખ્યું - અમારા પાંચ સ્થૂળ અને પાંચ સૂક્ષ્મ શરીર છે. એ બંને પોતાનું કાર્ય સન ૨૦૦૦ સુધી અને તે પછી પણ સક્રિયતાપૂર્વક કરતાં રહેશે. પરંતુ એનું સ્વરૂપ વિરાટતમ થતું ૨૦૦૦ પછી જોઈ શકાશે. અમારા પાંચ કારણ શરીર સક્રિય થઈને સમગ્ર વિશ્વવસુધાને પોતાની લપેટમાં લઈ લેશે. સમજનારા સમજે કે નહીં, પરંતુ પાંચ સ્થૂળ અને પાંચ સૂક્ષ્મ શરીર જો આપણે ગુરુવરનાં કર્તવ્યો-સકલ્પોના રૂપમાં જોઈએ તો આપણને પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થવા લાગશે. કારણ શરીરની બાબતમાં અમે અમારી કલમથી હાલમાં કંઈ કહી શકતા નથી, કારણ કે તે ભવિષ્યની વાત છે અને હાલમાં તેના વિશે પ્રકાશ ફેંકવા પર પ્રતિબંધ છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પરમ પૂજ્ય ગુરુદેવનાં પાંચ સ્થૂળ શરીર

પરમ પૂજ્ય ગુરુદેવ મોટેભાગે ચર્ચા-પ્રસંગોમાં પોતાના નજદીકના, ઘનિષ્ઠ શિષ્યગણોની સમક્ષ વાર્તાલાપ કરતી વેળા કહેતા હતા, "મારાં પાંચ સ્થૂળ શરીર છે, પાંચ સૂક્ષ્મ શરીર છે. મારી સ્થાપનાઓ મારાં પાંચ સ્થૂળ શરીર છે, જેમને કેન્દ્રિય સંચાલન તંત્રના રૂપમાં માની શકાય છે. આ શરીરોનાં વિવિધ અંગો-ઉપાંગો વિવિધ શક્તિપીઠો, પ્રજ્ઞાસંસ્થાનો, પ્રજ્ઞાપીઠો, હરતાં-ફરતાં પ્રાણવાન કાર્યકર્તાઓના રૂપમાં સમગ્ર ભારત અને વિશ્વભરમાં ફેલાયેલા છે. પાંચ સૂક્ષ્મ શરીર છે તે પાંચ વીરભદ્રોના રૂપમાં સૂક્ષ્મીકરણ સાધના પછી જ કાર્ય કરી રહ્યા છે." પાંચ વીરભદ્રોની ચર્ચા પ્રસ્તુત સ્થૂળ શરીરોના રૂપમાં તેમની સ્થાપનાઓ પછી કરશે. આ પાંચ સ્થાપનાઓ, પાંચ સ્થૂળ શરીર આ પ્રમાણે છે -

(૧) યુગતીર્થ આંવલખેડા, (૨) અખંડજ્યોતિ સંસ્થાન, ઘીયામંડી મથુરા, (૩) ગાયત્રી તપોભૂમિ, મથુરા (૪) શાંતિકુંજ - ગાયત્રી તીર્થ સપ્તસરોવર, હરિદ્વાર, (૫) બ્રહ્મવર્ચસ્ શોધસંસ્થાન, હરિદ્વાર.

પરમ પૂજ્ય ગુરુદેવનાં આ પાંચ સ્થૂળ શરીરોને સમજતાં પહેલાં એ સમજી લઈએ કે ૧૯૧૧માં આજથી લગભગ ૮૬ વર્ષ પહેલાં જન્મેલ આપણી ગુરુસત્તાએ સુનિયોજિત ઢંગથી પોતાના જીવનગાળાને ચાર ભાગમાં વહેંચી દીધો. (અ) ૧૯૧૧થી ૧૯૨૬ સુધીના પંદર વર્ષને બાળપણનો ગાળો, જ્યારે તેમની ગુરુસત્તા સાથે સાક્ષાત્કાર થયો. (આ) ૧૯૨૬થી ૧૯૪૧ સુધીનો પંદર વર્ષનો ગાળો, જેમાં સ્વતંત્રતા-સંગ્રામમાં પ્રવેશ કરવાથી લઈને જેલ જવું અને ગાયત્રી મહાપુરશ્ચરણ શરૂ કરવાથી લઈને બાપૂ, કવીવર રવિન્દ્ર અને શ્રી અરવિંદ જેવા મહાપુરુષો સાથે મિલન-સત્સંગનો ક્રમ અને અખંડ જ્યોતિ પત્રિકાનું પ્રકાશન શરૂ થવું. આ કાર્ય વિવિધ જેલો-આંવલખેડા અને આગ્રા નગરમાં હાથ ધરાયા. ૧૯૪૧માં તેઓનું મથુરા પ્રયાણ કરી જવું. (ઈ) ૧૯૪૧થી ૧૯૭૧ સુધીનો ત્રીસ વર્ષનો ગાળો, જેમાં અખંડ જ્યોતિ સંસ્થાન અને ગાયત્રી તપોભૂમિની સ્થાપના થઈ, પરમ વંદનીય માતાજીનો તેમના જીવનમાં પ્રવેશ થયો, ત્રણ વખત તેઓ એક-એક વર્ષ માટે હિમાલય ગયા. ૨૪ લાખનાં અનુષ્ઠાનોની મહાપૂર્ણાહુતિ પરિપૂર્ણ થઈ, ૧૯૫૮નો ઐતિહાસિક સહસ્રકુંડીય મહાયજ્ઞ થયો, જે 'ગાયત્રી પરિવાર'ની સ્થાપનાનો મૂળભૂત આધાર બન્યો. આ સમયગાળામાં ગાયત્રી મહાવિજ્ઞાન લખવામાં આવ્યું અને આર્ષ ગ્રંથોનું આદિથી અંત સુધી ભાષ્ય કાર્ય પરિપૂર્ણ થયું. યુગનિર્માણ યોજનાની સ્થાપનાથી લઈને સમગ્ર ભારતમાં ગાયત્રી પરિવારોની શાખાઓની સ્થાપના આ ગાળામાં થઈ. (ઈ) ૧૯૭૧થી ૧૯૯૦ના અંતિમ વીસ વર્ષના ગાળામાં જ્યારે તેઓ મથુરાથી વિદાય લઈને હરિદ્વાર થઈને હિમાલય ચાલી ગયા. ૧૯૭૨ના જૂનમાં પરત આવ્યા પછી તેમણે ઋષિ પરંપરાનું બીજારોપણ કરીને ગાયત્રી તીર્થના રૂપમાં એક સિદ્ધપીઠની સ્થાપનાનો સંકલ્પ કર્યો. આ સમયગાળામાં પ્રાણપ્રત્યાવર્તનથી લઈને કલ્પસાધના, સંજીવની સાધના, નારીજાગરણ, વાનપ્રસ્થ, યુગશિલ્પી શિક્ષણ સત્રો શરૂ કર્યાં. સ્વયં પૂજ્યવર પ્રવાસી ભારતીયો માટે સંદેશ લઈને ૩ મહિના માટે ૧૯૭૨ના અંતથી ૧૯૭૩ની શરૂઆત સુધી વિદેશયાત્રા પર દરિયા મારફતે જહાજમાં ગયા. બ્રહ્મવર્ચસ્ શોધસંસ્થાન અને શક્તિપીઠ નિર્માણની પ્રક્રિયા, નારીજાગરણ અભિયાન હેઠળ દેવ કન્યાઓનું સમગ્ર ભારતમાં પરિભ્રમણ અને પ્રજ્ઞાપુરાણ સર્જન જેવાં મહત્ત્વપૂર્ણ કાર્યો આ સમયગાળામાં થયાં. શક્તિપીઠ ઉદ્ઘાટન પ્રવાસ પછી તુરત જ તેમણે સૂક્ષ્મીકરણ સાધનામાં પ્રવેશ કર્યો અને ભાવી યોજનનું નિર્ધારણ એના દ્વારા થયું. રાષ્ટ્રીય એકતા સંમેલનો, વિરાટ દીપયજ્ઞોની ક્રાંતિકારી શૃંખલાથી લઈને ક્રાંતિધર્મી સાહિત્યનુ નિર્માણ આ ગાળામાં થયું. ૨ જૂન, ૧૯૯૦ ગાયત્રીજયંતીના દિવસે તેમની પૂર્વ જાહેરાત મુજબ મહાપ્રયાણ કર્યું.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આમ ૧૫ વર્ષ, ૧૫ વર્ષ, ૩૦ વર્ષ અને ૨૦ વર્ષના ચાર ખંડોમાં તેમનું એંસી વર્ષનું જીવન વહેંચી શકાય છે. પૂજ્યવરે એપ્રિલ ૧૯૯૦માં લખ્યું કે, "કોઈ એમ ન સમજે કે દીપક બુઝાઈ ગયો અને પ્રગતિનો ક્રમ અટકી ગયો. દશ્ય શરીરરૂપી હાડમાંસનું શરીર આંખોથી દેખાય કે ન દેખાય, વિશેષ ઉદ્દેશો માટે નિમાયેલ આ ચોકીદાર નવી સદી સુધી સંપૂર્ણ જાગૃતિપૂર્વક ભવિષ્યની જવાબદારી નિભાવતા રહેશે." ઉપર્યુક્ત પંક્તિઓના અનુસંધાનમાં આપણે તેમની સ્થાપનાઓને - પાંચ સ્થૂળ શરીરોને સમજવાનો પ્રયત્ન કરીએ તો વધુ યોગ્ય ગણાશે.

**(૧) યુગતીર્થ આંવલખેડા :** એક યુગપુરુષનો આસો માસના કૃષ્ણપક્ષની તેરસને વિ. સંવત ૧૯૬૮, સને ૧૯૭૧ના બ્રાહ્મમુહૂર્તમાં આંવલખેડા, ગામ, જિલ્લા આગ્રામાં જન્મ થયો. આ ગામ આગ્રાથી જલેસર માર્ગ પર લગભગ પંદર કિ. મી. દૂર આવેલું છે. પં. રૂપકિશોર શર્મા અને માતા દાનકુંવરીજીના ઘેર જન્મેલ આ બાળક પોતાની લીલા બાળપણથી જ આંબાવાડિયામાં સહાધ્યાયની સાથે સાધના કરવામાં, દલિત વર્ગના અને પછાત વર્ગોના સમુદાયમાં જઈને તેમની સેવા કરવાના રૂપમાં બતાવવા લાગ્યો. હિમાલયનો તીવ્ર પોકાર એક દિવસે ભગાડીને કાઠગોદામ સુધી લઈ ગયો, જ્યાંથી સંબંધીઓ પરત લઈ આવ્યા. ૧૨ વર્ષની ઉંમરે મદનમોહન માલવીયાજી પાસે દીક્ષા લઈને, "ગાયત્રી બ્રાહ્મણની કામધેનુ છે"નું શિક્ષણ મેળવીને બાળક શ્રીરામે ૧૫ વર્ષની ઉંમરમાં પોતાની માર્ગદર્શક સત્તાથી સાક્ષાત્કાર કર્યો અને જીવનના માર્ગ-અંતિમ ધ્યેયના વાસ્તવિક સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન મેળવ્યું.

અહીં જ્યાં ક્યારેક એક ભવ્ય હવેલી હતી, ત્યાં આજે એક ભવ્ય સ્મારકના રૂપમાં ગ્રેનાઈટનો એક ચબૂતરો, એક વિરાટ કીર્તિસ્તંભ તથા જીવનસાગરનાં ચૌદ પૃષ્ઠરત્નોના રૂપમાં ગ્રેનાઈટ પર અંકિત સોનેરી પૃષ્ઠોની શબ્દાવલી હયાત છે. આના ખંડમાં ગુરુદેવનો જન્મ થયો હતો. બરાબર તે જ જગ્યા પર એક ચબૂતરો બનાવવામાં આવ્યો છે અને ત્યાં દરરોજ હજારો વ્યક્તિઓ આવીને પોતાના શ્રદ્ધાસુમન અર્પણ કરે છે. સ્વતંત્રતા-સંગ્રામના દિવસોમાં જ્યાં સક્રિયતાપૂર્વક કાર્ય કરવામાં આવ્યું, બેઠકો યોજાઈ, છાપો પડતાં ભાગવા માટે ગુપ્ત માર્ગ બનાવાયો, તે જગ્યા હજુ પણ જે-તે સ્થિતિમાં બનાવાઈ, કારણ કે કાળક્રમે એ જગ્યા ભારે વરસાદથી ધોવાઈ ગઈ હતી. પોતાના હાથથી રોપેલું લીમડાનું વૃક્ષ અને હાથથી ખોદેલો મીઠા પાણીનો કૂવો આ જ વિસ્તારમાં આવેલો છે, જે તેમની યાદ બરાબર અપાવે છે. તેઓ આંવલખેડાથી આગ્રા આવ્યા ત્યારે ૨૦૦૦ વીઘા કરતાં વધુ જમીન ગરીબોમાં વહેંચી દીધી અને એક ભાગ પર 'મા દાનકુંવરી ઇન્ટર કૉલેજ' સ્થાપી દીધી. આ કૉલેજ ૧૯૬૩થી ચાલે છે અને ન જાણે કેટલાંય બાળકો ભણીને બહાર નીકળ્યાં છે. આગ્રાથી મથુરા અને મથુરાથી હરિદ્વાર આવ્યા ત્યાં સુધી પૂજ્યવરે જન્મભૂમિને વિશેષ મહત્ત્વ ન આપ્યું, પરંતુ શિષ્યો અને વંદનીય માતાજીના આગ્રહથી તેઓ એક વખત ૧૯૭૯-૮૦માં ગામમાં ગયા અને ત્યાં ગયા પછી એક ગાયત્રી શક્તિપીઠ, એક કન્યા ઇન્ટર કૉલેજ અને એક હૉસ્પિટલની રૂપરેખા બનાવી. આજે ગાયત્રી શક્તિપીઠ એક વિરાટ આકાર લઈ ચૂકી છે અને આસપાસના લગભગ ૧૦૮ માઈલ સુધીના વ્યક્તિઓ માટે સંસ્કારિત સિદ્ધપીઠ છે. આ જ વિસ્તારમાં સ્થાયેલી ઇન્ટર કૉલેજ કન્યા ડિગ્રી કૉલેજ બની ગઈ છે, જે પૂજ્યવરનું એક સ્વપ્ન હતું.

૧૯૯૫નો અર્ધમહાપૂર્ણાહુતિ અશ્વમેધ યજ્ઞ જેમાં લગભગ સાઠ લાખ લોકો અને રાજતંત્રથી લઈને સંસ્કૃતિ પ્રબુદ્ધ વર્ગની પ્રતિભાઓએ ભાગીદારી કરી, તે આયોજન એક ઐતિહાસિક ઘટના બની ગયું. નવેમ્બર મહિનાની કારતકની પૂર્ણિમા પર આયોજિત આ આયોજનથી ગાયત્રી પરિવારે એક નવો વળાંક લીધો. હમણાં ત્યાં ૩૦ પથારીની એક સાર્વજનિક હૉસ્પિટલની શરૂઆત થઈ ગઈ છે. એને આદર્શ ગામ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જાહેર કરવામાં આવ્યું અને બધી યોજનાઓ અહીં સક્રિયતાથી ચાલી રહી છે. શક્તિપીઠના વિસ્તારમાં એક સ્વાવલંબન વિદ્યાલય અને જડીબુટ્ટી સંશોધન સંસ્થાની રચના થનાર છે. આ પૂજ્ય ગુરુદેવનું પ્રથમ સ્થૂળ શરીર છે. અહીંથી આગ્રા (ફ્રીગંજ) થઈને મથુરા ગયા.

**(૨) અખંડ જ્યોતિ સંસ્થાન ઘીયામંડી, મથુરા :** પૂજ્ય ગુરુદેવે ૧૯૨૪માં પ્રગટાવેલ અખંડ જ્યોતિ દીપકની સાથે આગ્રાથી મથુરા આવ્યા. બે-ત્રણ મકાન બદલ્યા પછી વર્તમાન મકાનમાં આવ્યા, જેનું ભૂતબંગલો નામ હતું. પૂજ્યવરે અહીંથી પોતાની પ્રાણચેતનાના વિસ્તાર માટે 'અખંડ જ્યોતિ' પત્રિકાના પ્રકાશન કાર્યને આગળ વધાર્યું હતું. ૧૯૩૮થી શરૂ કરેલી પરંતુ વ્યવસ્થિત રૂપમાં વસંતપંચમી ૧૯૪૦માં ફ્રીગંજ આગ્રાથી શરૂ કરેલી આ પત્રિકા 'હેન્ડમેડ' કાગળ પર પગથી ચાલતાં મશીનો પર છપાવવા લાગી. નાની નાની પુસ્તિકાઓ પણ પડતર કિંમત પર છપાવવા લાગી. પ્રેમની ચિઠ્ઠી 'પત્રિકા' અને પૂજ્યવરના પત્રો જન-જન સુધી પહોંચવા લાગ્યા. આ વ્યક્તિગત જનસ્પર્શ જે પૂજ્યવરે શરૂ કર્યો અને વંદનીય માતાજીએ સ્નેહયુક્ત આતિથ્ય પીરસ્યું, તેના દ્વારા ગાયત્રી પરિવારની સ્થાપનાનાં બીજ રોપાયાં. પ્રારંભિક સ્તર પર મિશનના પાયાથી પથ્થરના રૂપમાં અનેક કાર્યકર્તાઓએ અહીં આત્મીયતાભર્યો પ્રસાદ માતાજી પાસેથી અને જીવનવિદ્યાનું શિક્ષણ પૂજ્યવર પાસેથી મેળવ્યું છે. શરૂઆતમાં એક નાના સરખા મકાનમાં શરૂ થયેલ આ સંસ્થાન, જ્યાં 'ગાયત્રી મહાવિજ્ઞાન' જેવું ગાયત્રી મહાવિદ્યાનું 'એનસાઈક્લોપીડિયા' સ્તરનું પ્રકાશન થયું, તેણે એક વિરાટ રૂપ પ્રાપ્ત કર્યું છે. ઓરડી જ્યાં પૂજ્ય ગુરુદેવે પોતાને અખંડ દીપક રાખ્યો, તે વંદનીય માતાજીએ જેનું રક્ષણ કર્યું અને પૂજ્યવરે કઠિન તપસાધના કરી, તે જગ્યા અસલી રૂપમાં અંદર-બહારથી સુરક્ષિત માળખામાં જાળવી રાખવામાં આવી છે. આજે પણ સેંકડો વ્યક્તિઓ આ ઊર્જા કેન્દ્રનાં દર્શન કરવા દરરોજ આવે છે. જ્યાં 'અખંડ જ્યોતિ' કાર્યાલય હતું, ત્યાં આજે એક વિશાળ પત્રાચાર કાર્યાલય જ નહીં, સાડા પાંચ લાખથી વધુ સંખ્યામાં પ્રકાશિત 'અખંડ જ્યોતિ' પત્રિકાનું પ્રકાશન-વિતરણ કેન્દ્ર છે. કદાચ આ જગ્યા પર ગાયત્રી તપોભૂમિના નિર્માણની, ત્યાં ચાલનારાં સત્રોની અને ૧૦૦૮ કુંડીય યજ્ઞ (૧૯૫૮)ની રૂપરેખા બની હતી. આજે અહીં વાઙ્મય સાહિત્ય જે પૂજ્યવરની કલમે લખાયેલ સાધનામૃત, અમૃતવાણી અને સૂક્તિઓના સંગ્રહના રૂપમાં ૧૦૮ 'બ્રિટેનિકા' કદના વિશ્વકોષ આકાર લઈ રહ્યા છે અને પ્રકાશિત થયા છે, તેનું કાર્યાલય પણ છે. આ પૂજ્યવરનું બીજું સ્થૂળ શરીર છે.

**(૩) ગાયત્રી તપોભૂમિ, વૃંદાવન માર્ગ, મથુરા :** દુર્વાસા ઋષિની તપઃસ્થળી પર આ પવિત્ર સ્થાપના પરમ પૂજ્ય ગુરુદેવનાં ચોવીસ લાખનાં ચોવીસ મહાપુરશ્ચરણની પૂર્ણાહુતિ પર કરવામાં આવી છે. ૨૪૦૦ તીર્થોનું જળ અને રજ સંગ્રહ કરીને તેમજ અખંડ અગ્નિનીને સ્થાપીને અહીં ગાયત્રી મહાશક્તિનાં એક મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું. અહીં વિરાજમાન થઈને પૂજ્યવરે સતત જનસંપર્ક-લોકશિક્ષણના માધ્યમથી 'ગાયત્રી પરિવાર' રૂપી વિશાળ વટવૃક્ષનું બીજારોપણ કર્યું. તપોભૂમિની સ્થાપના ૧૯૫૩માં થઈ. ૧૯૫૬માં અહીં નરમેધ યજ્ઞ થયો. આ પછી જીવનદાની કાર્યકર્તાઓ આવવાનો ક્રમ શરૂ થયો. ૧૯૫૮માં અહીંથી સહસ્રકુંડીય વિરાટ ગાયત્રી મહાયજ્ઞની યોજના બનાવી. લગભગ છ લાખથી વધુ કાર્યકર્તાઓ અહીં આવ્યા અને એક સુવ્યવસ્થિત ગાયત્રી પરિવારની આધારશિલા મૂકવામાં આવી. પરમ પૂજ્ય ગુરુદેવે હિમાલય પ્રવાસ પરથી પાછા આવ્યા બાદ 'યુગ નિર્માણ યોજના'ની જાહેરાત અહીંથી ૧૯૬૨માં કરી. સોસૂત્રી કાર્યક્રમની સાથે એક સત્સંકલ્પની પણ જાહેરાત પણ કરવામાં આવી. ગાયત્રી યજ્ઞથી પ્રેરણાઓ લઈને નાની ટ્રેક્ટસરૂપે ક્રાંતિકારી ચેતનાનું સંવાહક સાહિત્ય અહીંથી લખવામાં આવ્યું. છાપકામ અર્થે એક વિશાળ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રકાશન તંત્ર રચવામાં આવ્યું, સાથે જ એક સ્વાવલંબન વિદ્યાલય પણ શરૂ કરવામાં આવ્યું, જ્યાં બાળકોને રોજગારલક્ષી અનૌપચારિક શિક્ષણ આપવામાં આવે છે. આજે આ વિદ્યાલય સફળતાપૂર્વક કુશળ માર્ગદર્શન હેઠળ ચાલી રહ્યું છે. ૧૯૫૩ થી ૧૯૭૧ સુધી પરમ પૂજ્ય ગુરુદેવની કર્મભૂમિ આ જ સ્થાન રહ્યું છે. પૂજ્યવરની વિદ્યા-વિસ્તાર યોજનાને સમગ્ર ભારતમાં ફેલાવવા માટે આ સંસ્થાન સક્રિય છે. એક વિશાળ સંમેલનમાં પરમ પૂજ્ય ગુરુદેવ અને પરમવંદનીય માતાજીને ૧૭, ૧૮, ૧૯, ૨૦ જૂન, ૧૯૭૧ના ઐતિહાસિક હૃદયસ્પર્શી આયોજનમાં હિમાલય તપસાધના અર્થે વિદાય આપવામાં આવી. વંદનીય માતાજી માટે શાંતિકુંજ હરિદ્વાર નિર્ધારિત થઈ ગયું હતું. પૂજ્યવર દુર્ગમ હિમાલય ચાલી ગયા, જ્યાંથી તેઓ ૧ વર્ષ પછી હરિદ્વાર પરત આવ્યા. પુનઃ મથુરા ન જવાનો સંકલ્પ તેમણે અંત સુધી પાળ્યો. જેમના ખભા પર ગાયત્રી તપોભૂમિ સંભાળવાની જવાબદારી સોંપવામાં આવી હતી, તેમના મારફત એક ભવ્ય નિર્માણ આજે ત્યાં થઈ ગયું છે. એક વિશાળ પ્રજ્ઞાનગરની સાથે વિદ્યાલયનું વિશાળ ભવન છે. સાહિત્ય પ્રકાશન અર્થે કમ્પ્યૂટર્સથી લઈને સૌથી વધુ આધુનિક ટેક્નિકવાળાં મશીનો અહીં લગાડ્યાં છે. હમણાં થોડા દિવસો પહેલાં અહીં 'પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રદ્ધા'ના રૂપમાં ઋષિયુગ્મના સ્મારકોની સ્થાપના-પ્રાણપ્રતિષ્ઠા પણ એક ભવ્ય સમારંભ યોજીને કરવામાં આવી છે. એને પરમ પૂજ્ય ગુરુદેવનું ત્રીજુ સ્થૂળ શરીર કહી શકાય છે.

**(૪) શાંતિકુંજ, ગાયત્રીતીર્થ હરિદ્વાર :** જ્યાં એક સમયે બ્રહ્મર્ષિ વિશ્વામિત્રની તપસ્થળી હતી, તે સપ્તસરોવર ક્ષેત્રમાં 'અખંડ દીપક' પરમવંદનીય માતાજીની સાથે જ શાંતિકુંજ હરિદ્વાર આવી ગયો. આ તીર્થના નિર્માણ માટે પૂજ્યવરે ભૂમિની પસંદગી કરીને ૧૯૬૯માં તેની રચનાનું કાર્ય શરૂ કરી દીધું હતું. પરમ પૂજ્ય ગુરુદેવના હિમાલય તપસાધનાના સમયગાળામાં જ પરમવંદનીય માતાજીની સાથે ચોવીસ કુંવારી કન્યાઓ દ્વારા અખંડ દીપકની સમક્ષ ૨૪૦ કરોડ ગાયત્રી મંત્ર જપનું અનુષ્ઠાન શરૂ કરવામાં આવ્યું. એની સાથે 'નારી જાગરણ અભિયાન'નો પાયો નંખાયો. પૂજ્યવર એક વર્ષ પછી હિમાલયથી પરત આવ્યા પછી પ્રાણપ્રત્યાવર્તન સત્રોની હારમાળા શરૂ થઈ. ગુરુદેવે સાધકોમાં પ્રાણઊર્જાનું સંચારણ કરીને તેમને ભવિષ્યમાં મહત્ત્વની ભૂમિકા ભજવવાની પ્રેરણા આપી. શાંતિકુંજ ધીમેધીમે વિરાટ રૂપ લેવા લાગ્યું. વાનપ્રસ્થ સત્ર, લેખન સત્ર, કલ્પસાધના સત્ર, જીવનસાધના સત્ર, મહિલાજાગરણ સત્ર આદિનું આયોજન અને પૂજ્યવરની કલમ દ્વારા નીકળનારી ઊર્જાએ.ઋષિ પરંપરાના બીજારોપણ અર્થે સ્થાપિત આ તીર્થમાં સાધકો-શિષ્યોનો આવવાનો ક્રમ ચાલુ રાખ્યો. સ્થાનની જરૂરિયાત જણાતા ગાયત્રીનગરની સ્થાપના કરવામાં આવી. ૧૯૭૮માં સ્થપાયેલ આ વિરાટ કેમ્પસ આજે પ્રશિક્ષણ એકેડેમીનું સ્વરૂપ લઈ ચૂક્યું છે. અહીં પૂજ્યવરે દેવપરિવારમાં વસવાટ કરવા અર્થે જાગૃત આત્માઓને આવાહન કર્યું. આ માટે વ્યક્તિઓ આવતા ગયા. સપ્તઋષિઓની મૂર્તિઓની સ્થાપનાની સાથે અહીં સંસ્કારો કાર્યક્રમો યોજાવા લાગ્યા. એક નવકુંડી યજ્ઞશાળા બનાવાઈ. આમ આ ભૂમિ એક સમર્થ ગાયત્રીતીર્થના રૂપમાં સ્થપાઈ ગઈ.

આ તીર્થમાં દુર્લભ વનૌષધિ ઉપવન રચાયું. પાંચ હજાર વ્યક્તિઓના રહેઠાણની વ્યવસ્થા થઈ. એક ઓબ્ઝર્વેટરીની સ્થાપના થઈ તથા એક સાથે ત્રણ હજાર વ્યક્તિઓ એક સાથે ભોજન કરી શકે એવું મા ભગવતી અન્નપૂર્ણા ભોજનાલય.અહીંની વિશેષતા છે. નિઃશુલ્ક ચિકિત્સા સલાહથી માંડીને સંસ્કારોની વ્યવસ્થા, કોઈ જાતજાતના અને નાનામોટાના ભેદભાવ સિવાય ભોજન-પ્રસાદ સર્વને માટે પ્રાપ્ય છે. લગભગ દોઢ હજાર કાર્યકર્તા અહીં રહે છે. સરકારી સંસ્થાઓના વિવિધ વિભાગના લોકોના વ્યક્તિત્વ વિકાસ અને જીવનસાધના માટેનાં સત્રો અહીં ચાલે છે. ૯ દિવસ ઊર્જા પ્રાપ્તિનાં સત્રો સતત ચાલે છે. એક માસના યુગશિલ્પી સત્રોમાં કાર્યકર્તાઓને સ્વાવલંબનથી માંડીને લોકશિક્ષણની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રક્રિયામાં પ્રશિક્ષિત કરવામાં આવે છે. કમ્પ્યૂટરોથી સુસજ્જિત વિશાળ પત્રાચાર કેન્દ્ર, સમગ્ર ભારત અને વિશ્વભરના ગાયત્રી પરિજનોનું સંગઠનાત્મક સુનિયોજનનું તંત્ર, અતિ આધુનિક ઓડિયો-વીડિયો એડીટિંગ યૂનિટથી સજ્જિત 'ઇલેકટ્રોનિક મીડિયા વિભાગ' અને શાંતિકુંજ ફાર્મસી એવી વિશેષતાઓ છે, જેને જોવા અને લાભ લેવા હજારો વ્યક્તિઓ દરરોજ અહીં આવે છે. મલ્ટીમીડિયા પ્રોજેક્શન દ્વારા હિમાલય સ્મૃતિ ભવનમાં આત્મદેવતાની સાધનાથી લઈને પર્યાવરણ જાગૃતિ અને હિમાલયની સૂક્ષ્મ ચેતન સત્તાનો સાક્ષાત્કારનો લાઈટ-સાઉન્ડ શૉ જેવી વિલક્ષણતાઓ બીજી કોઈ જગ્યા પર નથી. 'અખંડ દીપક'ના પ્રાતઃ બ્રાહ્મમુહૂર્તમાં દર્શન, 'પ્રખર પ્રજ્ઞાસજલ શ્રદ્ધા' રૂપી ભવ્ય સ્મારક જ્યાં પૂજ્યવર અને વંદનીય માતાજીના સ્થૂળ શરીરને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા તે સ્મૃતિચિહ્ન રૂપે સ્થાપિત છે. આ સ્મારકની નજીક બેસીને ધ્યાન દ્વારા શાંતિકુંજની આધ્યાત્મિક ઊર્જામાં સ્નાન કરવું ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવવા બરાબર છે. ગંગા નદી અહીંથી માત્ર ૪ માઈલના અંતરે વહે છે. એકવીસમી સદીની ગંગોત્રીના નામે પ્રસિદ્ધ આ સ્થાન ગુરુદેવનું ચોથું સ્થૂળ શરીર કહી શકાય છે.

**(૫) બ્રહ્મવર્ચસ્ શોધ સંસ્થાન (સપ્ત સરોવર) હરિદ્વાર :** પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા મહર્ષિ કણાદની તપોસ્થલીમાં સ્થાપિત આ સ્થાન સપ્ત સરોવરમાં વહી રહેલી ગંગાની સાત ધારાઓની સામે શાંતિકુંજથી લગભગ અડધા કિલોમીટરના અંતર પર છે. આ સંસ્થાન વિજ્ઞાન અને અધ્યાત્મના સમન્વયના સંકલ્પિત રૂપનું પ્રતીક છે. આનો શુભારંભ ૧૯૭૧માં થયો હતો. પરમ પૂજ્ય ગુરુદેવ એને ભવિષ્યના ધર્મની સ્થાપના અર્થે રચાયેલ પોતાનું મગજ કહેતા હતા. ત્રણ માળનું આ ભવન પોતાની સ્થાપત્ય કલાને લીધે સર્વને આકર્ષિત કરે છે. ભવનના પ્રાંગણની વચ્ચે યજ્ઞશાળા બનેલી છે, જ્યાં સતત વનૌષધિ યજન પ્રક્રિયા પર વૈજ્ઞાનિક સંશોધન ચાલી રહ્યું છે. 'યજ્ઞોપૈથી' નામથી લોકપ્રિય વિદ્યાની શરૂઆત અહીંથી પ્રસિદ્ધ થઈ છે. પ્રથમ મજલા પર ગાયત્રીની ચોવીસ મૂર્તિઓ છે. પ્રત્યેક મૂર્તિની સાથે બીજમંત્ર, યંત્ર અને તેની ફળશ્રુતિઓ લગાડેલી છે. બીજા મજલા પર ચોવીસ ઓરડામાં એક વિશાળ પ્રયોગશાળા બનાવેલી છે. લોહીના પૃથક્કરણથી લઈને શરીરના વિવિધ એન્જાઈમ, હોરમૉન્સની શરીર અને મનની વીજ પર મંત્રશક્તિ યોગસાધના, આહાર, પ્રાર્થના, યજ્ઞ, પ્રાણાયામ આદિના પડનારા પ્રભાવોનું વિશ્લેષણ, અભ્યાસ કરવાનું એક વ્યાપક તંત્ર અહીં સૌથી વધુ આધુનિક સાધનોના માધ્યમથી બનાવાયું છે. શાંતિકુંજમાં જે સાધકો રોકાય છે તેમનું મહિનામાં બે વખત પરીક્ષણ થાય છે. સાધકો પર દરરોજ મનોવૈજ્ઞાનિક પ્રયોગો પણ અહીં થતા રહે છે. ત્રીજા માળ પર ૪૫૦૦૦થી વધુ ગ્રંથોથી સમાયેલી એક વિશાળ લાઇબ્રેરી છે. સમગ્ર વિશ્વમાં વૈજ્ઞાનિક અધ્યાત્મવાદ પર થયેલા સંશોધન નિબંધો અને પ્રકાશિત પત્રિકાઓનું અહીં સંકલન છે. કેટલીયે પાંડુ લિપિઓ અહીં છે. વેદ, ઉપનિષદ, ગીતા વિશ્વકોષ પર અહીં વિશદ અભ્યાસ કરીને પ્રકાશન કરવામાં આવે છે. લગભગ પચાસથી વધુ સ્નાતક સ્તર ઉપરના વૈજ્ઞાનિકો અને ડૉક્ટરો અહીં રહીને અભ્યાસ કરે છે અને આવનારાને માર્ગદર્શન આપે છે અને સંશોધન કાર્ય કરતા રહે છે. આ સંસ્થાન પોતે પોતાની રીતે અનોખું છે અને વિશ્વભરના વૈજ્ઞાનિકોને આકર્ષિત કરતું રહે છે. એને પૂ. ગુરુદેવનું પાંચમું સ્થૂળ શરીર માનવામાં આવે છે.

આટલા પરિચય માત્રથી કોઈને અનુમાન થઈ શકે છે કે પરમ પૂજ્ય ગુરુદેવ અને વંદનીય માતાજીનું વ્યક્તિત્વ કેટલું વિરાટ હશે. તેઓ જે કંઈ સ્થાપનાઓ કરી ગયાં છે, તે આજે ભારતવાસીઓ અને વિદેશના સંસ્કૃતિપ્રેમીઓ માટે પ્રેરણાના સ્રોત બનેલી છે. જો આ પાંચ સ્થાપનાઓ, પાંચ સ્થૂળ શરીરોની સાથે તે બધી સ્થાપનાઓ જોડી દેવામાં આવે, જે ક્ષેત્રમાં ફેલાયેલી ભારતવ્યાપી શક્તિપીઠોના તંત્રના રૂપમાં હયાત છે, તો હિમાલય સમાન એક ગગનચુંબી વ્યક્તિત્વના રૂપમાં ઋષિયુગ્મની સત્તાનો અનુભવ થાય છે. આવી મહાન ગુરુસત્તાના આપણે લીલા-સહચર રહ્યા છીએ, એમ વિચારતા રહેવાથી મન આનંદિત થતું રહે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સત્પ્રવૃત્તિઓનું સંવર્ધન કરી પરિવારને સ્વર્ગ જેવું બનાવો

શરીરની સાથે રહેલાં અંગો અને ઉપાંગોની જેમ શરીરની સાથે પરિવારના સભ્યો પણ જોડાયેલા છે. મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. તેથી તે એકલો જીવી શકે નહીં. જરૂરિયાતો અને સમસ્યાઓ એટલી બધી સંખ્યામાં છે કે તેનું સમાધાન સહકારના ધોરણે જ શક્ય બને છે. મનુષ્યની મૂળપ્રવૃત્તિ સામાજિક સહકારિતાની છે. આ સામાજિક સહકારે જ તેને બુદ્ધિ આપી છે અને સાધનસંપત્તિ વધારવાના તથા ખર્ચ કરવાના રસ્તા સૂચવ્યા છે જેને આજની ભાષામાં પદાર્થવિજ્ઞાન, અર્થ-શાસ્ત્ર અને ક્રિયાકૌશલ કહે છે. આ ક્ષેત્રો બુદ્ધિમત્તાનાં છે. તેમાં ભૂતકાળથી માંડીને વર્તમાન સુધી જે કંઈ પ્રાપ્ત થયું છે તેના મૂળમાં સહકારની સત્પ્રવૃત્તિ પરોક્ષ રીતે જોડાયેલી જ છે. સમાજનો એક ભાગ જે હંમેશાં સાથે સંકળાયેલો રહે છે - તે પરિવાર કહેવાય છે.

શરીરની જેમ કુટુંબની સુરક્ષા અને પ્રગતિનું ધ્યાન રાખવાની આપણી ફરજ છે. જે લોકોની સાથે રહેવાનું છે અને નિર્વાહ કરવાનો છે તે બધાં કુટુંબી છે. ફક્ત પોતાની પત્ની અને બાળકોના સીમિત દાયરામાં કુટુંબની વ્યાખ્યા સમાઈ જતી નથી પરંતુ એકસાથે રહેનારાં અને પરસ્પર સ્નેહ-સહયોગનું આદાન-પ્રદાન કરનારાં પણ પરિજન જ કહેવાય છે. કુંવારા કે પરણેલાં હોવાથી આમાં કોઈ ફરક પડતો નથી. પોતાના વારસોની જેમ વ્યવસાય અને વિચારો પણ મનુષ્યોમાં ઘનિષ્ઠતા ઊભી કરે છે. એક નાવમાં બેસનારાં બધાં એક કુટુંબી બની જાય છે, કારણ કે નાવમાં બેઠા પછી પાર ઊતરવાનું કે ડૂબવાનું સાથેસાથે હોય છે.

ઘણું કરીને કુટુંબના ભરણપોષણની જવાબદારી પોતાની સમજીને તેને નિભાવવા માટે પ્રયત્નો થતા હોય છે. તેમાં એક કડી પ્રજ્ઞાપરિજનોની પણ જોડવી જોઈએ. પરિજનોનાં શરીરોને પોષવા, એકત્રિત કરવા, સમૃદ્ધ બનાવવા અને પ્રસન્ન બનાવવામાં જ આપણી જવાબદારી પૂરી થઈ જતી નથી, પરંતુ આ બધા કરતાં પણ ઊંચી જવાબદારી તેમના વ્યક્તિત્વને ચમકાવવાની ગણવી જોઈએ. જો આ બાબતની અવગણના કરાઈ તો વ્યક્તિત્વ અણઘડ અને કુસંસ્કારી રહેવાને કારણે સમૃદ્ધિ, શિક્ષણ કે શક્તિથી તેમનું કોઈ ભલું થઈ શકશે નહીં. દુર્ગુણી વ્યક્તિ હંમેશાં સિદ્ધિઓનો દુરુપયોગ જ કરે છે. પરિણામે પોતાની અને પોતાના સાથીઓની અવગતિ થાય છે. વૈભવ જરૂરી છે તેમાં કોઈ શંકા નથી પરંતુ યાદ રાખવા જેવી હકીકત એ છે કે સજ્જનતાના અભાવમાં કુપ્રવૃત્તિઓ ફૂલેફાલે છે અને દૂધ પાઈને ઉછેરેલા સાપની જેમ તેનાં દુષ્પરિણામ જ સામે આવે છે. જે લોકો લાડપ્યારને કારણે પોતાના કુટુંબને દુર્ગુણી બનાવી દે છે તેમનો અવિવેક સભર પ્યાર અંતે અત્યાચાર કરતાં પણ વધારે ખરાબ સાબિત થાય છે.

પરિવાર સંસ્થાને સદ્‌ગુણી પ્રયોગશાળા, પાઠશાળા, ફેક્ટરી કે નર્સરી માનીને "એક આંખે રડાવવું અને બીજી આંખે હસાવવાની" નીતિ અપનાવનાર આત્મીયજનોનો તે નાનો સમૂહ સાચી સેવા ગણાશે. શરૂઆતથી જ આ બાબતમાં ધ્યાન રાખવામાં આવે તો ઉત્તમ નહિ તો ભૂલ્યા ત્યાંથી ફરી ગણોની નીતિ અપનાવવી જોઈએ. સમજણ મોડી મોડી આવે તો પણ તે સમજદારી જ કહેવાશે. તેથી પ્રજ્ઞાપરિજનોએ પોતાના સંબંધિત પરિવારોને સુસંસ્કારી બનાવવાનો જ પ્રયત્ન કરવો જોઈએ. કદાચ સમૃદ્ધિ ન હોય તો સજ્જનતાના આધારે કામ ચાલી શકે છે પરંતુ સજ્જનતા વિનાની સમૃદ્ધિના અંતે દુઃખ પરિણામો જોવા મળે છે.

પોતાના વારસદારો માટે કુબેર જેટલો ભંડાર મૂકી જવાની લાલસા તેના માટે તથા સ્વયં પોતાના માટે પણ હિતકર નથી. મફતનો માલ પચતો નથી, પછી ભલે તે અત્યાચાર કે છળકપટ દ્વારા કમાયા હોય કે પછી વારસાગત કે લૉટરી દ્વારા મળ્યો હોય. ઝેરી ખોરાક તેમના માટે છોડી જવા કરતાં આપણે પોતે તેમને સદ્‌ગુણી બનાવવા માટે પુરુષાર્થ કરવો જોઈએ. કોઈની સમૃદ્ધિ સાથે સ્પર્ધા કરવી નહીં. સ્પર્ધા કરવા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માટે તો સજ્જનતાનું મુક્ત ક્ષેત્ર ખુલ્લું જ પડેલું છે. લોકોને પોતાનાં કૌશલ અને પરાક્રમનો પરિચય આવાં ક્ષેત્રોમાં આપવો જોઈએ.

માહિતી અને જાણકારી તો કહેવા સાંભળવાથી પણ મળી શકે છે. ભૂગોળ, શિલ્પ, ગણિત કે સંગીત જેવા વિષયો તો વિષય-નિષ્ણાતો પાસેથી પણ શીખી શકાય છે, પરંતુ ચરિત્રનિર્માણની પ્રેરણા આપવા માટે તો આપણું પોતાનું ઉદાહરણ રજૂ કરવું પડે છે. આમાં આગળ વધતા શિષ્યો એમની જાતે જ પાછળ આવે છે. આમાં મૌખિક ઉપદેશ કોઈ જ કામમાં આવતો નથી. આવો ઉપદેશ આપનારા છેવટે વ્યંગ્ય અને મશ્કરીને પાત્ર બને છે. તેમની વાતો હિતકારક હોવા છતાં પણ ગળે ઉતરતી નથી. રમકડાં બીબાં પ્રમાણે જ બને છે. તેથી પરિવારમાં જે સત્પ્રવૃત્તિઓ શરૂ કરવી હોય તો સૌ પ્રથમ તેના આયોજકોએ તે અપનાવવું પડે છે. જયારે પોતાનાં ગુણ, કર્મ અને સ્વભાવમાં શુભઆશયનો સમાવેશ ઉત્સાહવર્ધક અને પ્રેરણાદાયક માત્રામાં કરવામાં આવે ત્યારે જ પોતાના પરિવારને સુસંસ્કૃત બનાવવાની ઈચ્છા પૂરી થાય છે. બંને ઉદેશો એકબીજા સાથે જોડાયેલા છે. આત્મનિર્માણ અને પરિવારનિર્માણની પ્રક્રિયા ગાડીનાં બે પૈડાંની જેમ સાથેસાથે ચાલે છે. બીજા માટે મહેંદી વાટનારના હાથ અનાયાસે જ લાલ થઈ જાય છે. જો પરિવાર પ્રત્યે તમને સાચી આત્મીયતા, શુભેચ્છા અને સદ્ભાવના હોય તો તેને અમલમાં મૂકવા માટેનો એક જ માર્ગ છે કે પરિવારના સભ્યોને સદ્ગુણી, સજ્જન અને પ્રતિભાવાન બનાવો. તેનો શુભઆરંભ પોતાને જ સુધારવાથી થઈ શકે છે. આદર્શ ઉપસ્થિત કરવાથી જ ઉત્સાહ પ્રગટે છે.

પારિવારિક પંચશીલોની ચર્ચા પણ પ્રસંગોપાત્ત થતી રહે છે. શ્રમશીલતા, સુવ્યવસ્થા, કરકસર, સજ્જનતા અને સહકારી ઉદારતાની આદત ઘરપરિવારના લોકોમાં પાડવામાં આવે તો શરૂઆતમાં અણગમતી લાગવા છતાં પણ અને આનાકાની અને અવગણના થવા છતાં પણ આ બીજારોપણ અને પરિપોષણની પ્રવૃત્તિ ચાલુ રાખવામાં આવે તો આ પુણ્ય પ્રયાસનાં સત્પરિણામો નજરસમક્ષ જોવા મળે છે. આત્મસંતોષ અને બીજાઓ દ્વારા સન્માન અને સહકાર મેળવવાથી કોઈ પણ વ્યક્તિ પોતાની વિશિષ્ટતા પર ગૌરવ લઈ શકે છે. તે માર્ગે જનારાનાં ડગલાં ઉજ્જ્વળ ભવિષ્યની શક્યતાને નિશ્ચિત બનાવે છે. સંતાનો માટે મિલકત મૂકી જવાની કે તેમની અમર્યાદિત માગણીઓ પૂરી કરવાને બદલે તેમના સ્વભાવ અને વર્તનમાં આદર્શવાદિતાનું પ્રમાણ વધે તેવા પ્રયત્નો કરવામાં જ સમજદારી છે. આ એક એવો ઉપકાર છે જે જેના માટે કુટુંબીજનોનો અંતરાત્મા લાંબા સમય સુધી આપનો ઋણી રહેશે અને ધન્યતા અનુભવશે. આ ભેટ હીરાના હાર કરતાં પણ મૂલ્યવાન છે.

બીજાઓને ત્યાં શું થાય છે તેની નકલ કરવાની કોઈ જરૂર નથી. આપણે અગ્રેસર થઈને આપણા પડોશીઓ અને પરદેશીઓની સામે આદર્શ રજૂ કરવો જોઈએ કે આપણા પરિવારનું અનુકરણ કરવામાં તેઓ ગૌરવ અનુભવે. આપણે અનુયાયી નહીં પણ અગ્રણી બનવું જોઈએ. કુરિવાજોને તોડવામાં પણ સાહસિકતા છે. ઘેટાંના ટોળાની જેમ વૈભવનું ઉદ્ધત પ્રદર્શન કરનારાઓનું અનુકરણ કરવું નહીં. તે લોકો પોતાના અંતરાત્માને છેદી ચૂક્યાં છે, આદર્શ ત્યાગી દીધો છે ને ચરિત્ર ગુમાવી ચૂક્યાં છે.

ધાર્મિક લોકો પાંચ દેવો પ્રત્યે જે સન્માન ધરાવે છે અને સંસારી લોકો પાંચ રત્નોના રૂપમાં જે રીતે ધન, લક્ષ્મીનું પૂજન કરે છે તે રીતે પ્રજ્ઞાપરિજનોએ પોતાના ઘરમાં અને કુટુંબમાં પંચશીલ પ્રત્યે સન્માનજનક વાતાવરણ ઊભું કરવું જોઈએ. બધા જ લોકો બળવાનપણું, સુંદરતા, વિદ્વત્તા, ખ્યાતિ અને સમૃદ્ધિ ઇચ્છે છે. જો આ ઇચ્છાઓની સાથેસાથે સજ્જનતાનાં પક્ષરૂપ પંચશીલોનો પણ સમાવેશ કરી શક્યા તો માની લેજો કે સુરુચિ જાગૃત થઈ છે અને મેળવવા યોગ્ય પ્રાપ્તિઓનું મહત્ત્વ સમજનારી વિવેકબુદ્ધિ જાગૃત થઈ છે. રાત્રે ઘોર નિદ્રામાં પડેલા લોકો સવાર થતાં જ જાગૃત થઈ રોજિંદાં કાર્યોથી નિવૃત્ત થઈ શ્રેયસ્કર ક્રિયાશીલતામાં જોડાઈ જાય છે તે પ્રકારનું આ જાગરણ છે.

ઘરમાંથી આળસ અને પ્રમાદને વિદાય કરીને ઘરનો પ્રત્યેક સભ્ય સતત ઉપયોગી કામોમાં વ્યસ્ત રહે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તે રીતનું ઘરનું વાતારવણ બનાવવું જોઈએ. નવરા બેસો નહીં અને આત્મીયજનોને નવરાં બેસવા દો નહીં. આરામની જરૂર છે, પરંતુ આળસ કે પ્રમાદને આરામ અથવા મોટાઈની નિશાની ગણવી નહીં. જીવનનું સ્વરૂપ છે સમય. સમયનો સદુપયોગ શ્રમ અને પરાક્રમની સાથે જ થઈ શકે છે. ઘરનાં કામકાજ એ રીતે ગોઠવેલાં હોવાં જોઈએ કે જેમાં ઘરનો દરેક શક્તિ-શાળી સભ્ય પોતાની રીતે તેમાં વ્યસ્ત રહે. તેમનાથી તેમનું આરોગ્ય, બુદ્ધિબળ અને હોશિયારી વધે છે, સાથેસાથે તેમનું વ્યક્તિત્વ નિખરે છે. ઘરને સુવ્યવસ્થિત અને સુસજ્જ રાખવા માટે ગૃહઉદ્યોગ જેવા બહુ નાના સ્તરે શાકવાટિકા, તૂટેલાં-ફૂટેલાંનું સમારકામ, કપડાં ધોવા, સીવણકામ જેવાં શ્રમ અને શક્તિને વ્યવસ્થિત રાખનારા અને સર્જનાત્મક પ્રવૃત્તિના પરિપોષણ કરનારાં અનેક નાનાં મોટાં કામ ઊભાં કરી શકાય છે.

સ્વચ્છતા, સુંદરતા, સુવ્યવસ્થા આ બધાં જ ઉપક્રમ સુરુચિના પરિચાયક છે. શરીર વસ્ત્ર, સાધન, રહેઠાણ વગેરેનો દરેક પક્ષ સુંદર પરંતુ સાદગી સભર દેખાય તેમાં જ સાચી કળા છે. ગંદકી સહન ન કરવી પણ એક પ્રકારની સૌંદર્ય-આરાધના જ છે. અસ્તવ્યસ્તતા અને કુરૂપતા એક જ વાત છે. શરીરનો દેખાવ ઈશ્વરની ભેટ છે. ખર્ચાળ સજધજમાં વિલાસીતા અને અહંતાના ઉદ્ધત પ્રદર્શનની બદબૂ આવે છે. પરંતુ દરેક વસ્તુને, દરેક ફેંસલાને અને દરેક પ્રયત્નને યોજનાબદ્ધ રીતે વ્યવસ્થિત રાખવામાં આવે તો દૃષ્ટિકોણમાં ગૌરવાન્વિત કળાકારિતાનો સમાવેશ થઈ ગયો માનજો. મેનેજરનું પદ સંસારમાં સૌથી ઊંચું છે. જે પોતાની તથા પોતાના કુટુંબની સુવ્યવસ્થા માટે વિચારી રહ્યો છે તે એક દિવસે તો મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવવામાં પોતાની પ્રતિભા બતાવશે જ.

કરકસરથી સાદાઈ અને સજ્જનતાનો, દીર્ઘદૃષ્ટિનો અને આદર્શવાદનો પરિચય મળે છે. ફેશન પાછળ ખોટા ખર્ચા કરનારા પોતાના મનમાં જે કંઈ સમજતા હોય તે ઠીક, બાકી વિચારશૈલીની દૃષ્ટિએ તો તેઓ હલકા અને બાળકબુદ્ધિના તથા અપ્રામાણિક જ સાબિત થાય છે. ધન ખોટા ખર્ચ કરવા માટે નથી કમાતા. તેની એકે એક પાઈ ભૌતિક અને આત્મિક પ્રગતિનાં સાધનો એકત્રિત કરી શકે તેવાં સત્પ્રયોજનો પાછળ વપરાવી જોઈએ. સમાજને પણ સત્પ્રવૃત્તિના સંવર્ધન માટે ઉદાર દાનોની સરવાણીની સતત આવશ્યકતા રહે છે અને આ દાન અપવ્યયમાંથી બચાવેલા પૈસા દ્વારા જ મળતું હોય છે. જે લોકો પૈસાને કચરો સમજે છે અને મનફાવે તેટલા પૈસા ખરચે છે તેમને જરૂરી પ્રસંગોએ મનમારીને બેસી રહેવું પડે છે અથવા તો દેવાદાર બનવું પડે છે. છેવટે ધન કમાવવા માટે અનીતિનો રસ્તો અખત્યાર કરતાં પણ તે અચકાતો નથી. આ બધી જંજાળમાંથી ખર્ચ કરતાં પહેલાં હજાર વખત વિચાર કરનારો તથા યોગ્ય લાગે ત્યાં જ પૈસા વાપરનારો મુક્ત રહી શકે છે. ઉદ્ધત ઉડાઉપણા કરતાં આવી વિવેકપૂર્ણ કરકસર હજારગણી સારી છે.

સજ્જનતા એ ચોથું કૌટુંબિક પંચશીલ છે. ઘરના લોકો એકબીજા સાથે મીઠાશથી બોલે, શિષ્ટાચાર દાખવે, એકબીજાનો આદર કરે, કામમાં ભાગ પડાવે તથા માનમર્યાદા સાચવે. અસંયમી અને અણઘડ લોકો ઉદ્દંડતા કરતા અને શિસ્તહીન જણાય છે. વાતવાતમા ગુસ્સે થઈને સમતોલન ખોઈ બેસનારા માનસિક રોગીઓ કહેવાય છે. તે કોઈની દયાના પાત્ર કે ઘૃણાના પાત્ર બનતા હોય છે. સજ્જનતાની સાથે ધૈર્ય જોડાયેલું છે તેમાં સહિષ્ણુતા અને તાલમેળ સાધીને ચાલવાની દીર્ઘદૃષ્ટિનો સમાવેશ થાય છે. પરસ્પર સ્નેહ-સૌજન્ય રાખવા માટે અને સહયોગપૂર્ણ આદાન-પ્રદાન ચલાવવા માટે સ્વભાવમાં શાલીનતાનું હોવું અત્યંત જરૂરી છે તે માત્ર સમજવું જ નહીં પરંતુ વ્યવહારમાં લાવવું પણ જરૂરી છે. નિરંતર સમીક્ષા કરતા રહેવાથી અને અભ્યાસ કરતા રહેવાથી આ આદત પણ સ્વભાવનું એક અંગ બની જાય છે.

ઉદાર સહકારીવૃત્તિથી એકબીજાને મદદ કરવાની પ્રવૃત્તિને પ્રાધાન્યતા આપવામાં આવે છે. તેમાં કર્તવ્યને મુખ્ય ગણી અધિકારને ગૌણ ગણવામાં આવે છે. ઉદારતા રાખવાથી સામે જે સદ્ભાવના મળે છે તે ધનસંપત્તિ કરતાં અનેક ગણો વધારે લાભ આપનારી ઉચ્ચસ્તરની ભાવપ્રેરણા પ્રદાન કરે છે.

પ્રજ્ઞાપરિજનોએ પોતાના પરિવારમાં આ પંચશીલની સત્પ્રવૃત્તિઓનું બીજારોપણ અને વધારો કરવો જોઈએ. તમે જોઈ શકશો કે આને આધારે કેવી હરિયાળી લહેરાય છે અને કેવો કીમતી પાક ઊતરે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શરાબથી ખુદ દૂર રહો અને બીજાને દૂર રાખો

ભગવાન બુદ્ધે એકવાર કહ્યું હતું - "મનુષ્યો ! તમે સિંહની સામે જતાં ડરતા નહીં કારણ કે તે તમારા પરાક્રમની પરીક્ષા છે. તમે તલવાર નીચે માથું નમાવવામાં ડરતા નહીં કારણ કે તે તમારા બલિદાનની કસોટી છે. તમે પર્વતના શિખર પરથી પાતાળમાં કૂદી પડજો કારણ કે તે તમારા તપની સાધના છે, તમે વધતી અગનજ્વાળાઓથી વિચલિત થશો નહીં કારણ કે તે સ્વર્ગપરીક્ષા છે, પરંતુ તમે શરાબથી સાદયે ડરતા રહેજો કારણ કે શરાબ એ પાપ અને દુરાચારની જનની છે."

સમગ્ર બૂરાઈઓનું મૂળ નશો છે. સંસારમાં થયેલી હિંસાત્મક ઘટનાઓ અને નૈતિક અપરાધોનું સર્વેક્ષણ કર્યું અને તે અપરાધ કરનારાઓનું નિરીક્ષણ કરતાં જણાયું કે મોટાભાગના ગુનેગારોમાં નશાખોરીની, ખાસ કરીને મદ્યપાનની આદત બધામાં જ હતી. જે દેશોમાં મદ્યપાન વધારે થાય છે ત્યાં ગુનાઓ પણ વધારે થાય છે. અમેરિકા અને ઇંગ્લૅંડ સમૃદ્ધ દેશો છે, પરંતુ ત્યાં શરાબ પણ વધારે પીવાય છે તેથી ત્યાં ગુનાઓનું પ્રમાણ પણ વધારે છે. અહીંયાં શારીરિક અને માનસિક રોગો પણ વધારે પ્રમાણમાં જોવા મળે છે. અહીંનું પારિવારિક જીવન દુનિયાના અન્ય દેશોની સરખામણીમાં તદ્દન અશાંત અને વિગ્રહોથી સભર છે. એક સર્વેક્ષણ મુજબ અમેરિકામાં શરાબ પીનારાની સંખ્યા લગભગ ૯૦ ટકા જેટલી છે, જેમાં યુવાનોની સંખ્યા સૌથી વધારે છે. કિશોર બનતાં બનતાં તો બાળકો શરાબ પીવાનું શરૂ કરી દે છે. ઇંગ્લૅંડમાં પણ લગભગ આ જ પરિસ્થિતિ છે. જે દેશ ભૌતિક દૃષ્ટિએ જેટલો સમૃદ્ધ છે ત્યાં મનુષ્યોમાં મદ્યપાનની પ્રવૃત્તિ પણ વધારે છે.

મદ્યપાનને કારણે થતા નુકસાન અગણિત છે. તેના કારણે થતી શારીરિક, માનસિક અને આર્થિક નુકસાનની ગણતરી કરવામાં આવે તો દુષ્પ્રવૃત્તિને કારણે અસાધારણ નુકસાન જોવા મળે છે. તે નુકસાન પૂરી ન શકાય તેવું છે. માનવજીવનની સૌથી મોટી સંપત્તિ વિવેક છે અને મદ્યપાનથી સૌથી મોટું નુકસાન એ છે કે તેનાથી મનુષ્યની વિવેકબુદ્ધિ કુંઠિત થઈ જાય છે. વિવેકહીન જીવન પશુસમાન છે. વિવેકના અભાવમાં નીતિ-અનીતિ, સારાં-ખોટાં, કે પાપ-પુણ્યનું નિર્ધારણ કરવું શક્ય નથી. વિવેકનો અંકુશ દૂર થવાથી પાશવિક વૃત્તિઓ ફૂલેફાલે છે અને મનુષ્ય ધીમેધીમે પતનના કીચડમાં ઉતરતો જાય છે. વિવેકને માનવજીવનથી અલગ કરી દેવાથી શું બચે છે ? પશુતુલ્ય જીવન. જેનું એકમાત્ર લક્ષ્ય પેટ અને પ્રજનન હોય છે. આ બંનેની જેમ તેમ પૂર્તિ કરવા માટે તે સારા ખોટા પ્રયત્નો કરતો રહે છે. આના માટે તે અનીતિનો માર્ગ અપનાવતાં કે હિંસાત્મક કાર્ય કરતાં પણ અચકાતો નથી. તેથી જ ભગવાન બુદ્ધે શરાબને સમસ્ત પાપોની જનની કહ્યો હતો. આનાથી ગર્ભમાં અન્ય ખરાબીઓ જન્મે છે. પોષાય છે અને બળવાન બનીને વ્યક્તિગત, પારિવારિક અને સામાજિક જીવનના મૂળ કાપતી રહે છે.

મદ્યપાનથી સામાજિક અને કૌટુંબિક જીવન પર પણ પ્રભાવ પડે છે. દુષ્પ્રવૃત્તિઓ ફેલાય છે, સાથેસાથે શરાબીને પણ વ્યક્તિગત નુકસાન ઘણું થાય છે. અહી શરાબને કારણે થતા શારીરિક, માનસિક કે આર્થિક નુકસાનનો કદાચ ઉલ્લેખ ન કરવામાં આવે તો પણ પોતાના પ્રત્યે લોકોનો વિશ્વાસ ગુમાવી દેવો પણ એક એટલું મોટું નુકસાન છે કે જેની પૂર્તિ શક્ય નથી. પ્રતિભાશાળી તથા શક્તિશાળી હોવા છતાં પણ શરાબની આદતને કારણે તેનું ચારિત્ર્ય સંદિગ્ધ બની રહે છે. કોઈ પણ પવિત્ર મનુષ્ય તેના પર વિશ્વાસ કરતો નથી. ચારિત્ર્યની સંદિગ્ધતા (અવિશ્વસનીયતા) મનુષ્યની સૌથી મોટી હાર છે. પ્રતિભાની અને સમૃદ્ધિની દૃષ્ટિએ શોધવામાં આવે તો ઘણા શરાબીઓ મળી જશે પરંતુ તેમની આ દુષ્પ્રવૃત્તિને કારણે લોકોના મનમાં તેમના પ્રત્યે સદાયે અવિશ્વાસ અને તિરસ્કારનો ભાવ રહે છે.

કૌટુંબિક અને સામાજિક જીવન પર મદ્યપાનની ખૂબ ઘાતક અસર પડે છે. કુટુંબની આર્થિક વ્યવસ્થા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ડગમગવા લાગે છે. શરાબી બાપ પોતાનાં બાળકો પ્રત્યેની જવાબદારીઓ પૂરી કરી શક્તો નથી. પરિણામે તે સંતાનના ભવિષ્ય સાથે ચેડાં કરે છે. વ્યવસ્થિત દેખરેખ અને લાડપ્યારના અભાવમાં બાળકો કુસંસ્કારી અને ઉદ્દંડ બની જાય છે. આગળ જતાં આ જ બાળકો ગુનેગાર બની જાય છે. બાળકોના ભવિષ્યને અંધકારમય બનાવવાનું પરોક્ષ કારણ બાળકોના શરાબી પિતા જ હોય છે. આ એક બહુ મોટો સામાજિક અને નૈતિક અપરાધ છે.

નશાખોરીમાં ઉત્તેજના અને સ્ફૂર્તિનો એક માત્ર ગુણ હોવાનું કહેવાય છે. પરંતુ નશા દ્વારા ઉત્પન્ન કરાયેલી ઉત્તેજના તો એક પ્રકારની માનસિક વ્યાધિ છે, જે માનસિક સમતોલનનો નાશ કરી નાખે છે. અસમતોલ મન શરીર પરનો કાબૂ પણ ગુમાવી બેસે છે. માનસિક રૂપે ઉત્તેજિત અસમતોલ વ્યક્તિ યુદ્ધમાં બહાદૂરી બતાવવાની તો દૂર રહી પરંતુ પોતાના પર કાબૂ રાખવામાં પણ અસમર્થ રહે છે. મદહોશીનું નામ સાહસ હોય તો ઇતિહાસનાં પાનાં પર સાહસિકોની શ્રેણીમાં શરાબીઓનું નામ સૌથી આગળ હોવું જોઈએ. યુદ્ધોનો ઇતિહાસ બતાવે છે કે જો મદ્યપાન ન કર્યું હોત તો યુદ્ધોના પરિણામ કંઈક જુદાં જ હોત. શરાબ જ પરાજયનું કારણ બન્યો.

પ્રથમ વિશ્વયુદ્ધનો એક પ્રસંગ છે. જર્મન સૈન્ય ખૂબ તેજ ગતિએ ફ્રાંસમાં ધૂસી રહ્યું હતું. પૅરિસની નજીકના ગામડાં જર્મન સૈનિકોના તાબામાં થઈ ગયા હતાં. થોડાંક જ કલાકોમાં પેરિસ પણ જર્મન સૈનિકોના અધિકાર હેઠળ આવી જવાનું હતું. પરિસ્થિતિની પ્રતિકૂળતા જોઈને ફ્રાંસની સેનામાં નાસભાગ મચી ગઈ હતી. સેનાના કમાન્ડરે પૅરિસ છોડી દેવાની વાત કહેતાં કહેતાં કર્મચારીઓને આદેશ કર્યો કે શરાબના જેટલાં પણ ગોદામો છે તેને ખુલ્લાં કરી દેવામાં આવે. આની પાછળ તેની બુદ્ધિમતા છુપાયેલી હતી. જર્મન સૈનિકો પૅરિસ શહેરમાં પ્રવેશ્યા. ગોદામોમાં ભરેલા શરાબને જોઈને પીવાની લાલચ રોકી શક્યાં નહીં. બધાએ ભરપૂર શરાબ પીધો. પરિણામ એ આવ્યું કે સૈનિકોની શારીરિક કે માનસિક સ્થિતિ યુદ્ધ કરવા જેવી રહી નહીં. ત્રણ ડીવીઝન જર્મન સૈનિકોને શરાબને કારણે ફ્રાંસના સૈનિકોની ગોળીઓનો ભોગ બનવું પડ્યું. ફિલ્ડ માર્શલ 'ક્રાઉન પ્રિન્સે જર્મનીની તે હારનું કારણ સૈનિકોના વધારે પડતાં મદ્યપાનને ગણાવ્યું છે.

નેપોલિયનની બાબતમાં કહેવાય છે કે જે સમય તે વૉટર લૂના મેદાનમાં દુશ્મનોથી ઘેરાયેલો હતો તે સમયે તેનો સેનાપતિ શરાબના નશામાં ચૂર થઈને પડ્યો હતો. નેપોલિયનની મદદ માટે તે પહોંચી શક્યો નહીં. પરિણામે નેપોલિયન પકડાઈ ગયો. બીજા વિશ્વયુદ્ધમાં ફ્રાંસના ફિલ્ડ માર્શલ તૈતેએ પોતાની સેનાના હારનું કારણ દર્શાવતાં એક પ્રસારણમાં કહ્યું હતું કે સૈનિકોનું વધારે પડતું મદ્યપાન અમારી હારનું કારણ છે.''

મદ્યપાનથી શારીરિક અને આર્થિક નુકસાનની સાથે માનસિક સંતુલન અને આત્મસંયમ પણ સમાપ્ત થઈ જાય છે. સંયમના અભાવે મનની લગામ ઢીલી પડી જાય છે. તે દુષ્પ્રવૃત્તિઓ તરફ આગળ વધતો રહે છે. આમ સૈનિકો માટે મદ્યપાન કરવું દરેક દૃષ્ટિએ નુકસાનકારક છે. દેશની સુરક્ષા જેવી મહત્ત્વપૂર્ણ જવાબદારી દેશના સૈનિકો પર હોય છે. જ્યારે તેમને આ દુષ્પ્રવૃત્તિઓની ખરાબીઓની જાણ કરાવાય અને જેમાં સશક્ત અને સાહસી થવાની આશા આપવામાં આવે છે તેવા ભ્રમનું નિવારણ કરવામાં આવે તો જ તેઓ આ જવાબદારીઓનું વહન કરી શકે છે.

વિશ્વના સમસ્ત મૂર્ધન્ય વિચારકો, બુદ્ધિજીવીઓ અને આપ્તવચનીઓએ આ બધી જ ખરાબીઓનું મૂળ મદ્યપાનને ગણ્યું છે. મહાત્મા ગાંધીએ કહ્યું હતું - ''જો મને એક કલાક માટે પણ સંપૂર્ણ ભારતનો અધિનાયક બનાવી દેવામાં આવે તો સૌ પ્રથમ તો શરાબની જેટલી દુકાનો છે તેટલી દુકાનો કોઈ પણ જાતનું મહેનતાણું લીધા વિના બંધ કરાવી દઉં.'' બાઈબલ કહે છે કે - ''તું એ જાણી લે કે તું મદ્યપાન નહીં કરીને પરમ પિતા પરમાત્માના ગુણોને પોતાના અંદર અવતરિત કરીશ.'' હજરત મોહમ્મદનું અભિવચન છે - ''અલ્લાહએ શરાબ પર લ્યાનત ફરમાવી છે. પીનાર અને પીવડાવનાર પર, વેચનાર અને ખરીદનાર પર અને કોઈ પણ પ્રકારનો સહયોગ આપનાર પર પણ લ્યાનત ફરમાવી છે.''


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પરમવંદનીય માતાજીની અમૃતવાણી - માતૃવાણી

# ભગવાન ભાવના ભૂખ્યા હોય છે

(આસો નવરાત્રિ ૬-૧૦-૧૯૮૪ના રોજ આપેલું પ્રવચન)

ગાયત્રી મંત્ર અમારી સાથોસાથ બોલો.

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

**સજ્જનો અને દેવીઓ !**

જ્યારે વરસાદ આવે છે ત્યારે વાદળો ઘેરાઈ જાય છે અને સર્વત્ર વર્ષા થાય છે. શું વાદળો કદી પક્ષપાત કરે છે ? કરતા નથી. તે તો સર્વત્ર વરસે છે. જ્યાં કોઈ પણ જગ્યાએ પાત્ર મળે છે, તે ત્યાં પાણી ભરી દે છે. જ્યાં પાત્રતાની ઊણપ હોય છે, ત્યાં પાણીની ઊણપ જણાય છે. આપણા જીવનમાં જેટલી વધુ પાત્રતા હશે, તેટલી જ આપણા જીવનમાં સમૃદ્ધિ આવે છે. જો આપણા જીવનમાં શ્રદ્ધા હશે તો ભગવાન આપણી પાસે ખેંચાઈને દોડી આવશે. ભગવાન હંમેશાં આપણી પાસે જ રહે છે. થોડા દિવસો પહેલાં મેં કહ્યું હતું, જોકે આ શબ્દ થોડા અલગ પડી જશે. અમારાં બાળકો ઘણીવાર કહે છે - અરે માતાજી ! ગુરુજીનાં દર્શન થયાં નથી. તો શું તમે હાડ-માંસની આંખોથી દર્શન કરવા આવ્યા હતા ? તો માતાજી કોનાથી કરીએ ? હું તમારી સામે બેઠી છું. આજે મારો અહીં બીજો દિવસ છે. પરંતુ મને અનુભવ થઈ રહ્યો છે - મારા દેવતા મારી પાસે બેઠા છે. તમને કેમ દેખાતા નથી. તમે તમારી મનની આંખોને ખોલીને જુઓ, તો તમને જણાશે કે ગુરુજી તમારી સાથે છે. તમે તે 'દષ્ટિ અને ચિંતન'ને લઈને ચાલો, જેના માટે તેમણે તપ કર્યું. બાળકોનું દુઃખ-દર્દ અમારું દુઃખ-દર્દ છે. કોઈ કહે છે કે માતાજી અમને ગુરુજીનાં દર્શન થવાં જોઈએ. કેમ બેટા ! જેમ અમારા માટે તું છે, તેમ જ બીજાં છે. અમારા માટે સમગ્ર વિશ્વ એક સમાન છે. પછી આવું કેમ હોઈ શકે છે ?

બેટા, ભાવનાઓની આપ-લે જે સામે થાય છે, તેનો અધિકાર વિશેષ હોય છે. તમે કેટલાં વર્ષોથી અમારી સાથે જોડાયેલ છો ? તમારો અધિકાર પહેલો છે. જો માતા-પિતાની થાળીમાં ભોજન પીરસવામાં આવે છે અને બાળક સામે બેઠેલું હોય, તો મા-બાપ ખાઈ શકતા નથી. તેમનું મોં ખાશે નહીં. અરે, અમારા અતિથિ-અમારાં બાળકોને અમારી સામે ભૂખ્યા પડ્યાં હોય તો અમે કેમ કરીને ખાઈ શકીએ છીએ. એવા વિરલા જ હશે, જેઓ બાળકોને મૂકીને ખાઈ લેશે. તમે અમારા પરિજનો છો, અમારાં બાળકો છો, અમારા અતિથિ છો. તમે અમારે ત્યાં 'શાંતિકુંજ'માં આવ્યા છો, તો ખાલી હાથે કેમ જશો. તમને પાત્રતાને અનુરૂપ અવશ્ય મળશે. તમે તમારી સફાઈ આ દષ્ટિથી કરશો. જો તમે અહીં કામના લઈને આવ્યા છો, દુઃખ-દર્દ કઠિનાઈ લઈને આવ્યા છો, તેનું શું થયું ? મારે એ કહેવું પડશે કે તમારી આંખોની સફાઈ થઈ ગઈ. અમે હંમેશાં મેળવ્યું છે, પરંતુ રાત્રે ખાલી હાથ સૂતા છીએ, કારણ કે દિવસપર્યંત લુંટાવ્યું છે. હું તમને વિશ્વાસ અપાવું છું કે જે અમારાથી થઈ શકશે, તે તમારા માટે જરૂરથી કરવામાં આવશે.'

એક વૃક્ષ પર કબૂતર અને કબૂતરી બેઠા હતાં. એક ભૂખ્યો શિકારી તે વૃક્ષ નીચે સૂતો હતો. તેણે કહ્યું હું ત્રણ દિવસથી ભુખ્યો છું. આ સાંભળીને કબૂતર અને કબૂતરીએ પરસ્પર કહ્યું કે આ શિકારી આપણો મહેમાન છે. આપણે હોઈએ અને એ ભૂખ્યો રહી શકે નહીં. શિકારીએ ઠંડીથી બચવા માટે અગ્નિ પ્રગટાવ્યો હતો. કબૂતરે શિકારીને કહ્યું, "તમે અમારા મહેમાન છો, અમારી ફરજ છે કે અમે તમારી ભૂખ મિટાવીએ. અમે બંને અગ્નિમાં કૂદીને સ્વયંને શેકી દઈશું. તમે અમને ખાઈને તમારી ભૂખને શાંત કરી લેશો." બંને અગ્નિમાં કૂદી પડ્યા. શિકારીની આંખમાં આંસુ આવી ગયાં. તેણે કહ્યું કે આપણે આ નિર્દોષ પક્ષીઓને મારીએ છીએ. જો કબૂતર અને કબૂતરી બંને માનવતા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ધરાવે છે, તો આપણે મનુષ્યોમાં કેમ ન હોઈ શકે ? તેણે તે જ સમયે પોતાનું ધનુષબાણ ફેંકી દીધું. જો તમે ભગવાનના ભક્ત હો તો ભગવાને જે કાર્યો તમને સોંપ્યાં છે તેમને પૂરા કરો. અમે તમને વિશ્વાસ અપાવીએ છીએ કે જે કંઈ તપનાં મૂડી અમારી પાસે હશે, તેમાં તમે ભાગીદાર છો.

મેં તમને વાદળનું ઉદાહરણ આપ્યું તેનો અર્થ છે પાત્રતા. જ્યાં સુધી આપણી પાત્રતા વિકસિત થતી નથી ત્યાં સુધી ભગવાન તો શું મનુષ્ય પણ આપણી પાસે આવશે નહીં. એવું કહેવાય છે કે જ્યારે વર્ષા થાય છે ત્યારે કેળમાં કપૂર, છીપમાં મોતી, કાળા સાપમાં મણિ અને વાંસમાં વંશલોચન પેદા થાય છે. તમે આ સિદ્ધાંત સમજી લેશો. જ્યાં સુધી મોં ખુલ્લુ નહી હોય, ત્યાં સુધી કોઈ પણ ટીપું કોઈ વસ્તુમાં પ્રવેશ કરી શકતું નથી. તેથી તમે તમારી સિદ્ધિઓને વિકસાવો. જ્યારે તમે તમારી અંદર પાત્રતા વિકસાવી લેશો, ત્યારે તમે ગાયત્રી માતાની આરાધના માટે યોગ્ય બનશો. તમે અહીં અનુષ્ઠાન કરવા માટે આવ્યા છો, તો કોના સંરક્ષણ હેઠળ કરી રહ્યા છો, જેમના માર્ગદર્શન નીચે અનુષ્ઠાન કરી રહ્યા છો તેમની ઉપયોગિતા સમજી લેશો તો સફળતા તમારા ચરણોમાં આળોટશે. જ્યાં સુધી તમે સચ્ચાઈને ઓળખશો નહીં, હવામાં ઊડતા રહેશો, ત્યા સુધી તમને સફળતા મળશે નહીં.

તે દયાળુ મા વિશે શું કહીએ, તેના કરુણાના સાગરની તો વાત જ શી છે કે જેના પર તે દયાળુ બની જાય તેનો બેડો પાર કરી દે. તેણે એટલું બધું આપ્યું કે સંભાળવું મુશ્કેલ છે. માને યાદ કરતાં વેંત જ તે દયાળુ બની જાય છે. જો આપણી સ્થૂળ શરીરવાળી મા આપણને સુખ આપી શકે છે તો સરસ્વતી માની વાત જ શી કહું, તે દોડી આવશે. સમગ્ર ધરતી પર ગાયત્રી માતાની કરુણા વરસી રહી છે. કરુણાનો ક્યાંય અંત હોય છે, પરંતુ તેની સાથે સ્વચ્છતાની અને પાત્રતાની આવશ્યકતા છે. આપણા માથા પર ક્ષુદ્રતાની અને પાપની પોટલી રાખેલી છે અને ચારે તરફ ગંદકી ભરેલી છે, તો તે સમર્થ સત્તાને તમે ક્યાં બેસાડશો ? જે પુત્રનો દરવાજો મારા માટે ખુલ્લો હશે તેના ઘેર હું બેસીશ. જે સમર્પિત થઈને કહે કે તમારી આજ્ઞા અમને શિરોધાર્ય છે, તેના ઉપર ગાયત્રી માતા બેસશે.

ગાયત્રી માતા હંસ જેવા નિર્મળ, સ્વચ્છ, વિવેકવાન પ્રાણી પર બેસીને આવશે. તમે કલ્પના કરતા હશો કે ચોવીસ હજાર મંત્રનું અનુષ્ઠાન કરીશું તો મનોકામના પૂરી થઈ જશે. બેટા, અનુષ્ઠાન કરવા બદલ પૂરેપૂરા સો ગુણ તો નહીં મળે, પરંતુ પચાસ ગુણ મળશે. હું તો તમારા દિલમાં શું છે તે બતાવવા આવી છું. માતાજી, મારો બાળક ઉદ્ધત થઈ ગયો છે, મારી પત્નીની તબિયત ખરાબ થઈ ગઈ છે. બેટા, તેમાં તમારો પણ દોષ છે. શું આટલા માટે જ તમે ગાયત્રી માતાને પકડવા આવ્યા છો ? આ મા એવી છે કે જે દુઃખીઓનાં દુઃખ જોઈને જલદી પીગળી જાય છે, પરંતુ તે ચાબુક પણ રાખે છે અને કહે છે, તું આમ માનીશ નહીં. તું મને અગરબત્તી અને ફૂલ બતાવીને તારા ઘરમાં વસાવવા ઇચ્છે છે ? ભગવાન કદી પણ રુશવતખોરના કામમાં આવતા નથી. તેને રુશવત પસંદ પણ નથી. ભગવાન ભાવનાઓમાં આવે છે. જો તમારા હૃદયમાં ભાવનાઓ છે અને તમારું ઉચ્ચારણ વાલ્મીકિની જેમ રામને બદલે 'મરા-મરા' હશે અને ઊલટા જપ કરતું હશે તો પણ ભગવાન પ્રસન્ન થશે. વાલ્મીકિએ પોતાની પત્નીને કહ્યું કે મેં સંપૂર્ણ જિંદગી તમારા માટે ખર્ચી છે, તો શું તમે મારાં પાપકર્મમાં ભાગીદાર બનશો ? પત્નીએ કહ્યું, અમને ખબર નથી કે તમે શું કર્યું છે. તમે પાપ કમાઓ છો કે પુણ્ય કમાઓ છો. તમારે તો અમારું ભરણપોષણ કરવાનું છે. અમે તમારા સાથીદાર નથી. પાપ કે પુણ્યથી અથવા નૈતિકતા કે અનૈતિકતાથી કમાઓ, પરંતુ અમારા માટે લાવો. માને પૂછયું, મા, શું તું મને સાથ આપીશ. માએ કહ્યું, ના બેટા, હું તારી મા છું. તારી ફરજ અને કર્તવ્ય છે કે તું ગમે ત્યાંથી લાવ, અમારે જાણવું નથી. પુત્રને પૂછયું, મેં તમારા માટે અનૈતિક કાર્યો કર્યાં છે અને હજારો લોકોના પ્રાણ લીધા છે, તો શું તમે આ પાપમાં મારા ભાગીદાર બનશો ? પુત્રએ ના પાડી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ સાંભળીને વાલ્મીકિની આંખો પરથી અજ્ઞાનતાનો પડદો ખસી ગયો. તેમણે નારદજી સમક્ષ માથું નમાવ્યું અને કહ્યું, તમે મને સાચો રસ્તો બતાવ્યો. પ્રાયશ્ચિત્ત કર્યું ત્યારે તેઓ ઋષિ-સંત બન્યા. આ ભક્તની ઓળખ છે.

ભગવાન આપણી પાસે સ્વર્ગ આપવા આવતા નથી, બલ્કે આત્મશુદ્ધિની પ્રેરણા આપવા માટે આવે છે. હું એક વખત ગુજરાત ગઈ હતી. ત્યાં મેં જોયું કે યજ્ઞશાળામાં ગાયત્રી માતા આવી છે. તે ગાયત્રી માતા કેવી રીતે આવી ? જે કોઈ સ્ત્રી અને પુરુષ આવતું, તેની પીઠને લાલ કરી દેવામાં આવતી. બેટા, આ જુલમીઓનો અધ્યાત્મ છે. આ માનવતાનો અધ્યાત્મ નથી. જ્યારે મનુષ્યમાં અધ્યાત્મ જાગશે ત્યારે તે ભગવાનનું સ્વરૂપ બની જશે. તે ભગવાન જેવું કાર્ય કરશે.

ભગવાને મનુષ્યને જે અમૂલ્ય જીવન આપ્યું છે તે સ્વાર્થપરાયણતા માટે નથી. પોતાનું અને સમાજનું ભલું કરવાનું છે. 'એક હાથમાં માળા, તો બીજા હાથમાં ભાલો' રાખવાનો છે. આ આપણી આત્મશુદ્ધિ માટે છે. ગાયત્રી માતા જ્યારે આપે છે ત્યારે બેસુમાર આપે છે. તે કોને આપશે ? જેની પીઠ હંસ સમાન ઉજ્જ્વળ છે તેને આપશે. જ્યારે ગાયત્રી માતા તમારા ઉપર પ્રસન્ન થઈ જશે ત્યારે તમે શાંત બેસી શકશો નહીં. જો તમારી આત્મશુદ્ધિ થઈ જાય તો સમજશો કે ગાયત્રી માતા તમારી પાસે આવી ગઈ છે. ભગવાન હંમેશાં ઉદારતા, કરુણા અને દયાના રૂપમાં આવે છે. તમે વાલ્મીકિ અને સંત એકનાથ જેવા બની જાઓ.

એક વખત સંત એકનાથ રામેશ્વરમ્ જઈ રહ્યા હતા. તેમના હાથમાં ગંગાજળ હતું. મનમા ભાવનાઓ હતી કે ભગવાન પર ગંગાજળ ચઢાવીશું. રસ્તામાં એક ગધેડો તરસથી તડપી રહ્યો હતો. સંતે મનમાં વિચાર કર્યો, આ ગંગાજળથી હું ગધેડાની તરસ બુઝાવું કે ભગવાનને સ્નાન કરાવું. મનની અંદરની ક્ષુદ્રતાએ કહ્યું, ગધેડો તો એક નીચ પ્રાણી છે, તો તેની શા માટે સેવા કરું ? ભગવાનને ગંગાજળ ચઢાવવું. પરંતુ અંદરના દેવતાએ કહ્યું, ના એમ વર્તી શકાય નહીં. અમારી સામે જે ગધેડો તરસથી તડપી રહ્યો છે, તે તો ભગવાનનું જ રૂપ છે. સમગ્ર પાત્રનું ગંગાજળ ગધેડાને પીવડાવી દીધું. ગધેડાએ પૂછયું, તમે તમારા ભગવાનને મળવા રામેશ્વરમ્ જઈ રહ્યા હતા, તો મને કેમ જળ પીવડાવ્યું ? એકનાથે કહ્યું, હા, હું ભગવાનને મળવા જઈ રહ્યો હતો, પરંતુ તમે તરસ્યા હતા તેથી તમને ગંગાજળ પીવડાવી દીધું. ગધેડાએ કહ્યું, એકનાથ હું જ રામેશ્વરમ્ છું. આવ, હું તને હૃદયસરખો લગાડી લઉં. રામેશ્વરમે એકનાથને હૃદય સાથે લગાડી દીધા.

ભગવાન આપણી પાસે વિશ્વસંવેદનાના રૂપમાં આવશે. તે આપણને અંદરથી પ્રેરિત કરશે કે આપણે કંઈ કરવું જોઈએ, આપણે આપણા આત્માની મેલી ચાદરને દૂર કરવી જોઈએ. જ્યાં સુધી આવરણ દૂર થશે નહીં ત્યાં સુધી ભગવાન આવશે નહીં. જ્યારે અંગારા પર એક રાખનું પડ જામી જાય છે ત્યારે તે અંગારો ખાસ ગરમી પહોંચાડતો નથી. તમે જ્યારે અંગારા પરની રાખને હટાવી દેશો ત્યારે અગ્નિનું વાસ્તવિક સ્વરૂપ જોવા મળશે. તમે અગ્નિ પાસે બેસશો તો તમારી ઠંડી દૂર થશે. જો તેને પકડશો તો દાઝી જવાશે. આપણા આત્માનું આવરણ દૂર થઈ જાય એ જ અધ્યાત્મ છે, એ જ આત્માનું મિલન છે. જો આપણે આવરણ દૂર કરીશું નહીં તો નીચ પ્રકૃતિના બની રહીશું. ભગવાન સાથે આપણું મિલન થશે નહીં. મેં તમને ભગવત્ પ્રાપ્તિનો રસ્તો બતાવ્યો છે.

આપણે જીવનમાં અનેક બૂરાઈઓ કરતા રહીએ છીએ. આપણા ચારિત્ર્યના પાસાંની અનેક બૂરાઈઓ છે. એમાંથી અમને એક જ વાત સમજાઈ છે. સમાજમાં ફેલાયેલા કુરિવાજો દૂર કરવાના છે. દહેજના નામ પર સળગાવાતી કન્યાઓને બચાવવાની છે. ધર્મના નામ પર મૂંગાં પશુઓની ચઢાવાતી બલિને રોકવાની છે. અન્યનું ધન લેવાની જરૂર નથી. પરંતુ તે માટે તમારી અંદર માનવતા જગાડવાની છે. માનવતા નહીં હોય તો દહેજનું ધન લેવામાં માનવી અચકાશે નહીં. તમે જ્યારે ધ્રુવની માફક તમારી યોગ્યતા વધારશો અને ભગવાન પ્રાપ્તિના લક્ષ્ય તરફ આગળ વધશો ત્યારે જીવનને સફળ બનાવી શકશો. તમે પ્રહ્લાદ અને સંત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તુલસીદાસના જીવન દ્વારા પ્રેરણા મેળવો.

સંત તુલસીદાસ પોતાના સમયમાં ઘણા કામી હતા, પરંતુ રામની કૃપા થવાથી તેઓ સંત બની ગયા. તેમણે તુલસીકૃત રામાયણ લખી. આ કેવું શિક્ષણ છે ? જો તુલસીદાસના જીવનમાં ભગવાન ન આવ્યા હોત, તો તુલસીદાસ આપણા જેવા ભક્તોનો ઉદ્ધાર કરવામાં સમર્થ કેવી રીતે બનત ?

સંત કબીર બિલકુલ અભણ હતા, પરંતુ જ્યારે ગુરુની તેમના ઉપર કૃપા થઈ ત્યારે તો તેઓ ધન્ય બની ગયા. તેઓ હિન્દુ અને મુસલમાનને માનતા ન હતા, પરંતુ માત્ર માનવતાને માનતા હતા. કબીરે પોતાના ગુરુને કહ્યું, તમે મને દીક્ષા આપો. ગુરુએ કહ્યું, તને એટલી પણ એટલી ખબર નથી કે તું હિન્દુ છે કે મુસલમાન. ગુરુ ચાલી ગયા. બીજા દિવસે કબીર ગંગાતટ પર જઈને પગથિયા પર સૂઈ ગયા. ગુરુ આવ્યા અને તેમના પગ કબીરની છાતી પર પડી ગયા. ગુરુએ કહ્યું, રામ-રામ આ શું થઈ ગયું. કબીરે કહ્યું, બસ મને સાચી શક્તિ મળી ગઈ. આપણા જેવું કોઈ હોત તો કહેત કે કેવો જુલમી છે, જેણે મારી છાતી પર પગ મૂક્યા.

આ રીતે મીરા પણ ઓછું ભણેલી હતી, પરંતુ તેની વાણીમાં અદ્‌ભુત ચમત્કાર હતો. જ્યારે તેની અંદર ભક્તિ જાગી ગઈ ત્યારે કૃષ્ણ ભગવાન મીરાની સાથે નાચવા અને રાસ રમવા લાગ્યા. તેણે ભક્તિના બદલામાં કૃષ્ણને ખરીદી લીધા હતા. આ ભક્તની પરિભાષા છે. ભક્તોમાં મીરા અગ્રણી છે. ભક્તિના પ્રભાવથી ઝેર પણ અમૃત બની ગયું.

આ રીતે ભક્ત રૈદાસ હતા. તેઓ જાતિના મોચી હતા. તેમણે પણ ભગવાનની ભક્તિ કરી હતી. તેઓ જોડા સીવતા હતા. તે જોડા સીવવાના કામને પણ ભગવાનની પૂજા માનીને કરતા હતા, પરંતુ તમે લોકો તો દવાઓમાં પણ ભેળસેળ કરો છો. કામને મ્યુનિસિપાલિટીનું કામ માનીને કરો છો. શું આપણે ભગવાનને દગો કરીશું. સારું કામ કરનાર વ્યક્તિ ભગવાનનું સ્વરૂપ બની જાય છે. પછી તેણે સારું કામ કરવું જ પડે છે.

બેટા, ગુરુજીના હૃદયમાં ભગવાન વિરાજમાન છે. તેમણે ભગવાનને કદી છોડ્યા નહીં. તેમણે ભગવાનને પોતાની અંદર જોયા. ગાયત્રી માતા તેમને દરેક સમયે પ્યાર કરે છે. તે તેમની રગેરગમાં વસેલા છે. એવું શું કારણ છે કે ગાયત્રી માતાની મહેરબાની છે ? બેટા, ગુરુજીએ ગાયત્રી માતા ઉપર પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું છે. ૧૫ વર્ષની ઉંમરથી લઈને આજે ૭૫ વર્ષની ઉંમર સુધીની તમે કલ્પના કરી શકો છો. તમે જાણશો તો રડી પડશો. શું તમે એમ સમજો છો કે ગાયત્રી માતા ગુરુજીની પાસે એમ જ આવી ગયા. ના, બીજ જ્યાં સુધી પોતાને ઓગાળતું નથી ત્યાં અંકુરિત થતું નથી અને વૃક્ષ બની શકતું નથી. તેનુ સર્વસ્વ હોમાઈ જશે.

હું તમને ગુરુજીનું ઉદાહરણ આપી રહી છું. હું એક નારી છું, પત્ની છું. મારી રગેરગમાં તેઓ સમાયેલા છે. આ જ સાચો સિદ્ધાંત છે. સ્વયંને બીજની જેમ ઓગળી દેવાનું છે. બેટા, પહેલાં કાંટા-જાખરા સાફ કરો. આ પથરાળ ભૂમિ છે. એમાં તમે જે કોઈ બીજ વાવશો, તે નષ્ટ થઈ જશે. જ્યારે તમે સાફસૂફી કરીને બીજ નાખશો, ત્યારે તે પૂરી શક્તિથી અંકુરિત થશે. જ્યારે ભૂમિ સ્વચ્છ હશે ત્યારે એક ચમત્કાર પેદા થશે. તેથી અંતઃકરણની ભૂમિમાં જે મેલ છે તેને સાફ કરો. આપણા મનુષ્ય જીવનમાં અનેક ભૂલો થતી રહે છે. એથી અમે વારંવાર કહીએ છીએ કે તમારે સાફસૂફી કરવી પડશે. તમારે ભૂલો અંગે સજાગ રહેવું પડશે. અગાઉ ભૂલ કરીને આવ્યા હતા, તેથી તમારા મનને સાફ કરો. ભવિષ્ય માટે સંકલ્પ કરો કે જે ભૂલો અમારાથી આજ સુધી થઈ છે, તે હવે પછી થશે નહીં.

એક વખત ભગવાન બુદ્ધની પાસે એક વ્યક્તિ આવ્યો. તે કહેવા લાગ્યો કે મને ભગવાનને મળવાનો કોઈ રસ્તો બતાવો. બુદ્ધે કહ્યું, તું મારી સાથે ચાલ. તે વ્યક્તિમાં અંદરથી જાણવાની જિજ્ઞાસા હતી. તે ભગવાન બુદ્ધની સાથે નીકળ્યો. એક પરિવારના ઘેર જઈને ભિક્ષા માગી. તેમના કમંડળમાં છાણ હતું. કોઈએ ખીર આપી તેને પણ તેમાં નંખાવી દીધી. જે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કોઈએ કંઈ પણ આપ્યું તે બધું કમંડળમાં નાખી દીધું. તે વ્યક્તિએ આ બધું જોઈને કહ્યું કે તમે આ શું કરી રહ્યા છો ? તમે ભગવાન વિશે શું જાણો છો અને તમે મને શું બતાવી શકો છો ? તમે તો પાગલની જેમ વર્તન કરો છો. તમે છાણના કમંડળમાં ખીર નંખાવી. આ તો કંઈ પણ ન રહ્યું. ભગવાન બુદ્ધે કહ્યું, બેટા, આ જ સિદ્ધાંત છે. જો ભક્તના મગજમાં છાણ ભરેલું છે, તો ભગવાન તેના અંતઃકરણમાં ક્યાંથી આવશે. તે તો છાણમાં જ સમાઈ જશે. ભગવાન તારા અંતઃકરણમાં આટલે બધે દૂરથી આવ્યા અને તારા ઉપર કોઈ અસર નથી.

એક છોકરો મારી પાસે આવીને કહેવા લાગ્યો, માતાજી ! હું દસ વર્ષથી ગાયત્રી માતાની ઉપાસના કરું છું, પરંતુ તે એવી નિષ્ઠુર થઈ ગઈ છે કે એક દિવસ પણ સ્વપ્નમાં આવી નહીં. બેટા, ઉપાસનામાં ગુરુજીની પૂરી ઉંમર ખર્ચાઈ ગઈ અને તું દસ વર્ષની વાત કરે છે. તું શું ગાયત્રી માતાની ઉપાસના તેને સ્વપ્નમાં જોવા માટે કરે છે ? બેટા, તું એમ કર કે ગાયત્રી માતાનો ફોટો લઈ જા અને તેને જોયા કર. પરંતુ સ્વપ્નમાં ગાયત્રી માતાને જોવાથી તારું શું ભલું થશે ? તું જ્યા સુધી તારા વિચારોને બદલીશ નહીં ત્યાં સુધી ભગવાનનો ભક્ત બની શકીશ નહીં.

ગુરુજી જ્યારે સ્નાન કરવા જઈ રહ્યા હતા ત્યારે ખોબો ભરીને જવ લઈ ગયા હતા. તેમાં એક માછલી આવી ગઈ. તેમણે માછલીને લાડપ્યાર કર્યો અને કહ્યું ઘણી પ્યારી માછલી છે. તેમણે માછલીને કમંડળમાં નાખી દીધી. માછલી કમંડળમાં મોટી થઈ ગઈ. ગુરુજીએ કહ્યું, હવે શું કરવું ? માછલીએ કહ્યું, ગુરુજી હું બંધનમાં રહી શકતી નથી. ગાયત્રી તપોભૂમિ બનાવો. ચાર વેદ લખો. ગાયત્રી તપોભૂમિ બનાવવામાં આવી અને વેદોનું ભાષ્ય કર્યું. માછલીએ ફરીથી કહ્યું, મને હિમાલય પર મોકલો. હિમાલય પર મોકલવામાં આવી, પછીથી માછલી પરત અહીં આવી ગઈ. પછી કોણ ઉઠાવશે ? કશ્યપ ભગવાન મને પોતાની પીઠ પર ઉઠાવશે. તે માછલી સમગ્ર વિશ્વમાં ફેલાઈ ગઈ. તે અસીમ શક્તિ સમગ્ર વિશ્વમાં સમાઈ રહી છે. માછલી સમુદ્રમાં ચાલી ગઈ. સમુદ્ર સીમિત નથી. જે ભગવાનનો ભક્ત હશે તે સીમિત નહીં હોય. જે સીમિત રહેશે, તેની ભક્તિ સડીને ગંધાઈ ઊઠશે.

આપણે બધા જે ભગવાનનું સ્વરૂપ સમજ્યા છીએ તે એકાંગી છે. જો તારો ઉદ્ધાર થઈ જશે તો સમગ્ર દુનિયામાંથી એક વ્યક્તિ ઓછો થઈ જશે. સારું, બતાવ કે તેં સમાજ અને વિશ્વ માટે શું કર્યું ? દુનિયાનું શું ભલું કર્યું ? ભક્તનું કલ્યાણ તેના આત્માના વિકાસના રૂપમાં થશે. વિકાસનાં બે રૂપ છે - (૧) શ્રદ્ધાનો વિકાસ (૨) નિષ્ઠાનો વિકાસ.

ગુરુ દ્રોણાચાર્યે પૂછ્યું, એકલવ્ય તું કોની પાસેથી ધનુર્વિદ્યા શીખ્યો. એકલવ્યે કહ્યું, ગુરુજી તમારી પાસે જ શીખ્યો. તમે જ મારા ગુરુ છો. ગુરુ દ્રોણાચાર્યે કહ્યું, હું તો તને શીખવવા માટે તો આવ્યો નથી. હું તો અર્જુનને વિદ્યા શીખવવા માટે વચનબદ્ધ હતો. એકલવ્યએ કહ્યું, ગુરુજી ! તમે મારા અંતઃકરણમાં રહો છો. તમે જ મને ધનુષ વિદ્યા શીખવી છે. તેમણે કહ્યું, એકલવ્ય તું ધન્ય છે અને ધન્ય છે તારી ભક્તિ. હું ગુરુ છું, પરંતુ તારી સામે વામણો દેખાઉં છું. જ્યારે આપણી શ્રદ્ધા અને ભાવના દીક્ષિત થઈ જાય છે, ત્યારે ભગવાન પણ આપણી પાસે આવે છે. જ્યાં સુધી આપણે આપણી ભક્તિમાં શ્રદ્ધા રેડીશું નહીં, ત્યાં સુધી ભક્તિ કેવળ આપણા માટે જ થશે. ભગવાનના માટે નહીં. અમે અને ગુરુજી એક છીએ. અમારી ભાવનાઓ એક છે. અમારા સિદ્ધાંત એક છે. બસ, અમારાં શરીર અલગ-અલગ છે. અમે તમારા માર્ગમાં ભક્તિને ઉતારવા ઇચ્છીએ છીએ. ભક્તિનો સાચો માર્ગ અને સ્વરૂપ આ જ છે. અનુષ્ઠાન કરવા માટે તમારે તન, મન અને જગ્યાની સફાઈ કરવી પડશે. તમે જપ કરો ત્યારે અંતઃકરણની સફાઈ કરવી પડશે. બાળકના મનમાં કોઈ કપટ કે દુર્ભાવ હોતો નથી. ભગવાનનું મન પણ બાળક જેવું કોમળ છે. ઈસુ ખ્રિસ્તને એક વખત એક વ્યક્તિએ પૂછ્યું, ભગવાન ક્યાં છે તે બતાવો. તેમણે એક બાળકને ખોળામાં લીધું અને કહ્યું


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ જ ભગવાન છે. આપણી મનઃસ્થિતિ બાળક જેવી હોય અને ભાવના તેમજ કલ્પના પણ તેવી જ હોય, ત્યારે ભગવાન મળે છે.

ભક્તિમાં આપણે અને આપણા ભગવાન સમાયેલા છીએ, એ જ ભાવના હોવી જોઈએ. પરંતુ અહીં અનુષ્ઠાન સમયમાં પણ પત્ની અને બાળકો આવી ગયાં છે એમ જણાય છે. શાંતિકુંજમાં આવીને આ ગાળામાં તમારે તમારાં બાળકો અને પત્નીને ભૂલવાં પડશે. તમારી વૃત્તિઓને શુદ્ધ કરવી પડશે. તેને સારી બનાવો. અહીં કોઈ કોઈની પત્ની નથી, કોઈ કોઈનાં બાળકો નથી. સાધનાકાળમાં માત્ર ભક્ત અને ભગવાન બેની વચ્ચે જ સંબંધ છે.

ભક્તિ અલગ હોય છે. એવી ભક્તિ કરશો નહીં કે આપણે મનસા દેવી પર જઈશું, દેવીને સ્વસ્તિક લગાડી આવીશું. ભગવાનનું સ્વરૂપ તો ઘણું ઊંચું છે. ભગવાન ઘણી ઊંચી જગ્યા પર બેસે છે. જ્યારે આપણે ત્યાં કોઈ મહેમાન આવે છે ત્યારે આપણે તેમની કેટલી બધી આગતા-સ્વાગતા કરીએ છીએ. જ્યારે આપણે એક મંત્રી આવે છે ત્યારે દુનિયાભરની સફાઈ કરીએ છીએ, સારું ખાવા-પીવાની વ્યવસ્થા કરીએ છીએ, તો ભગવાન માટે કેમ કરી શકતા નથી. શું ભગવાનનો દરજ્જો એક મંત્રી જેવો પણ નથી.

જ્યારે તમે જપ કરો તો એમ માનીને ચાલો કે તમે આપની માતાના ખોળામાં બેઠા છો. માતા તમને પોતાની છાતીથી લગાવી રહી છે. મા તમને પ્રેમ આપી રહી છે. તમે તે આનંદનો અનુભવ કરો. કેટલાંક બાળકો કહે છે કે જ્યારે અમે જપ કરીએ છીએ ત્યારે ગુરુજીને અમારી સામે બેઠેલા માનીને ચાલીએ છીએ. બેટા આ વાત ઠીક છે, પરંતુ ગુરુજીની શક્તિ અને પ્રેરણા મુખ્ય છે. ચહેરો મુખ્ય નથી. આપણું શરીર નાશવંત છે, પરંતુ ગુરુજીના બનાવેલા જે સિદ્ધાંત છે તે અમર છે. તેમના સાહિત્યમાં આગ વર્ષે છે, અમે તેનું વિસ્તરણ કરીશું. સમર્થ ગુરુ રામદાસ અને રામકૃષ્ણ પોતાના મિશનનો વિસ્તાર કરવામાં સમર્થ નીવડ્યા નહીં. વિવેકાનંદની ભક્તિએ તેનો વિસ્તાર કર્યો. જ્યારે તમે તમારી પાત્રતા વિકસાવશો ત્યારે તમારામાં તે ભક્તિ આવશે.

તમે ગુરુજી પાસે જે કંઈ માગવા આવ્યા છો, તે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મળશે. એક ગીત છે -

**પાસ રહતા હું મૈં સદા સે તેરે !**
**તૂ નહીં દેખ પાયે તો મૈં ક્યા કરું ॥**

ગુરુજીની પ્રેરણા જ આપણા માટે સર્વ કંઈ છે. તેમના લક્ષ્ય માટે જ આપણે કટિબદ્ધ છીએ, સમર્પિત છીએ. માત્ર કલ્પનાઓથી કંઈ બનતું નથી. અમને ભક્તિ, શક્તિ, સાહસ આપો, જેનાથી અમારું કલ્યાણ થાય. કાચ નહીં હીરો માગો. હીરાનું મૂલ્ય સારું છે, કાચની કોઈ કિંમત નથી. હનુમાનજીએ કહ્યું હતું, "રામકાજ કિન્હે બિના મોહિ કહાં વિશ્રામ". ભકતને ચેન કયાં પડે છે. પછી તો તે સમુદ્ર કૂદશે. લંકામાં આગ લગાડશે. સીતા માતાજીની શોધ કરીને આવશે. અંગદની જેમ લંકામાં પગ જમાવશે. જ્યાં સુધી તેની અંદર ભક્તિ ન હતી, ત્યાં સુધી તે વાનર હતા. જ્યારે તેમની અંદર ભક્તિ આવી ગઈ તો તે જ વાનર હનુમાન બની ગયા. રામના ભક્ત બની ગયા. જ્યાં સુધી ઈતિહાસમાં રામાયણનું નામ રહેશે, રામનું નામ હશે ત્યાં સુધી હનુમાનનું નામ પણ રામની સાથે લેવાશે.

શબરી રસ્તો સ્વચ્છ કરતી હતી. ઋષિ તેનો ચહેરો પણ જોવાનું પસંદ કરતા ન હતા. તેઓ તેને અછૂત કહેતા. પરંતુ તે કહેતી હતી કે મારું કર્મ તો સારું છે. ભગવાન જ્યારે આ રસ્તા પરથી જશે ત્યારે તેમના પગમાં કાંટા વાગી જશે. તેથી તે રસ્તો સાફ કરતી રહી. ભગવાન શબરીના ત્યાં આવ્યા. તેમણે શબરીના એંઠાં બોર ખાધાં. ભગવાન ભાવનાઓના ભૂખ્યા હોય છે. તેઓ કોઈની અગરબત્તીના ભૂખ્યા નથી. લક્ષ્મણે રામને કહ્યું, તમે શું કરી રહ્યા છો ? તે અછૂત કન્યાના હાથના બોર ખાઈ રહ્યા છો. રામે કહ્યું, હું તો ભક્તની ભાવનાઓ ખાઈ રહ્યો છું. તેની ભક્તિ આગળ હું નાનો છું. અધ્યાત્મનું આ જ સાચું સ્વરૂપ છે, જે મેં તમને બતાવ્યું કે ભક્તિ ખરા રૂપમાં કેવી રીતે આવે છે. તમારું ગાયત્રી માતાનું અનુષ્ઠાન નિર્વિઘ્ન રૂપથી સફળ થાઓ. તમારું જીવન ફલે-ફૂલે. જીવનમાં સંતો અને ઋષિઓ જેવી વસંત આવે. **॥ ૐ શાંતિ ॥**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# તપ બળ એકત્રીત કરો

હાલના દિવસોમાં બધા જાગૃત આત્માઓને મહાકાળે નવસૃજનમાં સહયોગ આપવા માટે ભાવભર્યું નિમંત્રણ આપ્યું છે. એટલા માટે નહીં કે તેમના વગર સૃષ્ટિનો સંકલ્પ પૂરો ન થઈ શકે. સર્વ સમર્થ સત્તાના સંકલ્પો પર જ્યાં ઉદય અસ્તથી લઈ જન્મ મરણ સુધી ચકિત કરનારા પરિવર્તન થતા રહે છે, ત્યાં તે પૂર્વ કાળમાં પણ અનેક અવસરો પર અસમતુલનને સમતુલનમાં બદલવાની વ્યૂહ રચના કરતા અને સફળ થતા રહ્યા છે. આ વખતે તેમના બળની બહાર કશું જ નથી. જરૂરી પરિવર્તનની ભવિષ્યવાણી સુનિશ્ચિત શબ્દોમાં કરી શકાય છે. જાગ્રતોને નિમંત્રણ મળવાનું તાત્પર્ય એટલું જ છે કે પોતાનું નામ. ધન્ય બની શકે અને ભાવિ પેઢી માટે આદર્શવાદી માર્ગદર્શક બનવાનું માન પ્રાપ્ત કરી શકે. ભગવાને પોતાના સાચા ભક્તોને સદાય આ જ વરદાન આપ્યું છે. અન્ય લોકોને તો મનોકામનાઓમાં રમતા રહેવા માટે રમકડાં આપી પીછો છોડાવવામાં જ ઔચિત્ય સમજ્યા છે.

ઢાળવાનું અને ગાળવાનું બેવડું કાર્ય હાલના દિવસોમાં ચાલી રહ્યું છે. મહાકાળ અણઘડ તથા જીર્ણશીર્ણને સળગાવવા, ગાળવા માટે આ દિવસોમાં વ્યસ્ત અને વ્યાકુળ છે. કાર્યનો વિસ્તાર એટલો વધારે છે કે થનાર પ્રયોજનો માટે સદકાર્યોની આવશ્યક્તા પડી છે. સહયોગીઓના સ્વલ્પ સહયોગથી પણ સફળતા સુનિશ્ચિત છે. જે આ પ્રયોજનમાં સંમિલિત થશે તેમને માનના પ્રત્યક્ષ તથા પરોક્ષ અનુદાનોમાંથી એકની પણ ખામી નહીં રહે.

આ દિવસોમાં પ્રત્યેક પ્રજ્ઞાપુત્ર જાગૃત આત્માંઓને પોતાના સ્વરૂપને સમજવા અને તેના અનુરૂપ જીવનની દિશાધારા નિર્ધારિત કરવા માટે આગ્રહ કરવામાં આવી રહ્યો છે. તેને વ્યક્તિ વિશેષનો અનુરોધ ન સમજવામાં આવે પરંતુ મહાકાળના એવા નિર્દેશ નિર્ધારણ માનવામાં આવે જેને માનવાથી આત્મિક જાગરૂકતા સાર્થક થાય છે. જે બહાના શોધશે, કંજૂસાઈની વ્યસ્તતા અને ચિંતાઓના આવરણમાં છૂપાવાનો પ્રયત્ન કરશે, તે મોં છૂપાવી લેવામાં પણ પ્રસ્તુત મુશ્કેલીઓથી બચી નહીં શકે. અમૂલ્ય સમયને ગુમાવી બેસવાની હાનિ એટલી મોટી થશે જેના માટે અનંતકાળ સુધી પશ્ચાતાપ કરવો પડશે અને તેની ક્ષતિપૂર્તિ ભવિષ્યમાં કદી પણ સંભવીત થઈ શકશે નહિં.

પૂજ્ય ગુરુદેવે લખ્યું છે કે તપ વિના શક્તિ ઉત્પન્ન નથી થતી. કથાકીર્તન, પ્રવચન, દાન પુણ્ય, તીર્થયાત્રા, યજ્ઞ આદિ સર્વે કાર્ય શુભ છે. તેના પરિણામ પણ ઉત્તમ છે, પણ આત્મબળ કેવળ તપ દ્વારા જ પ્રાપ્ત થાય છે. ઈતિહાસ સાક્ષી છે કે જે પણ દેવ દાનવે જ્યારે પણ કોઈ અલૌકિક શક્તિ મેળવી છે. મહત્વપૂર્ણ અનુદાન મેળવ્યું છે ત્યારે તેમને તપ અવશ્ય કરવું પડ્યું છે. તપથી તપેલી આત્મામાં જ તે ગરમી હોય છે જેનાથી પાપ, તાપ, દુષ્ટતા, દુર્ભાવ તથા કુસંસ્કાર બળી શકે. તપથી તપ્ત આત્મામાં જ તે પ્રકાશ ઉત્પન્ન થાય છે જેનાથી અવિદ્યા અને માયાનો અંધકાર નષ્ટ થઈ સત્ય તથા પરમાત્માનો સાક્ષાત્કાર થઈ શકે.

તપનો મુખ્ય માર્ગ ગાયત્રી છે. સૃષ્ટિકર્તા બ્રહ્માથી લઈ આધુનિક કાળ સુધીના ઋષિઓનું એકમાત્ર અવલંબન તપ રહ્યું છે. એ એવી ઊર્જા ઉત્પન્ન કરે છે. તપસ્વી જ કોઈ રાષ્ટ્રની સંપત્તિ હોય છે. અસંખ્ય નેતાઓ, વૈજ્ઞાનિકો, એન્જીનીયરો તથા ડાક્ટરોની સંમિલિત શક્તિથી જે કાર્ય નથી થઈ શકતું તે તપસ્વીઓના સૂક્ષ્મ તપના પ્રભાવથી થઇ શકે છે, રાષ્ટ્રનું સ્થાયી નિર્માણ તપસ્વી જ કરે છે. તેનું સ્થૂળ માન મોટે ભાગે કેટલીક સૌભાગ્યશાળી વ્યક્તિઓ કે સંસ્થાઓને પ્રાપ્ત થાય છે, પણ આ રહસ્યને બહુ ઓછા લોકો જાણે છે કે સૂક્ષ્મ વાતાવરણને બનાવવા તથા પ્રકટ શક્તિઓને ઉત્પન્ન કરવામાં લગભગ અજ્ઞાત તથા જન સાધારણની આંખોથી ઓઝલ રહેનાર તપસ્વી જ પ્રમુખ કાર્ય કરે છે. તપબળ દ્વારા આત્મબળની વૃદ્ધિ આજની એક મહાન તથા અત્યંત મહત્વપૂર્ણ આવશ્યકતા છે. લાગે છે કે પ્રભુ આ આવશ્યકતાને પણ અપૂર્ણ નહીં રહેવા દે.

પરમ પૂજ્ય ગુરુદેવના ગુરુદેવે પણ પૂજ્ય ગુરુદેવને પ્રથમ આજ્ઞા તપશ્ચર્યા કરવાની આપી હતી. આજે આપણે જે પણ વિસ્તાર અને કાર્ય જોઈ રહ્યા છીએ તે પૂજ્ય ગુરુદેવ તથા વંદનીયા માતાજીની તપશ્ચર્યાનું જ પ્રતિફળ છે. પૂજ્ય ગુરુદેવે લખ્યું છે કે ગાયત્રી મહાશક્તિ ભારત પુનઃ પ્રાપ્ત કરશે. આ મહાવિદ્યાના આધાર પર આપણે પોતાના ખોવાયેલ અનેક રત્નભંડાર શોધી શકીશું. તપની રાષ્ટ્રવ્યાપી અભિવૃદ્ધિ થવાથી એવા નર રત્ન બહાર આવશે જે આજની વ્યાપક સમસ્યાઓને સરળતાથી દૂર કરી શકશે.

ભવિષ્યમાં ભારતે યુગ પરિવર્તનની મહાન ભૂમિકા પ્રસ્તુત કરવાની છે. આ દેશના ભાવનાત્મક કાયાકલ્પ જ નહી પરંતુ સમસ્ત સંસારનું માર્ગદર્શન પણ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભારત ભૂમિએ જ કરવાનું છે. આ મહાન કાર્ય કરવા માટે જ મનસ્વી પ્રતિભાઓની આવશ્યકતા પડશે. તેજસ્વી વ્યક્તિત્વ જ મોટા કાર્યોનો ભાર વહન કરી શકશે. તેનું ઉત્પાદન આ દિવસોમાં આવશ્યક છે. દેવત્વની પ્રગતિમાં તપશ્ચર્યા જ માધ્યમ બને છે.

પૂજ્ય ગુરુદેવ તથા વંદનીયા માતાજીની પ્રેરણાથી જીવનની શેષ અવધિમાં સંગઠનને મજબૂત કરવા અને પૂ. ગુરુદેવની પ્રેરણાથી પ્રારંભ કરાયેલ સાત આંદોલનનાં સંકલ્પને સફળ બનાવવામાં પૂરી તાકાત લગાવવાની છે. યુગ સૈનિકોના માધ્યમથી એ આંદોલન અવશ્ય સફળ થશે. વ્યક્તિઓને સાચા અર્થોમાં આસ્તિક બનાવવાના છે. તેમને સ્વસ્થ બનાવવાના છે, પરિવારની મહિલાઓને, ભાવી પેઢીને સંસ્કારવાન બનાવવા માટે મહિલા જાગરણ અભિયાન ચલાવવાનું છે. પોતાના મનને નિર્મળ બનાવવા માટે બધી આંતરિક દુષ્પ્રવૃત્તિઓનો નિકાલ કરી બહાર કાઢવાની છે અને તેનું સ્થાન કોઈ અન્ય દુષ્પ્રવૃત્તિ ન લઈ લે એટલા માટે સત્પ્રવૃત્તિ વધારવાનો પ્રયાસ સંકલ્પબદ્ધ થઈને કરવાનો છે. ત્યારે આપણે પોતાની પાત્રતા વિકસિત કરી શકીશું. વ્યસન આપણા જીવનને બરબાદ કરી રહ્યા છે. જીવનને સુરક્ષિત, આનંદમય બનાવવા માટે બધા વ્યસનોને છોડવા અને છોડાવવાનો પ્રયાસ કરીશું. જેથી આપણી ભાવિ પેઢી તથા પરિવાર બરબાદીમાંથી બચી શકે. સમાજને ભ્રષ્ટ બનાવનાર દહેજ રૂપી રાક્ષસ, વિવાહોમાં પ્રમાદ રૂપી ભયંકર કુરીતિને દૂર કરી દેવી સ્વરૂપ કન્યાઓના જીવનની રક્ષા કરીશું અને નારીનું સન્માન કરી પોતાના ઘરોને સ્વર્ગ બનાવીશું. સામાજિક કુરીતિઓ આપણને ખોખરા કરી રહી છે. એ કુરીતિઓને દૃઢ સંકલ્પો સાથે દૂર કરીશું જેથી એક સભ્ય સમાજની સંરચનાનું સ્વપ્ન સાકાર થઈ શકે.

**આગામી નવરાત્રિ અસામાન્ય :**

પૂરા દેશમાં આગામી નવરાત્રિઓમાં તા. ૨ થી ૯ ઓક્ટોબર સુધી વિશાળ સ્તર પર અનુષ્ઠાન કરાવવાની યોજનાને કાર્યરૂપમાં ફેરવવામાં આવશે. અમને વિશ્વાસ છે કે અમારા પ્રાણવાન ભાઈઓ સદાયની માફક અમારા અનુરોધ પર વધુમાં વધુ પરિજનોથી સામૂહિક અનુષ્ઠાન સંપન્ન કરાવશે. જેથી દેશમાં એવી તપ ઊર્જા ઉત્પન્ન થઈ શકે જે યુગ નિર્માણ આંદોલન માટે અત્યંત આવશ્યક છે. યુગ નિર્માણ જેવા મહાન કાર્ય માટે આ તપ ઊર્જાના ઉત્પાદનનું મહત્વ અમારા બધા ભાઈ-બહેનો સારી રીતે સમજે છે. આ પ્રારંભિક ચરણ છે અને એના પર ભવિષ્યમાં થનાર કાર્યક્રમોની સફળતા નિર્ભર રહેશે તેથી આ કાર્યને પ્રાથમિકતા આપી અત્યારથી સાધક તૈયાર કરવા, જે સામૂહિક અનુષ્ઠાનમાં સામેલ થઈ એક એક લઘુ અનુષ્ઠાન ૨૪૦૦૦ જપ અથવા ૨૪૦૦ ગાયત્રી મંત્ર લેખન અથવા ૨૪૦ ગાયત્રી ચાલીસા પાઠ કરી સંપન્ન કરી શકે. ઘેર-ઘેર સંપર્ક કરી એવા સાધકોની સુચી તૈયાર કરવામાં આવે તથા નવરાત્રિઓમાં કોઈ યોગ્ય સ્થાને સામૂહિક અનુષ્ઠાનની વ્યવસ્થા બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. અનુષ્ઠાન ઉપરાત બધાને નિયમિત સાધનામાં ત્રણ માળા ગાયત્રી જપ અથવા ચાલીસા પાઠનો સંકલ્પ કરાવવો. સર્વે સાધકોને યુગ શક્તિ ગાયત્રી અથવા યુગ નિર્માણ યોજના (હિન્દી) ના વાર્ષિક અથવા આજીવન સદસ્ય બનાવવાનો પ્રયાસ કરવો. આ સમયે નૈષ્ઠિક સાધકોને ક્રાંતિ વિશેષાંક વંચાવી, યુગ સૈનિકનો શપથ પત્ર ભરાવી, પૂર્ણાહુતિમાં ગાયત્રી માતાના ચરણોમાં સમર્પિત કરાવવામાં આવે. જે સાધક યુગ સૈનિકની જવાબદારી ન ઉઠાવી શકે તેમને શપથ પત્ર પર 'સમર્થક' લખાવી સહયોગી બનાવે. આ શપથ પત્રોને એકત્ર કરી મથુરા મોકલવામાં આવે. અમને વિશ્વાસ છે કે પૂજ્યવરના દસ હજાર હીરમણિ પૂરા ઉત્સાહથી કાર્ય કરશે અને ઓછામા ઓછા ૧૦-૧૦ યુગ સૈનિકોથી નવરાત્રિ અનુષ્ઠાન કરાવવાનો તથા શપથ પત્ર ભરાવવાનો સંકલ્પ કરશે તો દેશભરમાં એક લાખ યુગ સૈનિકોનું વિશાળ તથા શક્તિશાળી સંગઠન આ નવરાત્રિઓમાં જ બનીને તૈયાર થઈ જશે.

બધી શાખાઓએ ઓછામાં ઓછા એક એક હજાર તથા યુગ સૈનિકોએ ૧૦૦-૧૦૦ ક્રાંતિ વિશેષાંક વંદનીયા માતાજીની પુણ્ય સ્મૃતિમાં વિતરિત કરવા માટે મંગાવી લેવા જોઈએ તથા તેને નવરાત્રિઓમાં નૈષ્ઠિક સાધકોને વિતરિત કરી યુગ સૈનિક બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. દાનવીર ભામાશાહોએ પોતાના અંતરાત્માની સહમતિ પર પોતાના ધનનો સદુપયોગ યુગ દેવતાના ચરણોમાં સમર્પિત કરીને કરવો જોઈએ. એ રીતે અન્ય ઉદાર દાનીઓએ પણ પોતાના સહયોગીઓથી ધન એકત્ર કરી આ વિશેષાંક મંગાવી નવરાત્રિની પુણ્ય વેળામાં જ્ઞાનદાન મહાકાળના પ્રસાદના રૂપમાં વિતરણ કરવા જોઈએ. ગાયત્રી શક્તિપીઠો, પ્રજ્ઞાપીઠો, પ્રજ્ઞામંડળ તથા મહિલા મંડળ પોતાના એકત્રીત ધનમાંથી ક્રાંતિ વિશેષાંક વિતરિત કરી શકે છે. ક્ષેત્રમાં સંપન્ન થઈ રહેલ સંસ્કાર મહોત્સવ યજ્ઞની સમિતિઓ ધનનો થોડો અંશ જ્ઞાન યજ્ઞમાં લગાવવાનો પ્રયાસ કરે તથા ક્રાંતિ વિશેષાંક મંગાવી યજ્ઞમાં પધારેલ વ્યક્તિઓને પ્રસાદ સ્વરૂપ વિતરિત કરે જેથી પૂજ્ય ગુરુદેવના આંદોલનની રૂપરેખા જન-જન સુધી પહોંચી શકે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**અમારા આત્મીયજનોની સલાહ એવી છે કે મથુરામાં પ્રશિક્ષણ શિબિર તથા પત્રાચારનું સશક્ત માધ્યમ પ્રારંભ થવું જરૂરી છે તથા ક્ષેત્રોમાં સંમેલન, ગોષ્ઠિઓના માધ્યમથી વાતાવરણ બનાવવું જોઈએ, તેના માટે કઈ યોજના બનાવવામાં આવી છે ?** એ સંબંધે અમારો બધાથી એ અનુરોધ છે કે આ દિવસોમાં બધા સમયદાની પરિવ્રાજક, પ્રજ્ઞાપુત્ર, શાંતિકુંજ હરિદ્વાર દ્વારા ચાલી રહેલ દેશવ્યાપી સંસ્કાર મહોત્સવો, પંચકુંડીય યજ્ઞો તથા રજતજયંતી સમારોહમાં વ્યસ્ત છે તેથી સમયદાનીઓના અભાવમાં આ વ્યવસ્થા ગાયત્રી તપોભૂમિમાં બનાવવી સંભવ નથી. પૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી **જૂન ૯૭ની અખંડ જ્યોતિમાં આપ સર્વેએ વાચ્યું હશે કે ગાયત્રી જયંતી મહાપર્વથી સાત સૂત્રીય આંદોલન ક્રિયાશીલ બનાવવા માટે શાંતિકુંજને જ છાવણીના રૂપમાં નકકી કરેલ છે તથા પાંચ દિવસીય વિશેષ પ્રશિક્ષણ સત્રો સિવાય કાર્યકર્તાઓને સમયાનુસાર ઉચિત માર્ગદર્શન આપવા માટે પત્રાચારની યોજના પણ બનાવવામાં આવી છે જેના દ્વારા પાંચ દિવસીય સત્રોમાં પ્રશિક્ષણ મેળવ્યા પછી પણ સામયિક સમસ્યાઓનું નિદાન નિરાકરણ સંભવ થતું રહે.** આપ સર્વે જૂન ૯૭ની અખંડ જ્યોતિમાં 'અપનો સે અપની બાત' મનોયોગથી વાંચી અને બધા યુગ સૈનિકોને વંચાવવાનો પ્રયાસ કરશો. મહાકાળે પ્રશિક્ષણ તથા પત્રાચારની વ્યવસ્થા હરિદ્વારમાં બનાવી દીધી છે, આપ શાંતિકુંજથી સ્વીકૃતિ મંગાવી પ્રશિક્ષણ પ્રાપ્ત કરશો અને પત્રાચારના માધ્યમથી આવશ્યક જાણકારી પ્રાપ્ત કરતા રહેશો. આશા છે કે આપ આંદોલનોને યુદ્ધ સ્તર પર ચલાવી ઐતિહાસિક ભૂમિકા નિભાવવામાં અવશ્ય સફળ થશો.

ગાયત્રી તપોભૂમિ દ્વારા આંદોલનો કેવી રીતે પ્રારંભ કરવા તેની જાણકારી પ્રતિમાસ યુગ શક્તિ ગાયત્રી પત્રિકા દ્વારા બધા યુગ સૈનિકો અને સમર્થકોને ઘેર બેઠાં મળતી રહેશે. એટલા માટે બધા યુગ સૈનિક તથા સમર્થકોએ યુગ શક્તિ ગાયત્રી અંક મંગાવવો અનિવાર્ય રાખેલ છે. પત્રિકાના માધ્યમથી પ્રશિક્ષણનું કાર્ય થતું રહેશે.

જન સમર્થન પ્રાપ્ત કરવા માટે દરેક આંદોલન પર ૧૦-૧૦ લઘુ પુસ્તિકાઓ તથા સાત પુસ્તકો ગીતોની એ રીતે ૭૭ પુસ્તકોની ક્રાંતિ પુસ્તકમાળા પ્રકાશિત કરવામાં આવી છે. તેને પ્રત્યેક યુગ સૈનિક અથવા સમર્થકના ઘરમાં ગાયત્રી જ્ઞાનમંદિરના રૂપમાં સ્થાપિત કરાવવાનો પ્રયાસ અવશ્ય કરવો જોઈએ. યુગ સૈનિકોએ આ સાહિત્ય વધુમાં વધુ ભાઈ-બહેનોને વંચાવવાનો પ્રયાસ કરવો જોઈએ. ઉદારદાની ભામાશાહોથી માંગલિક અવસરો પર સ્કૂલોમાં, પુસ્તકાલયોમાં તથા અન્ય વંચાવવાની વ્યવસ્થા કરી શકાય છે. તેનાથી જનચેતના જાગ્રત થશે. સંગઠન સુદૃઢ બનવાથી યુગ સૈનિકોના સંમેલન પણ પ્રારંભ કરીશું. આ સંમેલનોમાં અમે જાતે આવવાનો પ્રયાસ કરીશું અથવા અમારા અન્ય પ્રતિનિધિઓને મોકલતા રહીશું. એનો શુભારંભ એક લાખ યુગ સૈનિકોના સંગઠન નવરાત્રિ સુધી બન્યા પછી કરવાનો પ્રયાસ કરીશું.

હવે પત્રાચાર પણ યુદ્ધસ્તર પર થવા જરૂરી છે. તેના માટે પ્રાણવાન વિચારશીલ તથા સમાજ સેવી પરિજન તપોભૂમિ આવે ત્યાં સુધી પત્રિકાઓના માધ્યમથી પોતાની જીજ્ઞાસાઓ મોકલતા રહેશો. પત્રિકામાં એક સ્તંભ આપની જીજ્ઞાસાઓને એકત્ર કરી જવાબ આપવા બનતો પ્રયાસ કરીશું. પત્રોના માધ્યમથી મહત્વપૂર્ણ સમાધાન આપતા રહેવાનો પ્રયાસ કરીશું. પત્રિકાઓના માધ્યમથી સમાધાન મોકલવામાં સમય અને પોસ્ટેજની બચત થશે અને સમાધાન બધાને મળતા રહેશે. આપ સર્વેના આત્મીય સહયોગથી કંઈક આવશ્યક વ્યવસ્થાઓ થઈ જતાં મથુરા બોલાવી વિચાર વિનિમય સત્ર પણ પ્રારંભ કરવાનો પ્રયાસ કરીશું.

પોતાને ત્યાંના બધા યુગ સૈનિકોના સંકલ્પ પત્ર નામ અને પત્રાચારના પૂરા સરનામા મોકલતાં રહેશો. માતા ગાયત્રી, પૂજ્ય ગુરુદેવ, વંદનીયા માતાજીની અસીમ શક્તિઓ આપ સર્વેની સાથે રહેશે. આપ સાહસ અને નિર્ભયતા સાથે સંકલ્પબદ્ધ થઈ સર્વે કાર્ય કરતા રહેશો. વિશ્વાસ રાખશો કે એક દિવસ સફળતા તમારાં ચરણ ચૂમશે એવો અમને દૃઢ વિશ્વાસ છે.

-પં૦ લીલાપત શર્મા

**"ઈક્કીસવાં જોડા" ઉપન્યાસ ( હિન્દી ભાષામાં )**

પૂજ્ય ગુરુદેવની આકાંક્ષાને અનુરૂપ દહેજ દાનવ પર પ્રહાર કરવા તથા આદર્શ વિવાહોને પ્રોત્સાહન આપનાર ઉપન્યાસ "ઈક્કીસવાં જોડા" પ્રકાશિત કરવામાં આવ્યું છે. ગાયત્રી પરિવારના પ્રાણવાન પરિજનોને અમારો વિશેષ અનુરોધ છે કે આ ઉપન્યાસને નવી પેઢીના યુવા-યુવતિઓને વંચાવવામાં પોતાનો સમય, ધન તથા શ્રમનો સદુપયોગ કરશો. જો આપ લોકોના પ્રચાસથી આ ઉપન્યાસ યુવા પેઢી સુધી પહોંચ્યો તો વિવાહોમાં થતાં પ્રમાદ રૂપી રાક્ષસનો સંહાર નિશ્ચિત છે. વિવાહોમાં પ્રમાદ રૂપી અસુરનો વધ યુવા પેઢીએ જ કરવાનો છે. પરિજન આ ઉપન્યાસને યુવા પેઢી સુધી પહોંચાડવામાં કોઈ કસર ન રાખે.

ઉપન્યાસનું મૂલ્ય ૧૧-૦૦ રૂપિયા છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**બીલીમોરા જી-વલસાડ :** યુગાંતર ચેતનાના પ્રણેતા ગુરુદેવ વેદમૂર્તિ પં૦ શ્રીરામ શર્મા આચાર્યજી તથા વંદનીયા માતા ભગવતી દેવીની સૂક્ષ્મ પ્રેરણા અને આશીર્વાદથી ગાયત્રી શક્તિપીઠ દ્વારા ગુરુ પૂર્ણિમાએ લાયન્સ, લાયનિસ, જાયન્ટ્સ કલ્બોના સહયોગથી બ્લડ ગ્રુપિંગ અને રક્તદાન શિબિર દ્વારા ફક્ત ધાર્મિક યજ્ઞો જ નહિં, પરંતુ ગુરુદેવની અંતરખેવના અનુસાર માનવ સેવાના યજ્ઞો કરી જાહેર હિત અને દલિતોધ્ધારની પ્રવૃત્તિઓ દ્વારા લોક જાગ્રતિ અભિયાન કર્યું. જેમાં લાયન્સ ગ્રુપના પ્રમુખો તેમજ બહેનો અને ગાયત્રી શક્તિપીઠના ટ્રસ્ટી મંડળે ઉત્સાહથી કાર્ય કરી ગુરુપૂર્ણિમાની શ્રધ્ધાંજલિ આપી.

**આણંદ જી-ખેડા :** યુગ દ્રષ્ટા પૂજ્ય ગુરુદેવ અને વંદનીયા માતાજીની સૂક્ષ્મ પ્રેરણા આશીર્વાદથી નારાયણ કોમ્પલેક્ષ-૨ ગોપી સિનેમા સામે આણંદ ખાતે ગાયત્રી જ્ઞાન પ્રચાર સાહિત્ય સ્વાધ્યાય કેન્દ્રનું ઉદ્‌ઘાટન થયું. સરદાર એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જયકૃષ્ણભાઈએ ધ્વજારોહણ કરી જણાવ્યું કે હિન્દુસ્તાનમાં ભ્રષ્ટ્રાચારને લીધે સમાજ ખાડે જઈ રહ્યો છે ત્યારે વિષયમય વાતાવરણ દૂર કરવા સદ્‌ચિંતન કરવું જરૂરી છે. માનવ માનવ મટી દેવ થવાને બદલે દાનવ થઈ રહ્યો છે. ત્યારે તેને બચાવવા ગાયત્રી જ્ઞાન પ્રચાર સાહિત્ય સ્વાધ્યાય કેન્દ્રનો શુભારંભ માનવ જીવનને સાર્થક કરવા ઉપયોગી બનશે.

**અડતાળા જી-ભાવનગર :** ગાયત્રી પરિવાર સ્વાધ્યાય કેન્દ્રના વયોવૃદ્ધ સક્રિય પરિજન સ્વ. શ્રીરામશંકરભાઈ દવે ઉ. વ. ૮૫ની પ્રથમ પુણ્ય તિથી નિમિત્તે પુત્રોશ્રી ડોલરભાઈ તથા હર્ષદભાઈ તરફથી પ્રજ્ઞા પુરાણ પાવન કથા મહોત્સવ ગામના વિદ્યામંદિર પ્રા. શાળાના પ્રાંગણમાં રાખેલ. વક્તા તરીકે પ્રજ્ઞાપુત્ર શ્રીકીર્તિભાઈ પંડ્યાએ સંગીત વૃંદ સાથે કથાનું રસપાન કરાવ્યું. કથાની પૂર્ણાહુતિ દીપયજ્ઞના માધ્યમથી કરેલ. તેમના કુટુંબીજનોએ સ્મૃતિ રૂપે બે વૃક્ષ ઉછેરવાનો સંકલ્પ લીધેલ તે પણ પૂર્ણ કર્યો.

**ગોધરા જી-પંચમહાલ :** પરમપૂજ્ય ગુરુદેવ તથા વંદનીયા માતાજી અને વેદમાતા ગાયત્રીની અસીમ કૃપા તથા સૂક્ષ્મ પ્રેરણાથી વરીઆ જ્ઞાતિમાં ઐતિહાસિક કદમ રૂપે પ્રથમ સમૂહ લગ્નોત્સવ યોજાયો. ગાયત્રી પરિવાર ગોધરાના શ્રી સુભાષભાઈ વરીઆ, વેજલપુરના શ્રીકંચનભાઈ વરીઆ તથા અન્ય યુવા પરિજનોનાં અથગ પ્રયત્નોથી ૧૦ જોડા(વરવધુ)ના સામૂહિક લગ્ન સંસ્કાર હાલોલ મુકામે શ્રી એમ. એસ. હાઈસ્કૂલના પટાંગણમાં ઠાસરાના શ્રી પ્રવીણ પંડ્યાની ઓજસ્વી વાણી દ્વારા સંપન્ન થયો. વરીઆ સમાજની લગભગ ૬૦૦૦ જેટલી વ્યક્તિઓએ સૌ પ્રથમવાર પરિવાર દ્વારા થતા લગ્નસંસ્કારની ઝાંકી કરીને સંસ્કારનું મહાત્મ્ય સમજ્યા. લોકો ભારે આશ્ચર્યમાં ગરકાવ બની ગયા આટલું મોટું આયોજન ! આટલું સફળ આયોજન સમાજના વડીલોએ આવાં આયોજન સમાજમાં વારંવાર થાય તેવી ઈચ્છા પ્રદર્શિત કરી અને યુવા આયોજકોએ વર્ષમાં બે વાર આવાં સમૂહ લગ્નો વસંતપંચમી અને અખાત્રીજના દિવસે કરવાનો સત્ સંકલ્પ કર્યો.

**સંતરામપુર જી-પંચમહાલ :** યુગાવતાર પ. પૂ. ગુરુદેવ શ્રીરામ શર્મા આચાર્યજી તથા વંદનીયા માતાજી અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના આરાધ્યના સૂક્ષ્મ સાનિધ્યમાં સમગ્ર તાલુકા ગાયત્રી પરિવાર સંતરામપુરના પરિજનો દ્વારા ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉમંગભેર ઉજવવામાં આવ્યો. તાલુકાના એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ અને તાલુકા મામલતદાર દ્વારા ગુરુપૂજન વિધિ કરવામાં આવી. તેઓને ક્રાંતિ વિશેષાંક તેમજ સાહિત્ય જ્ઞાન પ્રસાદી રૂપે ભેટ આપેલ.

૫૦૦૦ હજાર ક્રાંતિ વિશેષાંક વિતરણ કરવા માટે ૫૦ શાખાઓને ૧૦૦-૧૦૦ અંકો વિતરણ કરવાની જવાબદારી સુપ્રત કરવામાં આવતા દરેક પ્રજ્ઞામંડળના ૫-૫ સભ્યો ૨૦-૨૦ અંકોનું વિતરણ કરી ૫૦૦૦ અંકો સમગ્ર તાલુકાના ૪૦૦ ગામોમાં પહોંચાડવા વ્યુહરચના ઘડવામાં આવી.

**હિંમતનગર જી-સાબરકાંઠા :** ગાયત્રી જયંતી પર્વે પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રદ્ધા સ્મારકના ઉદ્‌ઘાટન પ્રસંગે શાખાની બહેનોએ ભાગ લીધો. તે મુજબ શાખાની ગોષ્ઠી લઈ શ્રાવણ સુદી એકમ થી રક્ષાબંધન સુધી રચનાત્મક કાર્યક્રમનો સંકલ્પ લેવામાં આવ્યો. ક્રાંતિ વિશેષાંકના કાર્યક્રમો દ્વારા સામાજિક ઉત્થાનની પ્રવૃત્તિ મહાવીર નગરની ત્રીસ સોસાયટીઓમાં શરૂ કરી.

**વલસાડ :** બેચર રોડ ગાયત્રી પ્રજ્ઞા પરિવાર સંગઠને આ વર્ષે યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના ૫૧ આજીવન ગ્રાહકો બનાવી પૂજ્ય ગુરુદેવના ચરણોમાં શ્રધ્ધાંજલિ આપી, ૧૦૮ નવા આજીવન સદસ્ય બનાવવાનો સંકલ્પ કરેલ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.